અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૦૧ માર્ચ ૨૦૨૫, શનિવાર
વિક્રમ સંવત ૨૦૮૧, ફાગણ સુદ ૨
વર્ષ : ૧૬
અંક : ૨૩૮
તંત્રી : પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ
કિંમત : રૂા. ૨.૦૦
પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

## શેરબજારમાં હાહાકાર, સેન્સેક્સમાં એક હજાર પોઈન્ટનો કડાકો, નિફ્ટી પણ તૂટ્યો

### સેન્સેક્સ ૧.૯૦ ટકા ઘટીને ૭૩૧૯૮.૧૦ પર બંધ : બીજી તરફ, નિફ્ટી ૪૨૦.૩૫ પોઈન્ટ અથવા ૧.૮૬ ટકા ઘટીને ૨૨,૧૨૪.૭૦ પર બંધ

। (એજન્સી) મુંબઈ, તા.૨૮ ।

શેરબજારમાં છેલ્લાં ઘણા સમયથી કડાકાની સ્થિતિ જોવા મળી રહી છે ત્યારે આજે પણ સેન્સેક્સ અને નિફ્ટીમાં મોટો ઘટાડો જોવા મળતાં રોકાણકારો હતાશ થયા હતા અને મોટું નુકસાન સહન કરવાનો વારો આવ્યો હતો. આજે શેરબજાર ખુલતાં જ તેમાં ૧૦૧૦ થી વધુ પોઈન્ટનો કડાકો બોલાઈ ગયો હતો. જ્યારે નિફ્ટીમાં પણ ૩૨૦ પોઈન્ટથી વધુનો કડાકો બોલાઈ જતાં રોકાણકારો નિરાશ થયા હતા અને સ્ટોક માર્કેટ કેપમાં મોટાપાયે ઘટાડો થયો હતો.

અત્યાર સુધીની માહિતી અનુસાર ટોપ લૂઝર્સ શેર્સની વાત કરીએ તો ઈન્ડસઈન્ડ બેંક, ટેક મહિન્દ્રા, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, વિપ્રો અને એચસીએલ ટેકના શેર્સમાં ૫થી ૩ ટકા સુધીનો કડાકો નોંધાઈ ચૂક્યો છે અને આ તમામ સ્ટોક્સ નુકસાન સાથે ટ્રેડ થઈ રહ્યા છે. જ્યારે આવા કડાકાવાળી સ્થિતિમાં પણ ટોપ ગેનર્સમાં કોલ ઈન્ડિયા, એચડીએફસી બેંક, શ્રીરામ



ફાઈનાન્સ અને ગ્રાસિમ જેવી કંપનીઓ રહી છે. માર્ચ શ્રેણીના પહેલા દિવસે બજારમાં લાલાશ જોવા મળી હતી. બજાર લગભગ ૯ મહિનાના સૌથી નીચા સ્તરે બંધ થયું. નિફ્ટીમાં ૮ મહિનામાં સૌથી મોટો ઈન્ટ્રા-ડે ઘટાડો જોવા મળ્યો. બીએસઈના તમામ ક્ષેત્રીય સૂચકાંકોમાં વેચવાલી જોવા મળી. મિડકેપ અને સ્મોલકેપ સૂચકાંકોમાં ભારે વેચવાલી જોવા મળી. આઈટી, ઓટો, પીએસઈ સૂચકાંકો સૌથી વધુ ઘટ્યા. ઊર્જા, ફાર્મા અને મેટલ શેરોમાં વેચવાલી જોવા મળી.

ટ્રેડિંગના અંતે, સેન્સેક્સ ૧૪૧૪.૩૩ પોઈન્ટ અથવા ૧.૯૦ ટકા ઘટીને ૭૩૧૯૮.૧૦ પર બંધ થયો. બીજી તરફ, નિફ્ટી ૪૨૦.૩૫ પોઈન્ટ અથવા ૧.૮૬ ટકા ઘટીને ૨૨,૧૨૪.૭૦ પર બંધ થયો.

સેન્સેક્સના ૩૦ માંથી ૨૯ શેર ઘટ્યા હતા જ્યારે નિફ્ટીના ૫૦ માંથી ૪૫ શેર લાલ નિશાનમાં બંધ થયા હતા. નિફ્ટી બેંકના ૧૨ માંથી ૧૦ શેર ઘટ્યા. રૂપિયો ૩૦ પૈસા ઘટીને ૮૭.૫૦/ડોલર પર બંધ થયો. મિડકેપ ૧,૨૨૨ પોઈન્ટ ઘટીને ૪૭,૯૧૫ પર બંધ થયો. નિફ્ટી બેંક ૩૯૯ પોઈન્ટ ઘટીને ૪૮,૩૪૫ પર બંધ થયો. બીજી બાજુ સોનાના ભાવમાં પણ મોટો ઘટાડો નોંધાયો હતો. એમસીએક્સ ગોલ્ડ રેટમાં શુક્રવારે સવારે સેશન દરમિયાન ભારે દબાણ જોવા મળ્યું. આજે એપ્રિલ ૨૦૨૫ની એક્સપાયરી માટે સોનાનો વાયદાનો ભાવ ૮૪,૮૯૯ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામના ભાવે ખુલ્યું અને ઓપનિંગ બેલની અમુક જ મિનિટોમાં તે ૮૪૮૪૦ રૂપિયાના ઈન્ટ્રા ડેના લોને સ્પર્શી ગયો. ઈન્ટરનેશનલ માર્કેટમાં પણ સોનામાં ભારે વેચવાલીનું દબાણ જોવા મળ્યું. અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ૪ માર્ચથી મેક્સિકો અને કેનેડા સામે ટેરિફની શરૂઆતની જાહેરાત કરી દીધી છે. જ્યારે ચીન સામેનું ટેરિફ પણ વધારાશે.

આ જાહેરાત બાદ એનવિડીયામાં રાતોરાત ૮.૫ ટકાનો કડાકો નોંધાયો હતો. જેના કારણે નેસ્ડેક પણ હચમચી ગયું હતું. જેની અસર આજે એશિયન બજારમાં જોવા મળી હતી અને હવે ભારતીય બજાર પણ ગગડી રહ્યું છે.

---

## ન્યૂઝ બ્રિફ

### ભારતમાં પાલતુ બિલાડીઓમાં H5N1 બર્ડ ફ્લૂના વાઈરસ મળ્યા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૮ ।

ભારતમાં બર્ડ ફ્લૂના કેસમાં વધારો થઈ રહ્યો છે ત્યારે મધ્યપ્રદેશના છિંદવાડામાં પાલતુ બિલાડીઓમાં બર્ડ ફ્લૂ (H5N1)નો પ્રથમ કેસ નોંધાયો છે. આ પછી પ્રશાસન દ્વારા સંક્રમિત વિસ્તારોને કન્ટેઈનમેન્ટ ઝોન જાહેર કરવામાં આવ્યા છે. આ ઘટના બાદ વહીવટીતંત્ર સતત સ્થિતિ પર નજર રાખી રહ્યું છે. ઉપરાંત, બિલાડીઓના સંપર્કમાં આવતા લોકોને સાવચેતી રાખવાની સલાહ આપવામાં આવી રહી છે. દેશમાં પ્રથમ વખત છિંદવાડામાં પાલતુ બિલાડીઓમાં બર્ડ ફ્લૂમો મામલો સામે આવ્યો છે.

### જમ્મુ-કાશ્મીરમાં વધુ એક રાજકીય પાર્ટી અસ્તિત્વમાં આવી

। (એજન્સી) જમ્મુ, તા.૨૮ ।

જમ્મુ-કાશ્મીરમાં વધુ એક કટ્ટરપંથી રાજકીય દળની રચના થઈ ગઈ છે. તેનું નામ જસ્ટિસ ફોર ડેવલપમેન્ટ ફ્રન્ટ રાખવામાં આવ્યું છે. વિધાનસભા ચૂંટણીમાં જમાત-એ-ઈસ્લામીના સમર્થનથી લડીને ચૂંટણી હારનાર ઉમેદવારોએ મળીને આ રાજકીય દળની રચના કરી છે. આ લોકોનું કહેવું છે કે તે આગામી સ્થાનિક અને પંચાયતની ચૂંટણીમાં ભાગ લેશે. કુલગામના ચવલગામમાં આ રાજકીય દળનો પહેલો કાર્યક્રમ થયો જેમાં હાજર નેતાઓએ જણાવ્યું કે તેમણે ચૂંટણી પંચમાં રજિસ્ટ્રેશન કરાવી લીધું છે.

### ટુર્નામેન્ટમાંથી બહાર થયા પછી પણ પાકિસ્તાનને ઇનામમાં મોટી રકમ મળશે

। (એજન્સી) દુબઈ, તા.૨૮ ।

ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૫ની યજમાન ટીમ પાકિસ્તાનની સફર હવે આ ટુર્નામેન્ટથી સમાપ્ત થઈ ગઈ છે. આ સમગ્ર ટુર્નામેન્ટ દરમિયાન પાકિસ્તાન એક પણ મેચ જીતી શક્યું નથી. પાકિસ્તાન ટીમ અને ચાહકોને આશા હતી કે તેમની ટીમ બાંગ્લાદેશ સામેની છેલ્લી મેચ ચોક્કસપણે જીતશે પરંતુ વરસાદને કારણે તે મેચ ટોસ વિના રદ કરવામાં આવી હતી. આ રીતે પાકિસ્તાનની ટીમ ઘરે ખાલી હાથે પરત ફરી હતી. પરંતુ શું તમે જાણો છો કે ટુર્નામેન્ટમાંથી બહાર થયા પછી પણ પાકિસ્તાનને ઈનામમાં મોટી રકમ મળશે.

---

### ૧૦ લોકોના મોત, કેટલાય ઘાયલ થયાં

## ચેમ્પિયન્સ ટ્રોફીની વચ્ચે પાક.માં મોટો આત્મઘાતી હુમલો થયો

**પાકિસ્તાનના ખૈબર પખ્તૂનખ્વા વિસ્તારમાં આવેલી એક મસ્જિદમાં જુમ્માની નમાજ દરમિયાન જોરદાર ધમાકો**

। (એજન્સી) ઈસ્લામાબાદ, તા.૨૮ ।

પાકિસ્તાનના ખૈબર પખ્તૂનખ્વા વિસ્તારમાં આવેલી એક મસ્જિદમાં જુમ્માની નમાજ દરમિયાન જોરદાર ધમાકો થયો હતો. પ્રાપ્ત વિગતો મુજબ, ઉત્તર-પશ્ચિમી પાકિસ્તાનના જામિયા હક્કાનિયા મદરસામાં થયેલા આ બોમ્બ વિસ્ફોટમાં ૧૦ લોકોના મોત થયા છે અને ઘણા લોકો ઘાયલ થયા છે.

એપીના રિપોર્ટ મુજબ, જિલ્લા પોલીસ પ્રમુખ અબ્દુલ રશીદે જણાવ્યું કે આ વિસ્ફોટ ખૈબર પખ્તૂનખ્વા પ્રાંતના અક્કોરા ખટક જિલ્લામાં થયો હતો. હજી સુધી કોઈપણ જૂથે જામિયા હક્કાનિયા મદરસામાં થયેલા આ હુમલાની જવાબદારી લીધી નથી. કાઝી હુસૈન મેડિકલ કોમ્પ્લેક્સના એક ડોક્ટર્સે જણાવ્યું કે, કમસે કમ ૨૦ લોકો ઘાયલ



છે અને પાંચ મૃતદેહ હોસ્પિટલમાં લાવ્યા છે. ખૈખબર પખ્તૂનખ્વાના મુખ્યમંત્રી અલી અમીન ગંદાપુર અને રાજ્યપાલ ફૈસલ કરીમ કુંદીએ આત્મઘાતી હુમલાની ટીકા કરી છે. જેયૂઆઈએફ નેતાઓએ ઘાયલો માટે રક્તદાનની અપીલ કરી છે. આ બોમ્બ વિસ્ફોટ રમઝાન પહેલા છેલ્લા શુક્રવારે થયો હતો. સઉદી અરબમાં ચાંદ દેખાવાના આધારે મુસ્લિમોનો પવિત્ર મહિનો રમઝાન શનિવાર અથવા રવિવારે શરૂ થવાની સંભાવના છે.

---

### ૫૭ શ્રમિકો બરફ નીચે દટાયા

## ઉત્તરાખંડમાં ચમોલીમાં ગ્લેશિયર તૂટતા ભારે તબાહી

। (એજન્સી) ચમોલી, તા.૨૮ ।

ઉત્તરાખંડના ચમોલી બદ્રીનાથ હાઈવે પર કામ કરતા કામદારો બરફ નીચે દટાયા છે. છેલ્લા કેટલાક દિવસોથી અહીં સતત બરફ પડી રહ્યો છે. હિમવર્ષા બાદ હાઈવે પર કામ કરી રહેલા ૫૭ કામદારો બરફ નીચે દટાઈ ગયા હતા. જોકે, ઘટના પછી કેટલાક કામદારો જાતે જ બરફની બહાર નીકળી આવ્યા હતા. આ ઘટના બાદ BRO અને જિલ્લા વહીવટીતંત્રના અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચી ગયા છે. એવું કહેવાય છે કે આ હાઈવેના નિર્માણમાં રોકાયેલા ૫૭ કામદારો દટાઈ ગયા હતા. પરંતુ સૂત્રોના જણાવ્યા અનુસાર, ૧૬ કામદારોને દફનાવવામાં આવ્યા છે. આ ઘટના બદ્રીનાથ માણા નજીક સરહદી માર્ગ પર બની હતી. આ ઘટના પર BRO મેજરે કહ્યું કે કામદારોના કેમ્પ પાસે ગ્લેશિયર તૂટી ગયું છે. આ ઘટના આ કારણે બની છે. જોકે, કેટલા કામદારો દટાયા છે તેની સત્તાવાર જાહેરાત હજુ સુધી કરવામાં આવી નથી.આ ઘટના બાદ સેના અને ITBP એ ચમોલીમાં બચાવ કામગીરી શરૂ કરી દીધી છે. હનુમાન ચટ્ટીથી આગળ હાઈવે બંધ છે. SDRF અને NDRF ને ઘટનાસ્થળે મોકલવામાં



આવ્યા છે. પરંતુ હાઈવે બંધ થવાને કારણે તેઓ રસ્તામાં ફસાયેલા છે. ચમોલીના ડીએમ ડૉ. સંદીપ તિવારીએ જણાવ્યું હતું કે માણા પાસ વિસ્તારમાં ૫૭ શ્રમિકો હોવાના અહેવાલ છે. દરમિયાન ચમોલી જિલ્લામાં વરસાદ અને હિમવર્ષાને ધ્યાનમાં રાખીને જિલ્લા મેજિસ્ટ્રેટ સંદીપ તિવારીએ IRS અધિકારીઓને સતર્ક રહેવા સૂચના આપી છે. જિલ્લા મેજિસ્ટ્રેટે જણાવ્યું હતું કે રસ્તાઓ પર ટ્રાફિક હળવો કરવા ઉપરાંત અધિકારીઓને ક્ષતિગ્રસ્ત વીજ લાઈનોનું સમારકામ કરીને વીજ પુરવઠો પુનઃસ્થાપિત કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે. ઉપરોક્ત માહિતીમાં BRO મેજર પ્રતીક કાલેનો તેમના ટેલિફોન નંબર પર સંપર્ક કરવામાં આવ્યો હતો. તેમણે જણાવ્યું કે BRO ના ૫૭ શ્રમિકો કામ કરી રહ્યા હતા.

---

### માધવી બૂચની જગ્યાએ સંભાળશે ચાર્જ

## નાણાં સચિવ તુહિન કાંતા પાંડે બનશે SEBIના નવા ચીફ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૮ ।

કેન્દ્ર સરકારે SEBIના નવા ચીફના નામની જાહેરાત કરી છે. હાલના નાણાં સચિવ તુહિન કાંતા પાંડેને આ જવાબદારી સોંપવામાં આવી છે.

તેઓ ઓડિશા કેડરના અધિકારી છે અને મોદી ૩.૦ સરકારમાં ભારતના સૌથી વ્યસ્ત સચિવોમાંના એક છે. તેઓ હાલમાં કેન્દ્ર સરકારમાં ચાર મહત્વપૂર્ણ વિભાગો સંભાળી રહ્યા છે. તેઓ ૩



માર્ચે માધવી બુચનો કાર્યકાળ પૂરો થયા પછી SEBI ચીફની જવાબદારી સંભાળશે. ભારતીય સિક્યોરિટીઝ અને એક્સચેન્જ બોર્ડ (SEBI) ના હાલના અધ્યક્ષ માધવી પુરી બુચનો કાર્યકાળ ૨૮ ફેબ્રુઆરી ૨૦૨૫એ પૂરો થવાનો છે. તેઓ ૨ માર્ચ ૨૦૨૨એ આ પદ પર નિમાયા હતા. તેઓ SEBIના પ્રથમ મહિલા અધ્યક્ષ બનવાનું ગૌરવ પ્રાપ્ત કરનારા મહિલા છે. તેઓ પહેલાં ૨૦૧૭ થી ૨૦૨૨ સુધી SEBIના સંપૂર્ણકાળના સભ્ય (WTM) રહ્યા હતા. માધવી પુરી બુચનો કાર્યકાળ ઘણા વિવાદોથી ભરેલો રહ્યો. તેમાં સૌથી મહત્વપૂર્ણ હતો અમેરિકન ફર્મ હિંડનબર્ગની રિપોર્ટ, જેણે અદાણી ગ્રુપના વિદેશી રોકાણ અને SEBIની તપાસની પદ્ધતિ પર સવાલ ઉઠાવ્યા હતા. તેમના કાર્યકાળ દરમિયાન આચાર સંહિતાના ઉલ્લંઘન અને SEBI પર તપાસમાં વિલંબના આરોપો પણ લાગ્યા હતા. આને ધ્યાનમાં રાખીને માનવામાં આવી રહ્યું હતું કે સરકાર આ વખતે કોઈ વરિષ્ઠ અધિકારીને SEBI અધ્યક્ષ બનાવવાનો વિચાર કર્યો હોય, જેથી સંસ્થાનો કાર્યકાળ વિના વિઘ્ને ચાલતો રહે.

---

### ASIના રિપોર્ટ પર હાઈકોર્ટનો મોટો ચુકાદો

## સંભલની જામા મસ્જિદમાં રંગકામ નહીં કરી શકાય

। (એજન્સી) સંભલ, તા.૨૮ ।

સંભલ સ્થિત જામા મસ્જિદની માત્ર સાફ સફાઈ થશે. રંગકામ અને સમારકામ થઈ શકશે નહીં. ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ (એએસઆઈ) એ ફોટોગ્રાફ સહિત રિપોર્ટ દાખલ કરી કહ્યું છે કે રંગકામની જરૂરિયાત નથી. જસ્ટિસ રોહિત રંજન અગ્રવાલે અરજીને રિપોર્ટ પર જવાબ દાખલ કરવાનો સમય આપ્યો છે. એએસઆઈથી કહ્યું છે કે તે સોમવાર સુધી સોગંદનામા સાથે રિપોર્ટ દાખલ કરે. મામલામાં આગામી સુનાવણી પાંચ માર્ચે થશે. એએસઆઈએ પૂર્વમાં જામા મસ્જિદ ઈંતેજામિયા કમિટીની અરજી ફગાવી દીધી હતી. આની પર કમિટીએ હાઈકોર્ટમાં અરજી દાખલ કરી હતી. હાઈકોર્ટે ગુરુવારે એએસઆઈની ત્રણ સભ્યની સમિતિ બનાવીને શુક્રવારે રિપોર્ટ માગ્યો હતો. રાજ્ય સરકાર અને મંદિર પક્ષ તરફથી અરજીનો વિરોધ કરવામાં આવ્યો છે. એએસઆઈનું કહેવું છે કે અનામત સ્થળમાં રંગકામ સમારકામની પરવાનગી આપી શકાય નહીં. મંદિર પક્ષે સફાઈ સમારકામની આડમાં પુરાવાથી છેડછાડની આશંકા વ્યક્ત કરતાં વિરોધ કર્યો હતો. જામા મસ્જિદ કમિટી તરફથી હાઈકોર્ટમાં દાખલ કરવામાં આવેલી અરજી પર કોર્ટના આદેશ બાદ ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ (એએસઆઈ) ની ત્રણ સભ્યની ટીમ ગુરુવારે સંભલ જામા મસ્જિદ પહોંચી હતી. ત્યાં ટીમમાં સામેલ અધિકારીઓએ જામા મસ્જિદની અંદર અને બહારના વિસ્તારનું નિરીક્ષણ કર્યું અને તેનો ફોટો અને વીડિયો પણ કરાવ્યો હતો.

---

### AAPના શાસનમાં પણ બુલડોઝરવાળી

## પંજાબમાં મહિલા ડ્રગ્સ તસ્કરનું બે માળનું મકાન તોડી પાડ્યું

। (એજન્સી) ચંદીગઢ, તા.૨૮ ।

પંજાબમાં આમ આદમી પાર્ટી (AAP) સરકારે ઉત્તર પ્રદેશની જેમ બુલડોઝર મોડેલ અપનાવીને ડ્રગ્સ તસ્કરો સામે કડક કાર્યવાહી શરૂ કરી છે. પટિયાલામાં પોલીસે મોટી કાર્યવાહી કરી અને એક મહિલા ડ્રગ્સ તસ્કરના બે માળના ઘરને બુલડોઝરથી તોડી પાડ્યું. તેની સામે NDPS એક્ટ હેઠળ અનેક કેસ નોંધાયેલા છે અને તે હાલમાં ફરાર હોવાનું કહેવાય છે. પંજાબમાં ડ્રગ્સની હેરાફેરી સાથે સંકળાયેલા આરોપીના ઘરને આ રીતે તોડી પાડવામાં આવ્યું હોય તેવું આ પહેલીવાર બન્યું છે. મળતી માહિતી અનુસાર, પોલીસે પટિયાલાના રોડિકુટ વિસ્તારમાં આ કાર્યવાહી કરી. અહીં રહેતી મહિલા ડ્રગ્સ તસ્કર રિંકીના બે માળના મકાનને બુલડોઝરથી તોડી પાડવામાં




આવ્યું હતું. પોલીસના જણાવ્યાનુસાર, રિંકી લાંબા સમયથી ડ્રગ્સની હેરાફેરી સાથે સંકળાયેલી હતી અને તેની સામે NDPS એક્ટ હેઠળ અનેક કેસ નોંધાયેલા છે. તેનો પતિ પણ આ ગેરકાયદે ધંધામાં સામેલ હતો, જેનું થોડા સમય પહેલા મોત થયું હતું. કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે પોલીસ વહીવટીતંત્રે આ ઘર પહેલાથી જ ખાલી કરાવી દીધું હતું.

---

### ઓમર અબ્દુલ્લાહે આમ આદમી પાર્ટીને ટોણો માર્યો

## હું જનતાના સારા માટે કેન્દ્ર સરકાર સાથે મળીને કામ કરી રહ્યો છું

**મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાહે કહ્યું કે, ભાજપના ઘણાં કામથી અમે અસંમત છીએ અને ભવિષ્યમાં પણ રહીશું**

। (એજન્સી) જમ્મુ, તા.૨૮ ।

જમ્મુ-કાશ્મીરના મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાહે ફરી એકવાર આમ આદમી પાર્ટીને ટોણો માર્યો છે. સરકાર સાથે વિવાદ વિના કામ કરવા વિશે પૂછવામાં આવેલા સવાલ પર કહ્યું કે, તો પછી કેજરીવાલ જેવા પરિણામો માટે તૈયાર રહેવું પડે. હું જમ્મુ-કાશ્મીરની જનતાના સારા માટે કેન્દ્ર સરકાર સાથે મળીને કામ કરી રહ્યો છું. નોંધનીય છે કે, દિલ્હી વિધાનસભા ચૂંટણીમાં હાર બાદ ઓમર અબ્દુલ્લાહે INDIA ગઠબંધનની એકતા પર પણ પ્રશ્ન ઊભા કર્યા હતાં. એક કાર્યક્રમમાં મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાહે કહ્યું કે, ભાજપના ઘણાં કામથી અમે અસંમત છીએ અને ભવિષ્યમાં પણ રહીશું. અમે રાજકીય રૂપે ભાજપનો વિરોધ કર્યો છે અને આગળ પણ કરતાં રહીશું. અમે INDIA બ્લોકના સભ્ય છીએ અને જ્યાં સુધી આ



ગઠબંધન રહેશે, ત્યાં સુધી તેનો ભાગ રહીશું. પરંતુ, અહીં જમ્મુ-કાશ્મીરની જનતાના સારા માટે જમ્મુ-કાશ્મીર સરકાર અને કેન્દ્ર સરકાર સાથે મળીને કામ કરવા વિશે વાત કરી રહ્યાં છીએ. મુખ્યમંત્રી અબ્દુલ્લાહે કહ્યું કે, સમાધાનનો કોઈ સવાલ જ નથી. અમુક વસ્તુ જે ભારત સરકાર કરી રહી છે, તેનો અમે વિરોધ કરીએ છીએ. જેમકે, વક્ફ બિલને લઈને સંસદમાં જે થઈ રહ્યું છે, તે અમારી વિરોધમાં છે. પરંતુ, જો કેન્દ્ર સરકાર જમ્મુ-કાશ્મીરમાં અમારા કામને સમર્થન કરી રહી છે અને મુશ્કેલી ઊભી નથી કરી રહી અથવા ફન્ડ આપવાથી ઈનકાર નથી કરી રહી તો અમે તેમની સાથે ઝઘડો કરીએ તે મૂરખામી હશે. જો કાલે તેમનું વર્તન બદલાય છે, તો અમારે પોતાના વલણનો પણ વિચાર કરવો પડશે, પરંતુ, હાલની સ્થિતિમાં સરકારે આવું કોઈ કારણ મને નથી આપ્યું, જેના કારણે હું તેમની સાથે ઝઘડો કરૂ. ભારત સરકાર સાથે જે સ્તરે મારી ચર્ચા થઈ છે, મને આશા છે કે, જમ્મુ-કાશ્મીરને એક વર્ષથી ઓછા સમયમાં રાજ્યનો દરજ્જો પાછો મળી જશે. ૮ ફેબ્રુઆરીએ જ્યારે દિલ્હી વિધાનસભાના ચૂંટણીના પરિણામ જાહેર થઈ રહ્યાં હતાં, ત્યારે મુખ્યમંત્રી અબ્દુલ્લાહ આમ આદમી પાર્ટી અને કોંગ્રેસના વલણ પર નારાજગી વ્યક્ત કરી રહ્યા હતાં.





રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ ભુજ ખાતે આવેલા સ્મૃતિવન ભૂકંપ મેમોરીયલ એન્ડ મ્યુઝિયમની મુલાકાત લીધી હતી અને સ્મૃતિવન પરિસરમાં વૃક્ષારોપણ કરીને પર્યાવરણના જતનનો સંદેશ આપ્યો હતો.

## પશ્ચિમ રેલ્વે અમદાવાદ-ગ્વાલિયર વચ્ચે ફેસ્ટિવલ સ્પેશિયલ ટ્રેન દોડાવશે

। અમદાવાદ, તા.૨૮ ।

પશ્ચિમ રેલ્વેએ આગામી હોળીના તહેવાર અને ઉનાળાની ઋતુને ધ્યાનમાં રાખીને,મુસાફરોની માંગ અને સુવિધાને ધ્યાનમાં રાખીને અમદાવાદ અને ગ્વાલિયર વચ્ચે ખાસ ભાડા પર સ્પેશિયલ ટ્રેન ચલાવવાનો નિર્ણય લીધો છે. જેની વિગતો નીચે મુજબ છેઃ-

ટ્રેન નં. ૦૯૪૧૧/૦૯૪૧૨ અમદાવાદ-ગ્વાલિયર સુપરફાસ્ટ સ્પેશિયલ ટ્રેન (કુલ ૩૬ ટ્રિપ્સ)

ટ્રેન નંબર ૦૯૪૧૧ અમદાવાદ-ગ્વાલિયર સ્પેશિયલ ૦૧ માર્ચથી ૨૮ જૂન ૨૦૨૫ સુધી દર શનિવારે અમદાવાદથી ૨૦.૨૫ વાગ્યે ઉપડશે અને બીજા દિવસે ૧૩.૦૦ વાગ્યે ગ્વાલિયર પહોંચશે. તેવી જ રીતે, ટ્રેન નંબર ૦૯૪૧૨ ગ્વાલિયર-અમદાવાદ સ્પેશિયલ ૨ માર્ચ થી ૨૯ જૂન ૨૦૨૫ સુધી દર રવિવારે ગ્વાલિયર થી ૧૬.૩૦ વાગ્યે ઉપડશે અને બીજા દિવસે ૦૯.૦૫ વાગ્યે અમદાવાદ પહોંચશે.

આ ટ્રેન માર્ગમાં બન્ને દિશાઓમાં આણંદ, છાયાપુરી, ગોધરા, રતલામ, નાગદા, ઉજ્જૈન, મકસી, ગુના અને શિવપુરી સ્ટેશનો પર રોકાશે. આ ટ્રેનમાં સેકન્ડ એસી, થર્ડ એસી, સ્લીપર અને જનરલ ક્લાસ કોચ હશે.

ટ્રેન નંબર ૦૯૪૧૧ માટે બુકિંગ ૨૮ ફેબ્રુઆરી, ૨૦૨૫ થી પેસેન્જર રિઝર્વેશન સેન્ટરો અને ઈઝ્રઝ્ર વેબસાઈટ પર શરૂ થશે. ટ્રેનોના સંચાલન સમય, સ્ટોપેજ અને રચના અંગે વિગતવાર માહિતી માટે, મુસાફરો www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

## ગુજરાતની ૧૦૦% આંગણવાડી કેન્દ્રમાં ગેસ કનેક્શન આપવામાં આવ્યા

। ગાંધીનગર, તા.૨૮ ।

૨૭મી ફેબ્રુ-૨૫ ના વિધાનસભા ગૃહ ખાતે સભ્ય દ્વારા આંગણવાડી કેન્દ્રોમાં આપવામાં આવતા ગેસ કનેક્શન અંગે પુછાયેલ પ્રશ્નનો મહિલા અને બાળ કલ્યાણ વિભાગ વતી જવાબ આપતાં મંત્રી પ્રફુલભાઈ પાનસેરીયાએ જણાવ્યું હતું કે, આંગણવાડી કેન્દ્રોમાં ગેસ સુવિધા પુરી પાડવાની પહેલ કરનાર ગુજરાત એ સમગ્ર દેશમાં પ્રથમ રાજ્ય છે. ગુજરાતની ૧૦૦% આંગણવાડી કેન્દ્રમાં ગેસ કનેક્શન આપવામાં આવ્યા છે. હાલની પરિસ્થિતિમાં રાજ્યમાં ૫૩,૦૬૫ આંગણવાડીઓ કાર્યરત છે અને આ તમામ આંગણવાડી કેન્દ્રોમાં ગેસ કનેક્શન આપવામાં આવ્યાં છે. મંત્રી પાનસેરીયાએ ઉમેર્યું હતું કે, ખેડા જિલ્લામાં તમામ આંગણવાડી કેન્દ્રમાં ૧,૯૭૯ ગેસ કનેક્શન, ગાંધીનગરમાં તમામ ૯૫૧, મહીસાગરમાં તમામ ૧,૩૧૬ અરવલ્લીમાં, તમામ ૧,૪૫૦ જામનગરમાં તમામ ૮૮૮ આંગણવાડી કેન્દ્રમાં ગેસ કનેક્શન આપવામાં આવ્યા છે.

# જિલ્લા પંચાયત નડિયાદ ખાતે પોષણ ઉત્સવ ૨૦૨૫ અંતર્ગત પૌષ્ટિક વાનગી સ્પર્ધા કાર્યક્રમ યોજાયો

। નડિયાદ, તા.૨૮ ।

જિલ્લા કલેકટર શ્રી અમિત પ્રકાશ યાદવની મુખ્ય ઉપસ્થિતિમાં જિલ્લા પંચાયત નડિયાદ ખાતે આઈસીડીએસ વિભાગ દ્વારા પોષણ ઉત્સવ ૨૦૨૫ અંતર્ગત જિલ્લા કક્ષાનો પૌષ્ટિક વાનગી સ્પર્ધા કાર્યક્રમ યોજાયો. જેમાં ટેક હોમ રાશન અને શ્રી અન્ન (મિલેટ્સ) માંથી બનતી વિવિધ વાનગીઓની સ્પર્ધા કરી વિજેતા બહેનોને ઈનામ વિતરણ કરવામાં આવ્યું. સાથે જ કુલ ત્રણ કેટેગરીમાં શ્રેષ્ઠ આંગણવાડી તેડાગર બહેનો, કાર્યકરો અને મુખ્ય સેવિકાઓને રૂ. ૫,૭૩,૦૦૦/ ની રકમના કુલ ૩૩ માતા યશોદા એવોર્ડ આપી સન્માનીત કરવામાં આવ્યા.

કલેકટરશ્રીએ વાનગી પ્રદર્શન નિહાળી મિલેટ્સ અને ટીએચઆરમાંથી બનેલ વાનગીઓથી માહિતગાર થયા હતા અને માતૃશક્તિને વંદન કરી આંગણવાડી બહેનોની કામગીરીને બિરદાવી હતી. તેમણે મિલેટ્સના લાભ વિશે લોકોને જાગૃત કરવાની દિશામાં કામગીરી કરવા સુચન આપ્યુ હતુ.

આ પ્રસંગે જિલ્લા વિકાસ અધિકારીશ્રી જયંત કિશોરે કુપોષણ મુક્ત ખેડા પ્રોજેક્ટ અંતર્ગત જિલ્લામાં બાળકોનાં પોષણ સ્તરને ઉંચુ લાવવા પ્રયાસો કરવા જણાવ્યું હતુ. વાનગી પ્રદર્શનમાં બાજરીના અપ્પમ, મોરૈયા લોટના પુડલા, બાજરીના ચમ ચમિયા, બાજરીની ચાટ, જુવારના થેપલા, રાગીના લાડુ, હાંડવો, કેક, સરગવાના વડા, રજગરાનો શીરો, પાલકની ઈડલી, મિલેટ્સ મંચુરિયન, થેપલા, ખીચડી, કાઠીયાવાડી ચૂરમું, ટેક હોમ રાશનમાંથી બનાવેલ ખીર, લાડુ, થેપલા, વેડમી, વેજ ટીક્કી, દહીવડા, તીખા પુડલા, કેક, ફણગાવેલા મગની ભાખરી, સુખડી, સકરપારા, કટલેસ, બાલ શક્તિના લાડુ, ગુલાબ જાંબુ અને માવા ચીક્કી સહિત સ્વાદિષ્ટ અને પોષણસભર વાનગીઓ બનાવીને પ્રદર્શિત કરવામાં આવી હતી.

મિલેટસ્ વાનગી સ્પર્ધા અંતર્ગત મહુધાના શિલ્પાબેનની વાનગી મિલેટ્સ મંચુરિયનને પ્રથમ ક્રમ, નડિયાદ ઘટક- ૦૧ના લક્ષ્મીબેન તળપદાની વાનગી જુવારના વેજ પુલાવને દ્વિતીય ક્રમાંક તથા નડિયાદ ઘટક ત્રણના હેતલબેન સોલંકીની વાનગી બીટ રાગીના લાડુને તૃતીય ક્રમાંક આપવામાં આવ્યો.

ટેક હોમ રાશન (ટીએચઆર) વાનગી સ્પર્ધા અંતર્ગત ગળતેશ્વરના શ્રી દીપિકાબેન દરજીની વાનગી માવા ચીકીને પ્રથમ ક્રમાંક, કપડવંજ ઘટક ૦૧ ના હેતલબેન સોલંકીની વાનગી બાજરીની અપ્પમ ને દ્વિતીય ક્રમાંક તથા કઠલાલના મમતાબેન કટારીયાની વાનગી રોલને તૃતીય ક્રમાંક સાથે વિજેતા ઘોષિત કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે જિલ્લા વિકાસ અધિકારી શ્રી જયંત કિશોર, ડીઆરડીએ ડાયરેક્ટર શ્રી લલિત પટેલ, નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ, આઈસીડીએસ પ્રોગ્રામ ઓફિસર શ્રી મનિષાબેન બારોટ, ખેતીવાડી અધિકારી શ્રી ડી.એચ. રબારી, સીડીએચઓશ્રી ડો. ધ્રુવે, સીડીપીઓશ્રીઓ, મુખ્ય સેવિકાશ્રીઓ, સહિત મોટી સંખ્યામાં આંગણવાડી બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

### બેડની સંખ્યામાં વધારો થશે

# અમદાવાદમાં રૂપિયા ૩૦૦૦ કરોડના ખર્ચે વિવિધ હોસ્પિટલો આકાર લેશે

### અદાણી ગ્રુપ અમદાવાદ અને મુંબઇમાં ૨૦૦૦ બેડની હોસ્પિટલની સ્થાપના કરી રહી છે જેમાંથી અમદાવાદમાં ૧૦૦૦ બેડની હોસ્પિટલ બનશે

। (એજન્સી) અમદાવાદ, તા.૨૮ ।

અમદાવાદમાં મોટા કદની હોસ્પિટલો આકાર લઈ રહી છે. જેના કારણે હેલ્થકેર ઈન્ફ્રાસ્ટ્રક્ચર પાછળ આગામી પથી ૬ વર્ષમાં રૂ. ૨૦૦૦થી ૩૦૦૦ કરોડનું રોકાણ થશે તેવી શક્યતા સેવાય છે. જેના પરિણામે બેડની સંખ્યા પણ વધશે. નોંધનીય છે કે વિશ્વ આરોગ્ય સંસ્થા (ડબ્લ્યુએચઓ)એ ભારતમાં જીવનશૈલીને લગતા રોગોના બોજમાં વધારો થઈ રહ્યો હોવાની ચેતવણી ઉચ્ચારી છે.

અદાણી ગ્રુપ અમદાવાદ અને મુંબઈમાં ૨૦૦૦ બેડની હોસ્પિટલની સ્થાપના કરી રહી છે જેમાંથી અમદાવાદમાં ૧૦૦૦ બેડની હોસ્પિટલ બનશે. ત્યારે ઝાયડસ ગ્રુપ દ્વારા પૂર્વ અમદાવાદમાં ૩૦૦ બેડની મલ્ટી સ્પેસિયાલિટી હોસ્પિટલ બનાવવાની ઘોષણા કરવામાં આવી છે. સૂત્રો પાસેથી પ્રાપ્ત માહિતી અનુસાર આ હોસ્પિટલ શહેરના ઘોડાસર વિસ્તારમાં બનશે.

ડબ્લ્યુએચઓના અનુસાર ભારતમાંચેપી રોગો કરતા હવે જીવનશૈલીને લગતા રોગો વધી ગયા છે. સૂત્રોએ ઉમેર્યુ હતુ કે કાર્ડીયોલોજી, કેન્સર, ન્યૂરોલોજી જેવા જીવનશૈલીને લગતા રોગો માટેની સેવાની તાતી જરૂર છે. તબીબી નિષ્ણાતોના અનુસાર અમદાવાદમાં આગામી પાંચેક વર્ષમાં ૩૦૦૦ બેડવાળી હોસ્પિટલો ઉભરી આવશે, જે હાલની ક્ષમતામાં બમણો વધારો કરશે. કરોડો રૂપિયાના રોકાણ દ્વારા નાના અને મોટા ફેરમેટનું આ વિસ્તરણ હાથ ધરાશે. અમદાવાદ હોસ્પિટલ્સ એન્ડ નર્સીંગ હોમ્સ એસોસિયેશન (આહના)ના ડોકટર્સના અનુસાર પાછલા વર્ષે શહેરમાં ૨૫ બેડથી વધુની નવી ખાનગી હોસ્પિટલો ખુલી છે. આહનામાં નોંધાયેલી ૧૧૦૦-૧૨૦૦ જેટલી હોસ્પિટલોમાંથી ૭૦ ટકા જેટલી ૧૫ બેડથી ઓછી છે, ૫ ટકા ૫૦થી ૧૦૦ની વચ્ચેની અને ફક્ત ૧૩ હોસ્પિટલો જ ૧૦૦ત બેડથી વધુની છે.

આ સાથે ટ્રસ્ટની હોસ્પિટલ એવી જીવરાજ મહેતા હોસ્પિટલે બેડની સંખ્યા પહેલા ૧૨૭ હતી તે વધારીને ૨૨૫ બેડની કરી છે. વિસ્તરિત સવલત આધુનિક સવલતોથી સજ્જ છે, તેમજ છૈં આધારિત ઈક્વીપમેન્ટ અને પૂર્ણકાલીન નિષ્ણાતો વિવિદ વિભાગોમાં છે જેમાં ગાયનેકોલોજી, ન્યૂરોલોજી, ઓંક્રોલોજી, કાર્ડીયોલોજી અને પીડિયાટ્રિક્સનો સમાવેશ થાય છે.

## વડોદરાના પોલોગ્રાઉન્ડ નજીકથી ૧૨ ફૂટનો મહાકાય મગર પકડાયો

। વડોદરા, તા.૨૮ ।

વડોદરામાં વિશ્વામિત્રી નદીમાં છાશવારે માનવવસ્તી તરફ આવી ચડતાં મગર હવે સામાન્ય ઘટના બની રહી છે. વડોદરાના પોલોગ્રાઉન્ડ સામે રાજસ્થંભ ક્રિકેટ ગ્રાઉન્ડ પાસે બાર ફૂટનો મહાકાય મગર દેખાતાં સ્થાનિક રહીશોમાં એક તબક્કે તો ફફડાટ ફેલાઈ ગયો હતો. બાર ફૂટનો લગભગ અઢીસો કિલોથી વધુ વજન ધરાવતાં મગરને ભારે જહેમત બાદ સ્વયંસેવકો દ્વારા રેસ્ક્યુ કરવામાં આવ્યો હતો.ક્રિકેટ ગ્રાઉન્ડમાં મેચ સમયે મગર આવી જતો હતો. તે કોઈને પરેશાન કરતો ન હતો. પરંતુ ગ્રાઉન્ડમાં બાળકો તથા અન્ય તેની નિર્દોષ હાજરીથી ખોફ અનુભવતા હતા. આખરે મહાકાય મગરને રેસ્ક્યૂ કરવામાં આવતા તમામે રાહતનો શ્વાસ લીધો છે. મગર વજનદાર હોવાથી એકથી વધુ એનજીઓના સ્વયં સેવકો રેસ્ક્યૂમાં જોડાયા હોવાનું હાલ તબક્કે જાણવા મળી રહ્યું છે. મગરનું રેસ્ક્યૂ કરીને તેને સલામત રીતે નવ વિભાગને સોંપી દેવામાં આવ્યો છેસ્થળ પરથી ૧૨ ફૂટ લાંબો મહાકાય મગર મળી આવ્યો હતો. જેનું અંદાજીત વજન ૨૫૦ કિલો હોવાનું અનુમાન હતું. વજનદાર મહાકાય મગરનું એકલાહાથે રેસ્ક્યૂ શક્ય ન હતું. અનેક સંસ્થાઓના વોલંટીયર્સે ભેગા રેસ્ક્યૂ કર્યુ છે.

**વિશેષ** રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુના અધ્યક્ષ સ્થાને નેશનલ ફોરેન્સિક સાયન્સીસ યુનિવર્સિટી (NFSU)નો તૃતીય પદવીદાન સમારોહ સંપન્ન

# સંવેદનશીલ ન્યાય પ્રણાલી પર આધારિત વિકસિત ભારતના નિર્માણ માટે પ્રતિબદ્ધ બનીએઃ રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુ

। (માહિતી) ગાંધીનગર ।

ગાંધીનગર ખાતે રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુના અધ્યક્ષસ્થાને નેશનલ ફોરેન્સિક સાયન્સીસ યુનિવર્સિટી (NFSU) નો ત્રીજો પદવીદાન સમારોહ યોજાયો હતો. આ પ્રસંગે ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ તેમજ ગૃહ રાજ્ય મંત્રી શ્રી હર્ષ સંઘવી ઉપસ્થિત રહ્યા હતા.

આ પદવીદાન સમારોહમાં રાષ્ટ્રપતિશ્રીના હસ્તે વિવિધ અભ્યાસક્રમોના કુલ ૧,૫૬૨ વિદ્યાર્થીઓને પદવી એનાયત કરવામાં આવી હતી. જેમાં ૧૨ વિદ્યાર્થીઓને ડોક્ટરેટ ઓફ ફિલોસોફી(PhD), એક વિદ્યાર્થીને ડોક્ટરેટ ઓફ લો (LLD)ની તેમજ અન્ય વિદ્યાર્થીઓને ડીપ્લોમાં, સ્નાતક, અનુસ્નાતક અને અનુસ્નાતક ડીપ્લોમાંની ડીગ્રી એનાયત કરવામાં આવી હતી. આ ઉપરાંત તેજસ્વી વિદ્યાર્થીઓને રાષ્ટ્રપતિશ્રીના હસ્તે સુવર્ણ ચંદ્રક પણ એનાયત કરાયા હતા. ભારતના રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુએ ગાંધીનગર સ્થિત NFSU અર્થાત રાષ્ટ્રીય ન્યાયાલયિક વિજ્ઞાન વિશ્વવિદ્યાલયના ત્રીજા દીક્ષાંત સમારોહમાં પદવી પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવી હતી.




તેમણે પદવી પ્રાપ્ત કરવામાં સફળ થયેલા વિદ્યાર્થીઓને સંબોધતા જણાવ્યું હતું કે, સંવેદનશીલ ન્યાય પ્રણાલી પર આધારિત વિકસિત ભારતના નિર્માણ માટે આપણે સૌ પ્રતિબદ્ધ બનીએ. આજે વિશ્વભરમાં ફોરેન્સિક સાયન્સનું મહત્વ વધી રહ્યું છે, તેમ જણાવતા રાષ્ટ્રપતિશ્રીએ ઉમેર્યું હતું કે, દુનિયાના શ્રેષ્ઠ એવા આ વિશ્વવિદ્યાલયમાંથી આજે ૧૫ દેશોના લગભગ ૭૦થી વધુ વિદ્યાર્થીઓએ પણ પદવી પ્રાપ્ત કરી છે. એટલું જ નહીં, આ યુનિવર્સિટીમાં સિવિલ સર્વિસીસ, ઈન્ડિયન પોલીસ સર્વિસ, ફાયનાન્સ, બેંકિંગ, ન્યાયપાલિકા સહિત મહત્વના ક્ષેત્રોના ૩૦,૦૦૦ જેટલા ઓફિસર્સને પણ પ્રશિક્ષણ આપવામાં આવ્યું છે. અપરાધીઓનું નિયંત્રણ તેમજ છેવાડાના નાગરિકોને ઝડપી અને સુલભ ન્યાય મળે તે માટે ફોરેન્સિક સાયન્સીસ યુનિવર્સિટીની ભૂમિકા મહત્વની છે. દેશમાં ફોરેન્સિક સાયન્સીસ આધારિત ઈકોસીસ્ટમ સુદ્રઢ કરવા મિશન મોડ પર કાર્ય થઈ રહ્યુ છે. આ માટે ગૃહ મંત્રાલય, શિક્ષણ મંત્રાલય અને ફોરેન્સિક સાયન્સીસ યુનિવર્સિટીને રાષ્ટ્રપતિશ્રીએ અભિનંદન પાઠવ્યા હતા. રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુએ વિજ્ઞાન અને ટેક્નોલોજીના માધ્યમથી ઝડપી અને સુલભ ન્યાય પ્રક્રિયા માટે પદવી પ્રાપ્ત કરનારા વિદ્યાર્થીઓને પોતાના જ્ઞાનનો સમુચિત ઉપયોગ કરવા અનુગ્રહ કર્યો હતો. નિષ્પક્ષ અને ત્વરિત ન્યાય આપનું લક્ષ્ય હોવું જોઈએ, તેમ તેમણે જણાવ્યું હતું. રાષ્ટ્રપતિશ્રીએ ૧ જુલાઈ, ૨૦૨૪નો દિવસ ભારતના ઈતિહાસનો અતિમહત્વ પૂર્ણ દિવસ છે, તેમ જણાવી ઉમેર્યું હતું કે, આ દિવસે દંડને બદલે ન્યાય આધારિત ત્રણ નવા કાયદા અમલમાં આવ્યા હતા. જેમાં ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩, ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ અને ભારતીય સાક્ષ્ય અધિનિયમ-૨૦૨૩નો સમાવેશ થાય છે. તેમણે જણાવ્યું હતું કે, જે અપરાધમાં દંડની સમયાવધી સાત વર્ષ કે તેથી વધુ હોય, તેવા કિસ્સામાં ફોરેન્સિક એક્સપર્ટ દ્વારા ગુનાની તપાસ ફરજિયાત કરવાના કારણે આ ક્ષેત્રના તજજ્ઞોની તાતી જરૂરિયાત ઊભી થશે. આ જરૂરિયાત રાષ્ટ્રીય ન્યાયાલયિક વિજ્ઞાન વિશ્વવિદ્યાલય-ગાંધીનગર પૂર્ણ કરશે. અપરાધો પર નિયંત્રણ, અપરાધીઓમાં સજાનો ભય તેમજ નાગરિકોને ત્વરિત ન્યાય મળવાનો વિશ્વાસ હોય એ જ સુશાસનની સાચી ઓળખ છે. આપણે વારસા અને વિકાસને જોડીને વિકસિત ભારતનું નિર્માણ કરવા જઈ રહ્યા છીએ, જેમાં આ વિશ્વવિદ્યાલયના વિદ્યાર્થીઓ યત્કિંચિત યોગદાન આપશે. તેમણે પદવી પ્રાપ્ત કરનાર સફળ વિદ્યાર્થીઓમાં વિદ્યાર્થીનીઓની વધુ સંખ્યા માટે પ્રસન્નતા વ્યક્ત કરી હતી.

રાષ્ટ્રપતિશ્રીએ ન્યાય પ્રક્રિયામાં વિલંબના અનેક કારણોમાં વિશ્લેષણ અને પરીક્ષણ ઝડપથી નહીં થવાનું એક કારણ પણ મહત્વનું ગણાવ્યું હતું. નેશનલ ફોરેન્સિક સાયન્સીસ યુનિવર્સિટીના માધ્યમથી આ પ્રક્રિયા ઝડપી બનશે. તેમણે અપરાધીઓની નવી-નવી તકનીક સામે વધુ ક્ષમતા સાથે સજ્જ થવા સૌને અનુરોધ કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, આવી સજ્જતાથી જ અપરાધીઓ અપરાધ કરતા ડરશે. એટલું જ નહીં, ન્યાય પ્રક્રિયા પણ વધુ ઝડપી બનશે. રાષ્ટ્રપતિશ્રીએ આ અવસરે વિદ્યાર્થીઓને તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે મંગળ શુભકામનાઓ પાઠવી હતી.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

### ૭૧ ઈમિગ્રેશન કોર્ટમાં ૭૦૦ ઈમિગ્રેશન જજ છે

# ડોનાલ્ડ ટ્રમ્પે ટેક્સાસમાં પાંચ ઈમિગ્રેશન જજને હાંકી કાઢ્યા

## પાંચ ઈમિગ્રેશન જજતેમાંથી ત્રણ એસોસિયેટ ચીફ જજ હતા જેઓ કોર્ટનું સંચાલન કરતા હતા અને પોલિસી લાગુ કરતા હતા

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૨૮ ।

ટ્રમ્પ એડમિનિસ્ટ્રેશને ટેક્સાસમાં ફેડરલ ઈમિગ્રેશન કોર્ટમાંથી પાંચ જજને હાંકી કાઢ્યા છે. તેમનું પ્રતિનિધિત્વ કરતા એક યુનિયનના જણાવ્યા પ્રમાણે પાંચ જજની હકાલપટ્ટીથી હાલમાં કેસનો જે બેકલોગ છે તેમાં વધારો થશે. ઈન્ટરનેશનલ ફેડરેશન ઓફ પ્રોફેશનલ એન્ડ ટેક્નિકલ એન્જિનિયર્સના જણાવ્યા પ્રમાણે જે પાંચ જજને કાઢી મૂકવામાં આવ્યા છે તેઓ હ્યુસ્ટન, લારેડો અને અલ પાસોની કોર્ટમાં કામ કરતા હતા. તેમાંથી ત્રણ એસોસિયેટ ચીફ જજ હતા જેઓ કોર્ટનું સંચાલન કરતા હતા અને પોલિસી લાગુ કરતા હતા. યુનિયનના જણાવ્યા પ્રમાણે તાજેતરના અઠવાડિયામાં યુએસ જસ્ટિસ ડિપાર્ટમેન્ટના એક્ઝિક્યુટિવ ઓફિસ ફોર ઈમિગ્રેશન રિવ્યુના ૨૮ કર્મચારીઓને દૂર કરવામાં આવ્યા છે જેમાં આ પાંચ જજનો સમાવેશ થાય છે. દેશની ૭૧ ઈમિગ્રેશન કોર્ટમાં લગભગ ૭૦૦ ઈમિગ્રેશન જજ છે. ટેક્સાસ ટિબ્યુને જે પાંચ જજને કાઢી મૂકવામાં આવ્યા છે તેમાંથી બે એસોસિયેટ ચીફ જજને ઓળખી કાઢ્યા છે અને આ બંને હ્યુસ્ટનના છે. જેમાં એક છે બ્રેન્ડન જેરોચ અને નોએલ શાર્પનો સમાવેશ થાય છે. આ બંને જજે પુષ્ટી કરી હતી કે તેમને તેમની સંબંધિત બેન્ચ પરથી દૂર કરી દેવામાં આવ્યા છે. જોકે, તેમણે વધારે કંઈ કહેવાનો ઈનકાર કરી દીધો હતો. બ્રેન્ડન જેરોચ ભૂતપૂર્વ આસિસ્ટન્ટ યુએસ એટર્ની અને ફેડરલ પબ્લિક ડિફેન્ડર છે. તેઓ સરકાર અને



સૈન્યમાં બે દાયકાથી વધુનો અનુભવ ધરાવે છે. જ્યારે નોએલ શાર્પ ભૂતપૂર્વ ઈમિગ્રેશન લૉયર છે જે ઓછામાં ઓછા ૨૦૨૧થી બેન્ચ પર સેવા આપી રહ્યા હતા. ટ્રિબ્યુન દ્વારા એક્ઝિક્યુટિવ ઓફિસ ફોર ઈમિગ્રેશન રિવ્યૂમાંથી દેશભરમાંથી દૂર કરવામાં આવેલા તમામ જજની યાદી માંગી હતી, પરંતુ એક પ્રવક્તાએ તે વિશે કોઈ માહિતી આપવાનો ઈનકાર કર્યો હતો. ડોનાલ્ડ ટ્રમ્પ પ્રેસિડેન્ટ બન્યા ત્યારથી અમેરિકામાંથી લાખો અનડોક્યુમેન્ટેડ ઈમિગ્રન્ટ્સને ડિપોર્ટ કરવાનું શરૂ કરી દીધું છે અને ત્યારબાદ દેશની ઈમિગ્રેશન કોર્ટમાં ફેરફારો કરવામાં આવી રહ્યા છે. ૨૦ જાન્યુઆરીએ ટ્રમ્પે શપથ ગ્રહણ કર્યા હતા અને ત્યારે તેમણે ઘણા એક્ઝિક્યુટિવ ઓર્ડર સાઈન કર્યા હતા જેના કારણે અમેરિકાની ઈમિગ્રેશન અને અસાયલમ સિસ્ટમને હચમચાવી દીધી છે અને તેના કારણે ઈમિગ્રન્ટ કોમ્યુનિટીમાં ડર અને ચિંતાનો માહોલ છે. પરંતુ ઈન્ટરનેશનલ ફેડરેશન ઓફ પ્રોફેશનલ એન્ડ ટેકનિકલ એન્જિનિયર્સના પ્રેસિડેન્ટ મેટ બિગ્સે જણાવ્યું હતું કે, હાલમાં કોર્ટમાં રેકોર્ડ ૩.૬ મિલિયન ઈમિગ્રેશન કેસો પેન્ડિંગ છે અને તેથી જજીસને હટાવવાના નિર્ણયથી માસ ડિપોર્ટેશનના પ્રયાસોને કોઈ મદદ નહીં મળે. ફેડરલ ઈમિગ્રેશન જજીસ સામન્ય રીતે દર વર્ષે ૫૦૦થી ૭૦૦ કેસની સુનાવણી કરે છે. જજીસને હટાવીને ડોનાલ્ડ ટ્રમ્પ ફક્ત ઈમિગ્રેશન કેસોનો બેકલોગ વધારી રહ્યા છે. લૉમેકર્સ, સરકારી વોચડોગ્સ અને રિસર્ચર્સ લાંબા સમયથી કહી રહ્યા છે કે દેશની ઈમિગ્રેશન કોર્ટ્સ કટોકટીનો સામનો કરી રહી છે. યુએસ ગવર્નમેન્ટ એકાઉન્ટેબિલિટી ઓફિસ દ્વારા જારી કરવામાં આવેલા ૨૦૨૩ના રિપોર્ટમાં જણાવવામાં આવ્યું હતું કે ૨૦૧૭થી ઈમિગ્રેશન કોર્ટમાં કેસનો બેકલોગ ત્રણ ગણાથી વધુ વધી ગયો છે. ગવર્નમેન્ટ ઓવરસાઈટ એજન્સીએ અગાઉ ભલામણ કરી હતી કે ઈમિગ્રેશન કોર્ટ ઓફિસ એક સ્ટ્રેટેજિક વર્કફોર્સ પ્લાન બનાવે પરંતુ તેવું થયું ન હતું. બેકલોકગની અસરો વ્યાપક અને નોંધપાત્ર હોય છે. મહિલાઓ અને બાળકો સહિત ઘણા નોનસિટિઝન્સ તેમના કેસની સુનાવણી થાય તેની વર્ષોથી રાહ જોઈ રહ્યા છે. ગત નાણાકિય વર્ષના અંતમાં બેકલોગ ચાર મિલિયન સુધી પહોંચી ગયા હતા. ઉલ્લેખનીય છે કે, અમેરિકામાં જેમનો કોઈ રેકોર્ડ જ નથી તેવા અનડોક્યુમેન્ટેડ ઈમિગ્રન્ટ્સની સંખ્યા લાખોમાં હોવાનો અંદાજ છે, જેમાં ઘણાં ઈન્ડિયન્સનો પણ સમાવેશ થાય છે. ડોનાલ્ડ ટ્રમ્પ વાતો ભલે ૧.૪ કરોડ ઈલીગલ ઈમિગ્રન્ટ્સને ડિપોર્ટ કરવાની કરતા હોય પરંતુ, તેમની તેમની સરકાર પાસે પણ તેનો કોઈ ચોક્કસ આંકડો નથી.

**ન્યૂઝ બ્રિફ**

### નીતિશ CM બનશે કે નહીં એ અમારું સંસદીય બોર્ડ નક્કી કરશે

। (એજન્સી) પટણા, તા.૨૮ ।

બિહારમાં ૨૦૨૫ની વિધાનસભા ચૂંટણીને લઈને હંગામો શરૂ થઈ ગયો છે. ભાજપ અધ્યક્ષ દિલીપ જયસ્વાલના નિવેદનથી રાજકીય ગરમાવો વધી ગયો છે. તેમણે કહ્યું કે નીતીશ કુમારના નેતૃત્વમાં ચૂંટણી લડવામાં આવશે, પરંતુ ભાજપનું સંસદીય બોર્ડ નક્કી કરશે કે મુખ્યમંત્રી કોણ હશે. બિહારમાં વિધાનસભા ચૂંટણી હજુ દૂર છે, પરંતુ રાજકીય પક્ષોએ અત્યારથી જ તૈયારીઓ શરૂ કરી દીધી છે. શાસક પક્ષ અને વિપક્ષ બંને પોતાની રણનીતિ બનાવી રહ્યા છે. દિલીપ જયસ્વાલે બિહાર વિધાનસભા ચૂંટણી બાબતે કહ્યું કે, વર્ષ ૨૦૨૫ની ચૂંટણી નીતીશ કુમારના નેતૃત્ત્વમાં જ લડવામાં આવશે. પરંતુ ભાજપ સંસદીય બોર્ડ નક્કી કરશે કે મુખ્યમંત્રી કોણ હશે.' ભાજપના આ બેતરફી નિવેદનથી રાજકીય વર્તુળોમાં ચર્ચાએ જોર પકડ્યું છે. જયસ્વાલના આ નિવેદને અનેક સવાલો ઉભા કર્યા છે. શું નીતિશ કુમાર બનશે આગામી સીએમ? જો NDA જીતશે તો શું તેઓ મુખ્યમંત્રી બનશે? આ પ્રશ્નો હવે ચર્ચાનો વિષય બન્યા છે. બિહારમાં આજથી બિહાર વિધાનસભા સત્ર શરૂ થઈ રહ્યું છે. નીતિશ કુમારની સરકાર ૨૦૨૫-૨૬નું બજેટ રજૂ કરશે. બજેટ સત્ર દરમિયાન બિહાર બીજેપી અધ્યક્ષના 'CM ફેસ' નિવેદનથી રાજકારણમાં ખળભળાટ મચી ગયો છે.

### પૌત્રએ દાદા-દાદી સહિત પરિવારના 3 સભ્યોની કરી ઘાતકી હત્યા કરી



। (એજન્સી) ગોરખપુર, તા.૨૮ ।

ગોરખપુરના ઝાંગહાના મોતીરામ અડ્ડામાં શુક્રવારે સવારે એક ભયાનક ઘટના સામે આવી છે, જેણે આખા ગામને હચમચાવી નાખ્યું. માનસિક રીતે બીમાર રામદયાલ મૌર્યએ તેના જ પરિવારના ત્રણ વડીલો, દાદા કુબેર મૌર્ય, પરદાદા સાધુ મૌર્ય અને દાદી દ્રૌપદી પર પાવડા વડે હુમલો કરીને તેમની હત્યા કરી હતી, પોલીસે આરોપીની ધરપકડ કરી છે. સવારે લગભગ સાત વાગ્યે કોઈરાન ટોલામાં રામદયાલે પહેલા ઘરના દરવાજા પર પાવડો માર્યો, જ્યારે દાદા કુબેરે તેને રોક્યો ત્યારે તેણે દાદાને પાવડા વડે માથા પર મારીને તેમની હત્યા કરી નાખી. દાદા કુબેર લોહીથી લથબથ થઈને જમીન પર પડી ગયા. રામદયાલના દાદા કુબેરની ચીસો સાંભળીને પરદાદા સાધુ તેને બચાવવા આવ્યા, પરંતુ રામદયાલનું ભયાનક રૂપ જોઈને તે પોતે જ તેનો શિકાર બની ગયો. જ્યારે દાદી દ્રૌપદીએ તેના પૌત્રને રોકવાનો પ્રયાસ કર્યો ત્યારે તેણે તેના પર પણ પાવડાથી હુમલો કર્યો. હત્યા બાદ રામદયાલ મૃતદેહને ખેંચીને એક જગ્યાએ બેસી ગયો. ગ્રામજનોએ હિંમત બતાવીને તેને પકડી લીધો અને પોલીસને જાણ કરી. પોલીસેઘટનાસ્થળેપહોંચીનેઆરોપીની ધરપકડ કરી હતી અને હત્યામાં વપરાયેલ પાવડો પણ કબજે કર્યો.

### એક સાથે ૫૭ દેશો માટે બહાર પડ્યું એલર્ટ

# વાયરસ ઓરી ખુબ જ સંક્રમક છે અને ઝડપથી ફેલાઈ રહ્યો છે

## આ વાયરસનું જોખમ એવા લોકો પર સૌથી વધુ છે જેમણે હજુ સુધી તેની રસી લીધી નથી કે પછી ક્યારેય આ બીમારીથી સંક્રમિત થયા નથી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૮ ।

ધરતી પર માણસો ગમે તેટલી પ્રગતિ કરે પરંતુ બીમારીઓ દર વખતે નવા જોખમ સ્વરૂપે સામે આવી જાય છે. આ વખતે એક ખતરનાક વાયરસે દુનિયાના ૫૭ દેશોને પોતાની ઝપેટમાં લીધા છે. જેનાથી એક નવો પડકાર ઊભો થઈ ગયો છે. સેન્ટર ફોર ડિસીસ કંટ્રોલ (CDC)એ આ દેશોમાં હાઈ લેવલ એલર્ટ જાહેર કરી છે. આ વાયરસ Measles (ઓરી) છે. જે ખુબ જ સંક્રમક છે અને ઝડપથી ફેલાઈ રહ્યો છે. આવામાં દરેકે સતર્ક રહેવાની અને પોતાને સુરક્ષિત રાખવાની જરૂર છે. CDC સામાન્ય રીતે આંતરરાષ્ટ્રીય



સ્વાસ્થ્ય સંકટો, રોગ પ્રકોપો, કુદરતી આફતો કે અન્ય ગંભીર સ્થિતિઓમાં ટ્રાવેલ હેલ્થ નોટિસ બહાર પાડે છે. આ વખતે દુનિયાભરમાં વધતા Measles (ઓરી) ના કેસ અંગે ચેતવણી બહાર પાડવામાં આવી છે. રિપોર્ટ્સ મુજબ અનેક દેશોમાં ઓરીના કેસોમાં વધારો જોવા મળી રહ્યો છે. આ વાયરસનું જોખમ એવા લોકો પર સૌથી વધુ છે જેમણે હજુ સુધી તેની રસી લીધી નથી કે પછી ક્યારેય આ બીમારીથી સંક્રમિત થયા નથી અને વિદેશ મુસાફરીની યોજના ઘડી રહ્યા છે. સીડીસીનું કહેવું છે કે તમામ આંતરરાષ્ટ્રીય પ્રવાસ કરનારાઓએ સ્સ્ઈ રસીનો પૂરો ડોઝ લેવો જોઈએ. ખાસ કરીને બાળકોને જે ૬ થી ૧૧ મહિના વચ્ચેના છે. ઓરી એક અત્યંત ચેપી રોગ છે જે સંક્રમિત વ્યક્તિના નાક અને ગળામાં હાજર હોય છે અને ઉધરસ અને છીંકથી હવામાં ફેલાય છે. આ વાયરસ હવામાં કે સપાટી પર બે કલાકથી વધુ સમય સુધી સક્રિય રહે છે. સંક્રમિત વ્યક્તિ દાણા નીકળ્યાના ચાર દિવસ પહેલા અને ચાર દિવસ બાદ સુધી વાયરસ ફેલાવી શકે છે. તેના લક્ષણોમાં તાવ, ઉધરસ, સતત નાક ગળવું, લાલ આંખ અને શરીર પર લાલ દાણા સામેલ છે. આ બીમારી નાના બાળકો, ગર્ભવતી મહિલાઓ અને નબળી રોગપ્રતિકારક શક્તિ ધરાવતા લોકો માટે ઘાતક સાબિત થઈ શકે છે. CDC મુજબ જે ૫૭ દેશોમાં ઓરીના કેસમાં વધારો જોવા મળ્યો છે જેમાં અફઘાનિસ્તાન, આર્મેનિયા, ઓસ્ટ્રિયા, અઝરબૈજાન, બેલારૂસ, બેલ્જીયમ, બેનીન, બોસ્નિયા અને હર્ઝગોવિના, બુર્કિના ફાસો, બુરુન્ડી, કેમરૂન, સેન્ટ્રલ આફ્રિકન રિપબ્લિક, ચાડ, આઈવરી કોસ્ટ, કાંગો, જિબૂતી, ક્વેટોરિયલ ગિની, ઈથિયોપિયા, જ્યોર્જિયા.

# બસમાં રેપકાંડનો આરોપી દત્તાત્રેય આખરે ઝડપાયો

। (એજન્સી) પુણે, તા.૨૮ ।

પુણેના સ્વારગેટ બસ સ્ટેશનમાં મંગળવારે ૨૫ ફેબ્રુઆરી ૨૦૨૫ના રોજ ૨૬ વર્ષની એક યુવતી સાથે દુષ્કર્મની ઘટના સામે આવી હતી. હવે પોલીસે આ મામલે આરોપીને દબોચી લીધો છે. પોલીસે પુણે શહેરના શિરુર તહસીલથી આરોપી દત્તાત્રેય ગાડેને કસ્ટડીમાં લીધો. આરોપી પર પહેલેથી જ ચોરી, ચેન સ્નેચિંગ અને લૂંટના કેસ નોંધાયેલા છે. એક કેસમાં તેની ધરપકડ પણ થઈ ચૂકી છે અને વર્ષ ૨૦૧૯થી તે જામીન પર બહાર છે. પોલીસે આરોપી દત્તાત્રેય ગાડેની મધરાતે અટકાયત કરી. તેને પકડવા માટે રાજ્યની અનેક જગ્યાઓ પર પોલીસફોર્સની તૈનાતી કરાઈ હતી. આરોપીને પકડવા માટે પોલીસની ૮ ટીમોએ સર્ચ અભિયાન ચલાવતા સ્નીફર ડોગ્સ અને ડ્રોન્સ પણ તૈનાત કર્યા હતા. અત્રે જણાવવાનું કે ૩૭ વર્ષનો આરોપી દત્તાત્રેય રામદાસ ગાડે એક હિસ્ટ્રીશીટર છે. તેના પર વર્ષ ૨૦૨૪માં પણ ચોરીનો કેસ નોંધાયો હતો જેના કારણે તેને પોલીસ સ્ટેશન બોલાવવામાં આવ્યો હતો. આ ઘટના મંગળવારે સવારે ૫.૩૦ વાગ્યા આસપાસની છે. પુણેમાં કામ કરતી એક યુવતી પોતાના ગામ જવા માટે સ્વારગેટ બસ સ્ટેન્ડમાં ઊભી હતી.

### રસ્તાઓ બંધ, અનેક ટૂરિસ્ટો ફસાયા

# ભારે બરફ વર્ષાના કારણે મનાલીમાં બત્તીગુલ

## મનાલીના સોલાંગનાલામાં ૨ થી ૩ ફૂટ અને અટલ ટનલ રોહતાંગમાં આશરે ૩.૫ ફૂટ તાજી હિમવર્ષા થઈ

। (એજન્સી) મનાલી, તા.૨૮ ।

હિમાચલ પ્રદેશ છેલ્લાં ૧૨ કલાકથી વરસાદ અને હિમવર્ષાના કારણે બ્લેક આઉટ થઈ ગયું છે. મનાલીના અનેક ગામાડા અંધકારમાં ડૂબી ગયા છે. આ સિવાય તેની આસપાસના વિસ્તારોમાં પણ સતત ચોથા દિવસે હિમવર્ષા શરૂ છે. મનાલીમાં અત્યાર સુધી આશરે ૧ ફૂટ સુધી તાજી હિમવર્ષા થઈ ચુકી છે. અનેક રસ્તા અને ગ્રામીણ વિસ્તારોમાં વીજ પુરવઠો ઠપ થઈ ચુક્યો છે. આ સાથે બદલાતા હવામાનના કારણે તાપમાનમાં પણ ભારે ઘટાડો જોવા મળ્યો છે. ખરાબ વાતાવરણને લઈને તંત્ર દ્વારા એલર્ટ જારી કરવામાં આવ્યું છે. વળી, પ્રસિદ્ધ હડિંબા મંદિરની છત પર વૃક્ષ પડી જતાં તેનો ઉપરનો ભાગ તૂટી ગયો હતો. મળતી માહિતી



અનુસાર, ગુરૂવારે (૨૭ ફેબ્રુઆરી) મોડી સાંજે હિમવર્ષા શરૂ થઈ હતી, જે શુક્રવાર બપોર સુધી શરૂ હતી. મનાલીના સોલાંગનાલામાં ૨ થી ૩ ફૂટ અને અટલ ટનલ રોહતાંગમાં આશરે ૩.૫ ફૂટ તાજી હિમવર્ષા થઈ ચુકી છે. જેના કારણે લેહ મનાલી હાઈવે બંધ કરવામાં આવ્યો છે. સતત થઈ રહેલાં હિમવર્ષાના કારણે અનેક રસ્તા પર તેની અસર જોવા મળી હતી. આ સિવાય ગ્રામીણ વિસ્તારોમાં વીજ પુરવઠો ઠપ થઈ ગયો હતો. જોકે, હવામાન વિભાગે આજે પણ હિમવર્ષાની સંભાવના વ્યક્ત કરી છે. કુલ્લુ ડિઝાસ્ટર મેનેજમેન્ટ પાસેથી મળેલી જાણકારી અનુસાર, કુલ્લુ જિલ્લામાં ૯૬૪ ટ્રાન્સફોર્મર ઠપ થઈ ગયા છે. મનાલીમાં સૌથી વધારે ૭૨૯ ટ્રાન્સફોર્મર હિમવર્ષાના કારણે બંધ થઈ ગયા છે. આ જ પ્રકારે, કુલ્લુમાં ૨૦૨ તેમજ આનીમાં ૨૬ ડીટીઆર બંધ છે. તંત્ર તરફથી સંપર્કનંબર૦૧૯૦૨-૨૨૫૬૦૩, ૨૨૫૬૩૧, ૨૨૫૬૩૨ શરૂ કરવામાં આવ્યા છે. અનેક પ્રવાસીઓ પણ મનાલીમાં ફસાઈ ગયા છે. જોકે, તમામ સુરક્ષિત છે અને પોતાની હોટેલમાં છે. પરંતુ, હિમવર્ષા અને ભૂસ્ખલનના કારણે ડરનો માહોલ છે. વરસાદ અને હિમવર્ષાના કારણે મનાલીમાં તમામ શાળા-કોલેજ બંધ કરવાનો આદેશ આપવામાં આવ્યો છે.

### ગંગોત્રી ધામમાં જોરદાર હિમવષા

# ગંગોત્રી ધામમાં ૪ ફૂટથી વધુ બરફની ચાદર પથરાઈ

## હવામાન વિભાગે આવનાર થોડા દિવસો સુધી વાતાવરણ હજુ ખરાબ રહેશે તેવી સંભાવના વ્યક્ત કરી છે

। (એજન્સી) દેહરાદુન, તા.૨૮ ।

ઉત્તરાખંડના ઉત્તરકાશી જિલ્લામાં ગુરૂવારે (૨૭ ફેબ્રુઆરી) થી સતત વરસાદ વરસી રહ્યો છે. ઊંચાણવાળા વિસ્તારોમાં ભારે હિમવર્ષાના કારણે જનજીવન ઠપ થઈ ગયું છે. નીચાણવાળા વિસ્તારમાં પણ સતત વરસાદ શરૂ છે.

જોકે, ઊંચાણવાળા વિસ્તારોમાં ભારે હિમવર્ષાના કારણે ગંગોત્રી ધામ, ગોમુખ, ચીડ વાસા, ભોજ વાસા, કનકૂ ઉડાર, ભૈરો ઝાપ અને કેદાર ગંગા વિસ્તાર સંપૂર્ણ રીતે સફેદ ચાદરમાં લપેટાઈ ગયું છે. ગંગોત્રી ધામમાં આ વખતે રેકોર્ડબ્રેક હિમવર્ષા જોવા મળી રહી છે. મુખ્ય મંદિરની આસપાસ આશરે ચાર ફૂટથી વધારે બરફ જામી ગયો છે. જોકે, હજુ સુધી





હિમવર્ષા શરૂ જ છે. મંદિરની છત અને આસપાસના વિસ્તારમાં પણ બરફની ચાદર છવાઈ ગઈ છે.

જેનાથી સંપૂર્ણ ધામનો નજારો અત્યંત મનમોહક દેખાઈ રહ્યો છે. પરંતુ, ત્યાંની પરિસ્થિત ખૂબ જ ગંભીર છે. જો આ પ્રકારે હજુ હિમવર્ષા શરૂ રહી તો આવનારા કલાકોમાં બરફની આ પરત વધી શકે છે. જેનાથી મંદિર અને અન્ય સંરચના પર ભાર વધી શકે છે. સતત શરૂ હિમવર્ષાના કારણે ઉત્તરકાશીના અનેક વિસ્તાર સંપર્કવિહોણા બન્યા છે.

ગોમુખ, ચીડ વાસા, ભોજ વાસા, કનકૂ, ઉડાર, ભૈરો ઝાપ અને કેદાર ગંગા વિસ્તાર સંપૂર્ણ રીતે બરફથી ઢંકાઈ ગયા છે. હવામાન વિભાગે આવનાર થોડા દિવસો સુધી વાતાવરણ હજુ ખરાબ રહેશે તેવી સંભાવના વ્યક્ત કરી છે. આ સિવાય લોકોને સાવચેત રહેવાની સલાહ આપવામાં આવી છે. તંત્ર તરફથી સ્થાનિક લોકો અને પ્રવાસીઓને બિનજરૂરી યાત્રા ટાળવા અને સુરક્ષિત જગ્યાએ રહેવાની સૂચના આપવામાં આવી છે.

### યોગીએ પોલીસકર્મીઓની મહેનતની પ્રશંસા કરી હતી

# યુપી પોલીસકર્મીઓ માટે એક સપ્તાહની રજા-બોનસની જાહેરાત

## ઉત્તર પ્રદેશના પ્રયાગરાજ મહાકુંભને સફળ બનાવવા પોલીસ-વહીવટી તંત્રએ મહત્વની ભૂમિકા ભજવી હતી

। (એજન્સી) પ્રયાગરાજ, તા.૨૮ ।

ઉત્તર પ્રદેશના પ્રયાગરાજ મહાકુંભ મેળાનું ભવ્ય આયોજન સફળ રહ્યું છે. ૪૫ દિવસના આ મહાકુંભમાં ૬૬ કરોડથી વધુ શ્રદ્ધાળુઓએ સંગમમાં સ્નાન કર્યું છે. તેને સફળ બનાવવામાં ઉત્તર પ્રદેશ પોલીસનો સૌથી મોટો ફાળો રહ્યો છે. આ કારણે યોગી સરકારે લગભગ બે મહિનાથી સતત દિવસ-રાત કામ કરી રહેલા પોલીસકર્મીઓને મોટી ભેટ આપી છે. લગભગ ૫૦ હજાર પોલીસકર્મીઓને એક સપ્તાહની રજા આપવામાં આવશે. આ ઉપરાંત બોનસની પણ જાહેરાત કરવામાં આવી છે. UP DGP પ્રશાંત કુમારે જણાવ્યું કે મહાકુંભ મેળામાં ફરજ બજાવતા પોલીસકર્મીઓને એક સપ્તાહની રજા આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. લગભગ ૪૦ થી ૫૦ હજાર પોલીસકર્મીઓ છે, જેમને અલગ-અલગ સમયે રજા આપવામાં આવશે. આ સાથે રાજ્યના પોલીસકર્મીઓને ૧૦,૦૦૦ રૂપિયાનું બોનસ પણ આપવામાં આવશે. જેમાં નોન-ગેઝેટેડ પોલીસકર્મીઓનો સમાવેશ થશે. ડીજીપી પ્રશાંત કુમારે કહ્યું કે તેમને મહાકુંભ સેવા મેડલથી સન્માનિત કરવાનો નિર્ણય પણ લેવામાં આવ્યો છે. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે કહ્યું કે મેં ઉત્તર પ્રદેશ પોલીસ દળની ક્ષમતાને આગળ વધતી જોઈ છે. મને યાદ છે, એક સમયે ઉત્તર પ્રદેશના ગૃહ વિભાગનું બજેટ ખૂબ જ સરળ હતું અને હાલમાં એકલા પોલીસ દળનું બજેટ ૪૦ હજાર કરોડ રૂપિયા છે. આ એ જ રાજ્ય હતું જ્યાં દર બીજા દિવસે રમખાણો થતા હતા. આ સમગ્ર મહાકુંભ દરમિયાન યુપી પોલીસ વિભાગ સહિત તમામ વિભાગોએ ઉત્તમ કામગીરી કરી છે. તમને જણાવી દઈએ કે યુપી પોલીસની આ અજોડ મહેનતને જોતા સીએમ યોગી આદિત્યનાથે મોટી જાહેરાત કરી છે. તમામ પોલીસકર્મીઓને અલગ-અલગ સમયે આ રજા આપવાનો મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે.

# ડમ્પરે 3 યુવકોને કચડી નાખ્યાં, એકને તો ૫ કિ.મી. ઢસડી ગયો

## બસાઈ અરેલા વિસ્તારના અરનોટા ગામ પાસે એક ઝડપી ડમ્પરે બાઇક સવાર ત્રણ યુવકોને ટક્કર મારી હતી

। (એજન્સી) ફતેહાબાદ, તા.૨૮ ।

ફતેહાબાદ રોડ પર એક બેકાબૂ ડમ્પરે બાઈકને ટક્કર મારી હતી. ટક્કર બાદ બાઈક ડમ્પરમાં ફસાઈ ગઈ હતી અને ડમ્પર ચાલક ૫ કિલોમીટર સુધી બાઈકને ઢસડી ગયો હતો. ભયાનક અકસ્માતમાં બાઈક સવાર ત્રણેય યુવકોના મોત નિપજ્યા છે. મૃતકોની ઓળખ તિવાઈગઢી ફિરોઝાબાદના રહેવાસી પપ્પુના પુત્ર શિવકુમાર, તિવાઈગઢી ફિરોઝાબાદ નિવાસી નારાયણ સિંહના પુત્ર કિતાબ સિંહ, ભાઈપુરા નિબોહારા નિવાસી મહેન્દ્ર સિંહના પુત્ર માખન સિંહ તરીકે થઈ છે. એવું કહેવામાં આવ્યું હતું કે બસાઈ અરેલા પોલીસ સ્ટેશન વિસ્તારના ફિરોઝાબાદના તિવાઈ ગઢીના રહેવાસી ત્રણેય યુવકો બાઈક પર લગ્ન સમારંભમાં ગયા હતા. બસાઈ અરેલા વિસ્તારના અરનોટા ગામ પાસે એક ઝડપી ડમ્પરે બાઈક સવાર ત્રણ યુવકોને ટક્કર મારી હતી.

**પશ્ચિમ રેલવે-અમદાવાદ ડિવિઝન**

**પાર્સલ સ્પેસ લિઝ પર આપવા માટે ઈ-હરાજી**

પત્ર નં. WR-ADIOCOMM(9LPP)/3/2022 તારીખ: 28.02.2025, અમદાવાદ ડિવિઝન પર થી ઉપડતી પેસેન્જર વહન કરતી ટ્રેનોમાં પાર્સલ સ્પેસ લિઝીંગ પર આપવા માટે ઈ-હરાજી આમંત્રિત કરવામાં આવે છે. કેટલોગ પહેલેથી જ IREPS વેબસાઇટ પર પ્રકાશિત કરવામાં આવેલ છે. વિગતો નીચે જણાવ્યા મુજબ છે:

| કેટલોગ નં | કોન્ટ્રાક્ટનો પ્રકાર | કેટેગરી | ઈ-હરાજીની તારીખ અને સમય |
|---|---|---|---|
| ADI-Lease -03-25 | પાર્સલ | પાર્સલ-એસએલઆર અને પાર્સલ - પાર્સલ વાન | તમામ લોટ્સ માટે ઈ-હરાજી તા.19.03.2025 ના 10:00 કલાકે શરૂ થશે. |

નોંધ: પ્રસ્તાવિત બિડર્સને IREPS વેબસાઈટ (www.ireps.gov.in) પર ઈ-હરાજી લિઝીંગ મોડ્યુલની મુલાકાત લેવાની વિનંતી કરવામાં આવે છે. લોટ મુજબની વિગતો તેમાં ઉપર જણાવેલ કેટલોગ નંબર હેઠળ ઉપલબ્ધ છે. પ્રારંભિક કુલિંગ ઓફ સમયગાળો 30 મિનિટ છે. સફળ લોટ બંધ થવાનો મધ્યાંતર 10 મિનિટ છે. લોટ-પ્રમાણે બંધ થવાનો સમય IREPS ના ઈ-હરાજી મોડ્યુલ પર જોઈ શકાશે. 337

અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: x.com/WesternRly

**પશ્ચિમ રેલવે, ભાવનગર ડિવિઝન**

**મિલ્ક સ્ટોલ માટે ઇ – ટેન્ડર આમંત્રિત કરવાની સૂચના**

ટેન્ડર નંબર:- DRM/COMML/CATG/01/2025 તારીખ: 27/02/2025; ડિવિઝનલ રેલ્વે મેનેજર, કોમર્શિયલ વેસ્ટર્ન રેલ્વે, ભાવનગર દ્વારા પ્રતિનિધિત્વ કરાયેલ ભારતના રાષ્ટ્રપતિ માટે અને તેના વતી ભાવનગર ડિવિઝનના નીચેના બી, ડી,ઇ અને એફ વર્ગ સ્ટેશન પર "મિલ્ક સ્ટોલ" માટે ઇ-ટેન્ડર આમંત્રિત કરે છે.

| ક્રમ નં. | સ્ટેશન | શ્રેણી | સ્થાન | અનામત કિંમત (₹ માં)/ પ્રથમ ત્રણ વર્ષ માટે વાર્ષિક અને ચોથા અને પાંચમા વર્ષ માટે અનામત કિંમતમાં 10%નો વધારો | ઇએમડી રકમ (₹) |
|---|---|---|---|---|---|
| 1 | બોટાદ | B | પી એફ નં. 1 | 136125 + જીએસટી | 14200 |
| 2 | જૂનાગઢ | B | પી એફ નં. 1 | 136125 + જીએસટી | 14200 |
| 3 | પોરબંદર | B | પી એફ નં. 1/2 | 139700 + જીએસટી | 14600 |
| 4 | ગોંડલ | B | પી એફ નં.1 | 45375 + જીએસટી | 4800 |
| 5 | જેતલસર | D | પી એફ નં. 2/3 | 52140 + જીએસટી | 5500 |
| 6 | કેશોદ | D | પી એફ નં.1 | 40000 + જીએસટી | 4200 |
| 7 | ભાવનગર પરા | D | પી એફ નં.1 | 36000 + જીએસટી | 3800 |
| 8 | સાવરકુંડલા | D | પી એફ નં.1 | 31900 + જીએસટી | 3400 |
| 9 | ગાંધીગ્રામ | D | પી એફ નં.1 | 72600 + જીએસટી | 7600 |
| 10 | ધંધુકા | D | પી એફ નં.1 | 23000 + જીએસટી | 2400 |
| 11 | ધોલા જં. | D | પી એફ નં.1 | 52800 + જીએસટી | 5500 |
| 12 | મહુવા | D | પી એફ નં.1 | 31900 + જીએસટી | 3400 |
| 13 | સોનગઢ | D | પી એફ નં. 1 | 100360 + જીએસટી | 10500 |
| 14 | અમરેલી | E | પી એફ નં.1 | 36000 + જીએસટી | 3800 |
| 15 | ધસા જં. | E | પી એફ નં.1 | 25500 + જીએસટી | 2700 |
| 16 | ઢોળકા | E | પી એફ નં.1 | 23000 + જીએસટી | 2400 |
| 17 | સાસણગીર | E | પી એફ નં.1 | 25500 + જીએસટી | 2700 |
| 18 | સરખેજ | E | પી એફ નં.1 | 32000 + જીએસટી | 3400 |
| 19 | બાવળા | E | પી એફ નં.1 | 23000 + જીએસટી | 2400 |
| 20 | વીરપુર | E | પી એફ નં. 1 | 24000 + જીએસટી | 2500 |
| 21 | વિસાવદર | E | પી એફ નં.1 | 16000 + જીએસટી | 1700 |
| 22 | વસ્ત્રાપુર | F | પી એફ નં.1 | 34500 + જીએસટી | 3600 |

ટેન્ડર ખોલવાની અને બંધ કરવાની તારીખ: ટેન્ડર 07/04/2025 ના રોજ 15:00 કલાકે બંધ થશે અને ટેન્ડર 07/04/2025 ના રોજ 15:30 કલાકે ખુલશે. ટેન્ડર ફોર્મની કિંમત: ₹ 5,900/- (જીએસટી સહિત); કરારની મુદત: 5 વર્ષ; ઓફરની માન્યતા: 60 દિવસ; વેબસાઇટ: https://www.ireps.gov.in; બિડ દસ્તાવેજ આઇઆરઇપીએસ પોર્ટલ, www.ireps.gov.in પર પણ ડાઉનલોડ કરી શકાય છે અને બિડ આઇઆર પોર્ટલ, www.ireps.gov.in પર ઑનલાઇન સબમિટ કરી શકાય છે. બિડિંગ દસ્તાવેજોની કિંમત માટે અને બાનાની ઈ ચુકવણીની રસીદ સાથે જે નિષ્ફળ થવાથી ઓફર ટૂંકમાં નકારવામાં આવશે. સરનામું: ડિવિઝનલ કોમર્શિયલ મેનેજરની ઓફિસ, ડીઆરએમ ઓફિસ, પશ્ચિમ રેલવે, ગઢેચી વડલા પાસે, ભાવનગર પરા 364003. 207

અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: x.com/WesternRly

# તંત્રી લેખ...

## જર્મનીમાં સત્તા પરિવર્તન

જર્મનીમાં સત્તા પરિવર્તન યુરોપમાં દક્ષિણપંથ અને કંઝર્વેટિવના વધતા પ્રભાવને દર્શાવે છે. સોશ્યલ ડેમોક્રેટિક પાર્ટીના પ્રમુખ ચાન્સેલર ઓલાફ શુલ્ઝની કારમી હાર થઈ છે. ૬૩૦ સદસ્યોની જર્મન સંસદ (બુંડેશ્ટાગ)માં શુલ્ઝની પાર્ટી એસડીપી ૧૨૧ સીટો સાથે ત્રીજા સ્થાન પર છે. યુરોપીય યુનિયનમાં સૌથી મોટા અને શક્તિશાળી દેશ જર્મનીમાં ચાન્સેલર શુલ્ઝનું ગઠબંધન નવેમ્બરમાં તૂટી જવાને કારણે લગભગ સાત મહિના પહેલાં જ ચૂંટણીઓ કરાવાઈ, જેમાં ફ્રેડરિક મર્ઝની પાર્ટી ક્રિશ્ચિયન ડેમોક્રેટિક યુનિયન (સીડીયુ)ના કંઝર્વેટિવ ગઠબંધનને સૌથી વધારે સીટો મળી છે. જોકે ગઠબંધનને બહુમતી નથી મળી. એક્ઝિટ પોલમાં પણ કંઝર્વેટિવ ગઠબંધન સીડીયુ અને સીએસયુની જીતનું અનુમાન લગાવવામાં આવ્યું હતું. બીજા વિશ્વયદ્ધ બાદ જર્મનીમાં કોઈ ઘોર દક્ષિણપંથી ગઠબંધનની આટલી મોટી જીત થઈ છે. જોકે પહેલાં સીડીયુ પાર્ટીની જ એન્જેલા મર્કેલ ચાન્સેલર રહ્યાં છે. જર્મનીમાં આ પરિવર્તન ચોંકાવનારું છે. યુરોપમાં ઉદાર અને સોશ્યલીસ્ટ પક્ષોનો દબદબો હાલનાં વર્ષોમાં મજબૂત થયો છે, પરંતુ સ્થાનિક સ્તર પર આર્થિક અને સામાજિક મુદ્દાએ કંઝર્વેટિવ વિચારોવાળા પક્ષો માટે જમીન ફળદ્રુપ બનાવી દીધી છે. અર્થવ્યવસ્થાની સુસ્ત ગતિ, નવા રોજગાર સર્જનમાં સુસ્તી, અપ્રવાસીઓની વધતી હાજરી, સાંસ્કૃતિક અને સામાજિક ડેમોગ્રાફીમાં બદલાવ વગેરે એવી સ્થિતિઓ છે, જેને કારણે કંઝર્વેટિવ પક્ષોને સફળતા મળી રહી છે. અમેરિકામાં પણ અમેરિકી રાષ્ટ્રવાદ અદ્ધે સંરક્ષણવાદનો નારો લગાવનારા ટ્રમ્પના પક્ષને જ વિજય મળ્યો છે. ટ્રમ્પે જર્મનીમાં સત્તા પરિવર્તન પર ખુશી વ્યક્ત કરી છે અને તેને જર્મન રાષ્ટ્રવાદના ઉદય રૂપે ગણાવ્યું છે. કંઝર્વેટિવ સીડીયુ/સીએસયુ ગઠબંધનની જીત બાદ હવે ફ્રેડરિક મર્ઝ જર્મનીના નવા ચાન્સેલર બની શકે છે. ૬૯ વર્ષીય મર્ઝ પાસે સરકાર ચલાવવાનો કોઈ અનુભવ નથી, પરંતુ તેમણે દેશને બહેતર નેતૃત્વ આપવાનો વાયદો કર્યો છે. ખાસ વાત છે કે બીજી ઘોર દક્ષિણપંથી પાર્ટી એએફડી ૨૦ ટકા મતો મેળવીને બીજા સ્થાને છે. એટલે કે પહેલા અને બીજા સ્થાન પર દક્ષિણપંથી દળો છે. જર્મનીમાં દક્ષિણપંથી ગઠબંધન સત્તામાં આવ્યા બાદ યુરોપીય યુનિયનના કામકાજ પર પણ તેની અસર પડશે. ઈયુમાં જર્મની પ્રમુખ સદસ્ય દેશ છે. ઓલાફ શુલ્ઝની સોશ્યલ ડેમોક્રેટિક પાર્ટીએ બીજા વિશ્વ યુદ્ધ બાદથી પોતાનું સૌથી ખરાબ પ્રદર્શન કર્યું છે. પાર્ટીને માત્ર ૧૬.૫ ટકા મત મળ્યા છે. ગ્રીન્સ પાર્ટીને ૧૨ ટકા મત મળ્યા છે. જર્મનીમાં ચૂંટણી એવા સમયે થઈ છે જ્યારે યુરોપની સૌથી મોટી અર્થવ્યવસ્થામાં વર્ષોથી ચાલ્યા આવતા અટકાવ, ગેરકાયદે પ્રવાશીઓ પર અંકુશ લગાવવાનું દબાણ તથા યુક્રેનના ભવિષ્ય, યુરોપના અમેરિકા સાથે ગઠબંધનને લઈને વધતી અનિશ્ચિતતા જેવી ચિંતાઓ સામે આવી રહી છે.

## ડો. મનસુખ માંડવિયાએ EPFના સેન્ટ્રલ બોર્ડ ઓફ ટ્રસ્ટીઝ (CBT)ની ૨૩૭મી બેઠકની અધ્યક્ષતા કરી

કેન્દ્રીય શ્રમ અને રોજગાર અને યુવા બાબતો અને રમતગમત મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ આજે નવી દિલ્હીમાં સેન્ટ્રલ બોર્ડ ઓફ ટ્રસ્ટીઝ (CBT), EPF ની ૨૩૭ મી બેઠકની અધ્યક્ષતા કરી હતી. આ બેઠક દરમિયાન ઉપાધ્યક્ષ સુશ્રી શોભા કરંદલાજે, કેન્દ્રીય શ્રમ અને રોજગાર અને સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગ રાજ્યમંત્રી , સહ-ઉપાધ્યક્ષ સુશ્રી સુમિતા દાવરા, સચિવ, શ્રમ અને રોજગાર અને સભ્ય સચિવ શ્રી રમેશ કૃષ્ણમૂર્તિ, કેન્દ્રીય પીએફ કમિશનર પણ હાજર રહ્યા હતા. CBT એ નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે સભ્યોના ખાતામાં EPF સંચય પર ૮.૨૫% વાર્ષિક વ્યાજ દર જમા કરવાની ભલામણ કરી હતી. ભારત સરકાર દ્વારા વ્યાજ દર સત્તાવાર રીતે સૂચિત કરવામાં આવશે, ત્યારબાદ EPFO સબ્સ્ક્રાઈબર્સના ખાતામાં વ્યાજ દર જમા કરશે. ઘણા અન્ય ફિક્સ્ડ-ઈન્કમ સાધનોની તુલનામાં, કર્મચારી ભવિષ્ય નિધિ (EPF) પ્રમાણમાં ઊંચું અને સ્થિર વળતર આપે છે, જે બચતમાં સ્થિર વૃદ્ધિ સુનિશ્ચિત કરે છે. EPF થાપણો પર મળતું વ્યાજ કરમુક્ત છે (નિર્ધારિત મર્યાદા સુધી), જે તેને પગારદાર વ્યક્તિઓ માટે ખૂબ જ આકર્ષક રોકાણ વિકલ્પ બનાવે છે. આ EPFO ના રોકાણોની ક્રેડિટ પ્રોફાઈલ અને તેના સભ્યોને સ્પર્ધાત્મક વળતર આપવાની ક્ષમતામાં મજબૂત વિશ્વાસ દર્શાવે છે. સુધારાના એજન્ડાને આગળ ધપાવતા, ડૉ. મનસુખ માંડવિયાની અધ્યક્ષતામાં CBT એ CBT મીટિંગ દરમિયાન શ્રેણીબદ્ધ પાથ બ્રેકિંગ નિર્ણયો લીધા. મીટિંગમાં બોર્ડ દ્વારા લેવામાં આવેલા મુખ્ય નિર્ણયોમાં શામેલ છેઃ EDLI યોજના હેઠળ વીમા લાભોમાં વધારો : કર્મચારી ડિપોઝિટ લિંક્ડ ઈન્શ્યોરન્સ (EDLI) યોજનાના વાસ્તવિક મૂલ્યાંકનને અનુસરીને, બોર્ડે સભ્યોના પરિવારને વધુ નાણાકીય સુરક્ષા અને સહાય પૂરી પાડવા માટે યોજનામાં મુખ્ય ફેરફારોને મંજૂરી આપી. આ શ્રેણી હેઠળની મુખ્ય ફરિયાદોને દૂર કરશે અને લાભ દાવેદારો માટે વધુ સમાવેશી અભિગમ સુનિશ્ચિત કરશે. સુધારેલી યોજના હેઠળ મુખ્ય સુધારાઓ આ પ્રમાણે હશેઃ સેવાના એક વર્ષની અંદર મૃત્યુ માટે લઘુત્તમ લાભ રજૂ કરવામાં આવ્યો : EPF સભ્ય સતત એક વર્ષ સેવા પૂર્ણ કર્યા વિના મૃત્યુ પામે છે તેવા કિસ્સાઓમાં ઓછામાં ઓછા રૂ. ૫૦,૦૦૦ નો જીવન વીમા લાભ પૂરો પાડવામાં આવશે. આ સુધારાથી દર વર્ષે સેવા દરમિયાન મૃત્યુના ૫,૦૦૦ થી વધુ કેસોમાં વધુ લાભ મળવાની અપેક્ષા છે. બિન-ફાળો આપનારા સમયગાળા પછી સેવા દરમિયાન મૃત્યુ પામેલા સભ્યો માટે લાભ : અગાઉ, આવા કિસ્સાઓમાં EDLI લાભો નકારવામાં આવતા હતા જેમને સેવાથી દૂર મૃત્યુ તરીકે ગણવામાં આવતા હતા. હવે, જો કોઈ સભ્ય તેમના છેલ્લા યોગદાનના છ મહિનાની અંદર મૃત્યુ પામે છે, તો EDLI લાભ સ્વીકાર્ય રહેશે, જો સભ્યનું નામ યાદીમાંથી અટકેલું ન હોય. આ ફેરફારથી દર વર્ષે આવા મૃત્યુના ૧૪,૦૦૦ થી વધુ કેસોને લાભ મળવાનો અંદાજ છે. સેવા સાતત્યતાનો વિચાર : અગાઉ, બે સંસ્થાઓમાં રોજગાર વચ્ચે એક કે બે દિવસ (જેમ કે સપ્તાહના અંતે અથવા રજાઓ) ના અંતરને કારણે ઓછામાં ઓછા રૂ. ૨.૫ લાખ અને મહત્તમ રૂ. ૭ લાખના EDLI લાભોનો ઈનકાર કરવામાં આવતો હતો, કારણ કે એક વર્ષની સતત સેવાની શરત પૂરી કરવામાં આવતી ન હતી. નવા ફેરફારો હેઠળ, રોજગારના બે સમયગાળા વચ્ચે બે મહિના સુધીના અંતરને હવે સતત સેવા ગણવામાં આવશે, જે ઉચ્ચ ક્વોન્ટમ EDLI લાભો માટે પાત્રતા સુનિશ્ચિત કરશે. આ ફેરફારથી દર વર્ષે સેવા દરમિયાન મૃત્યુના ૧,૦૦૦ થી વધુ કેસોને ફાયદો થવાની અપેક્ષા છે. આ ફેરફારોના પરિણામે દર વર્ષે સેવા દરમિયાન મૃત્યુના ૨૦,૦૦૦ થી વધુ કેસોમાં EDLI હેઠળ વધુ લાભ મળવાનો અંદાજ છે. આ સુધારાઓનો ઉદ્દેશ્ય EPF સભ્યોના પરિવારો માટે સામાજિક સુરક્ષા લાભો વધારવાનો, વધુ સારી નાણાકીય સુરક્ષા સુનિશ્ચિત કરવાનો અને મુશ્કેલીમાં મુકાયેલા પરિવારો દ્વારા સામનો કરવામાં આવતી મુશ્કેલીઓ ઘટાડવાનો છે.

**માનસ ગોદાવરી (ભાગ ૩) તુલસીજી કહે છે કે સંયમ નિયમ એ ફૂલ છે પરંતુ ફળ એ જ્ઞાન છે. કેરી ફળ છે, પરંતુ કાચી હોય તો! જ્ઞાન ફળ છે**

# ભૂખ તરસ, મોહ શોક અને જન્મ મૃત્યુ એમ 'છ' પ્રકારની ઉર્મિથી માનવ જીવન સંચાલિત છે



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

**તુલસીનું પરમ તત્વ તો પ્રેમથી પ્રગટ થાય છે અને એ તુલસીએ જીવી બતાવ્યો, મીરા એ નાચીને બતાવ્યો, ચૈતન્ય એ આંસુમાં એને પરોવ્યો, કબીરે પોતાની સાધુકડી બોલીમાં એ પ્રેમને પ્રસ્તુત કર્યો, રામ હી કેવલ પ્રેમ પિયારા, જાની લેઉં જો જાન નિહારા, માનસ મીરાનું નિવેદન યાદ કરતા કહ્યું કે, મીરાં પાંચ પ્રકારની દિવાની હતી.**

માનસ ગોદાવરીનાં ત્રીજા દિવસે અમુક પ્રશ્નોના જવાબ આપી કથાની શરૂઆત કરી, અને પછી ચિંતન શરૂ કર્યું. શાસ્ત્રમાં છ પ્રકારની ઉર્મિઓની વાત કરી છે. છ પ્રકારની ઉર્મિઓ પ્રત્યેક દેહધારી વ્યક્તિમાં ઊઠે જ એ નિર્વિવાદ સત્ય છે. પ્રાણ મન અને શરીર એમ આપણા મુખ્ય ત્રણ શરીર છે. પ્રાણની બે ઉર્મિ ભૂખ અને તરસ, એ પૂરી થવી જોઈએ, એ પ્રાણની માંગ છે. જો માણસ ખોરાક ગ્રહણ ન કરે તો પ્રાણ ધીરે ધીરે અન્નના અભાવમાં નિષ્પ્રાણ થાય છે. આપણા શાસ્ત્રો એ તો ત્યાં સુધી કહ્યું છે કે ભોજન કરો પરંતુ ઔષધીના રૂપમાં એ તમારો ભોગ નથી, તમારું સ્વાસ્થ્ય જળવાઈ એવી ઔષધી છે.

**હરિ વ્યાપક સર્વત્ર સમાના,**
**પ્રેમ તે પ્રગટ હોઈ મે જાના.**

તુલસીનું પરમ તત્વ તો પ્રેમથી પ્રગટ થાય છે અને એ તુલસીએ જીવી બતાવ્યો, મીરા એ નાચીને બતાવ્યો, ચૈતન્ય એ આંસુમાં એને પરોવ્યો, કબીરે પોતાની સાધુકડી બોલીમાં એ પ્રેમને પ્રસ્તુત કર્યો, રામ હી કેવલ પ્રેમ પિયારા, જાની લેઉં જો જાન નિહારા. માનસ મીરાનું નિવેદન યાદ કરતા કહ્યું કે, મીરાં પાંચ પ્રકારની દિવાની હતી. મીરાં રૂપ દિવાની, મીરાં પ્રેમદિવાની, મીરાં દર્દ દિવાની, મીરાં નામ દિવાની, મીરાં સંત દિવાની. આજકાલ સાધનાના ખોટા બ્રહ્મ ઊભા થયા છે, લોકોને તપસ્વી થવું છે, પણ પ્રેમી થવું નથી. પ્રેમ સ્વયં તપ છે, પ્રેમ સ્વયં તપશ્ચર્યા છે. તપશ્ચર્યા કોને કહીશું! અન્નના ત્યાગને? જે અન્ન છોડી દે છે એ ક્યારેય હસી શકતા નથી. લોકોને ભૂખ ભજનની હોવી જોઈએ! તપશ્ચર્યા કરવાથી પ્રાણના તરંગોથી બચી શકાતું નથી! જે ઉપવાસ કરે છે, એને નમન. મનના બે તરંગ શોક અને મોહ હોય છે. મન છે તો મોહ છે, અને મન છે તો શોક પણ છે. જો મન મટી જાય તો અતીત અનુસંધાન છૂટી જાય, એટલે શોક ન રહે, અને વર્તમાનમા આ જોઈએ છે, કે આ મારું છે, એવો મોહ પણ મટી જાય! પણ એ તો મન મટી જાય, તો જ સંભવ છે, અને મન મટવું એ ખરેખર કઠિન છે. શરીરના તરંગ કે ઉર્મિ જન્મ અને મૃત્યુ છે, શરીર છે તો જન્મ છે. વિશ્વના કોઈ ચિંતકે આટલું ઊંચું ચિંતન કર્યું નથી. મા બાપના શરીર છે, તો આપણો જન્મ છે, અને જન્મ છે એટલે ક્યાંક ને ક્યાંક એનું અને આપણું મૃત્યુ છે. જન્મ અને મૃત્યુ બે જોડિયા છે, જન્મ થાય એટલે મૃત્યુ સાપેક્ષ રીતે સાથે જ રહે છે, અને એટલે જ શંકરાચાર્યએ કહ્યું છે'' ન મૃત્યુશંકા ન મે જાતિભેદઃ। ફળમાં તો ગોટલો પણ હોય અને છાલ પણ હોય પણ, પ્રેમ એ પ્યોર રસ છે,અને ભરત એ જ રસ માંગે છે. રતિ એટલે રસ! તુલસીના બળે બોલી રહ્યો છું, તુલસી એ ધર્મને ફળ કહ્યું, અને રતિને રસ કહ્યો. અર્થ ફળ છે, પણ અર્થનો સદ ઉપયોગ કરવામાં જે રસ આવે છે, એ રસ અલભ્ય છે. કોઈ કોઈ ધર્મમાં સંગીતની મનાઈ છે, અને કહે છે સંગીત આપણી ૯૦% ઉર્જાને નિમ્ન લઈ જાય છે, પણ સારું ગીત સંગીત સાંભળવાથી બાકી બચેલી દસ ટકા ઉર્જા આપણને કામ નહીં પણ રામ સુધી પહોંચાડી દે છે. તુલસીજી કહે છે કે સંયમ નિયમ એ ફૂલ છે પરંતુ ફળ એ જ્ઞાન છે. કેરી ફળ છે, પરંતુ કાચી હોય તો! જ્ઞાન ફળ છે, પરંતુ કાચું હોય તો, એટલે કે બૌદ્ધિકતા કાચી હોય તો? કાચી કેરીની ચટણી થઈ શકે છે, પણ રસ નીકળે નહીં, એ જ રીતે ફળ પાકેલું હોય તો જ એ રસ આપે છે. ભલે ચતુરાઈ લાગે પણ ફળની બદલે રસની માંગણી કરવા વાળા પામી ગયાં. અમારો નરસિંહ મહેતા ગાય છે પ્રેમરસ પાને તુ મોરનાં પીચ્છધર! તત્વનું ટુપણું તુચ્છ લાગે. રતિ કહો પ્રેમ કહો એ રસ છે અને એટલે જ રામચરિત માનસની આરતીમાં લખ્યું છે.

**ગાવત વેદ પુરાન અષ્ટદસ,**
**છઓ શાસ્ત્ર સબ ગ્રંથન કો રસ.**

હું રસની કથા ગાઉં છું,એના વગર રહી નથી શકતો, એ જ તો મારું જીવન છે. પણ તમે શું કામ સાંભળો છો? શું તમને મોક્ષ મળી જશે કે પછી સ્વર્ગ મળી જશે? મોક્ષ હરિકથામાં જ છે! કોઈ પહોંચેલા બુદ્ધ પુરુષ સાથે ચાર કલાક કોઈ વૃક્ષ નીચે બેસવામાં આવે તો એ વૃક્ષને પાનખર નથી આવતી! આપણે તો રસના ઉપાસક છીએ નરસિંહને યાદ કરી કહ્યું,

**રામ સભામાં અમે રમવાને ગ્યાતા!**
**પસલી ભરી રસ પીધો રે!**

નરસિંહ નરસિંહ છે, અને તુલસી તુલસી છે, પણ કાળ ગણનામાં પહેલા નરસિંહ આવ્યાં એટલે વૈષ્ણવ જનનાં બધા સૂત્રો તુલસીના રામચરિત માનસમાં આવી જાય છે. ભક્તિ કરવી હોય એને કોઈનો આદેશ માનવાની જરૂર નથી. પંચવટીમાં ભગવાને કહ્યું કે દેવી હવે હું લલિત નરલીલા કરવાનો છું, મારિચને જોઈ તમારે મોહિત થવાનું છે, હું એનો શિકાર કરવા જાઉં, ત્યારે રાવણ આવી તમારુ અપહરણ કરવા આવશે, અને તમારે એની સાથે જવાનું છે. સીતાજી એ ભગવાનને સ્પષ્ટ ના પાડી દીધી, અને કહ્યું કે આપની સુંદરતા જોયાં પછી હરણની સુંદરતા પર મોહિત થાઉં! મારી સેવા કરનાર લક્ષ્મણને કટુ વચન કહું? આપથી વિખૂટી પડું? અને રામે કહ્યું તમારી છાંયાથી કામ ચલાવીશ. એટલે ભક્તિ કોઈને આધીન નથી.

**સૂરસરિ સરસઈ દિનકર કન્યા,**
**મેકલસૂતા ગોદાવરી ધન્યા.**
**અનૂજ સમેત ગએ પ્રભુ તહવાં,**
**ગોદાવરી તટ આશ્રમ જહવાં.**

સૂરસરી એટલે ગંગા, સરસઈ એટલે સરસ્વતી, દિનકર કન્યા એટલે યમુના, જમુનાજી, રવિ તનયા,અને મેકલસૂતા એટલે રેવા, પછી ગોદાવરી ધન્યા. આ ચોપાઈ ગાઈએ એટલે પાંચેયનાં સ્નાનથી ધન્ય થઈ જવાય! આ બધી નદીઓ ધન્ય તો છે જ પણ ગોદાવરી ધન્યા એમ કહ્યું છે.

**ધન્ય ધન્ય ગીરી રાજકુમારી,**
**તુમ સમાન ન કોઉ ઉપકારી**

માનસનાં આરંભમાં પાર્વતીજી રામ કોણ છે? પ્રશ્ન કરે છે, એનાં જવાબમાં શિવજી કહે છે,

**ધન્ય દેશ સો જહં સૂરસરિ,**
**ધન્ય નારી પતિવ્રત અનુસરી.**

તુલસી કહે છે કે એ દેશ ધન્ય છે જ્યાં ગંગા વહે છે, એ નારી ધન્ય છે જે પતિવ્રતા વ્રતનું પાલન કરે છે, એ રાજા ધન્ય છે જે નીતિ અને ન્યાયથી હટતો નથી. જે સદગુરુની સમીપે પહોંચી ગયો છે, જેને વિદ્યા પ્રાપ્ત કરવી છે, એવો વિપ્ર ધન્ય છે કે જે ક્યારેય પોતાના ધર્મને છોડતો નથી.

**સો ધન ધન્ય પ્રથમ ગતિ જાકી,**
**ધન્ય પુન્ય રત મતિ સોઈ પાકી.**

ઉમા જે ધન ધન્ય છે, જેની પહેલી ગતિ હોય, એટલે કે ધનવાનને તુલસી પ્રથમ લિસ્ટમાં મુકે છે. ધનની ત્રણ ગતિ હોય છે પહેલી દાન, બીજી ભોગ, અને ત્રીજી વિનાશ. એટલે પ્રમાણિકતાથી આવકનો દસમો ભાગ કાઢવો. જ્યાં જરૂર હોય ત્યાં ખબર ન પડે એમ આપો અસ્તિત્વ બહુ કૃપાલુ છે.

**ધન્ય ઘરી સોઈ જલ સતસંગા,**
**ધન્ય જન્મ દ્વિજ ભગતિ અભંગા.**

એ ક્ષણ ધન્ય છે જે ક્ષણે સાધુપુરુષનો સંગ થઈ જાય! અને એ ધન્ય છે જેમણે દ્વિજ એટલે કે બુદ્ધ પુરુષનાં ચરણોમાં અભંગ ભક્તિ હોય. અંતમાં શિવજી કહે છે હે પાર્વતી એ આખું કુળ ધન્ય છે જેમાં કોઈ હરિ ભજનાર કોઈ કુલીન બાળક જન્મે. સત્ય પ્રેમ અને કરુણાથી જીવનારાનું આખું કુળ ધન્ય છે. ગોદાવરી ધન્ય છે, કારણ કે ગોદાવરી પણ એ દેશમાં છે જ્યાં ગંગા વહે છે, ગોદાવરીનાં તટ પર મા જાનકીએ પતિવ્રતા ધર્મનું અનુશરણ કર્યું, ગોદાવરીનાં તટ પર વસનારા રાજા રામ ધન્ય છે, કારણ કે એણે નીતિ અને ન્યાય ચૂક કરી નથી. કેટલાં બધાં ઋષિઓ દંડકારણ્ય વનમાં નિવાસ કરે છે, એમણે ક્યારેય ધર્મનો ત્યાગ નથી કર્યો. એમણે ધર્મ રૂપી રામની પ્રતીક્ષા કરી, અને ગોદાવરીનાં તટ પર નિર્વાણનું ધન અધમ ખગને આપ્યું ! મારિચની પુણ્યથી પાકેલી બુદ્ધિ ધન્ય છે, કે જ્યારે એને ખબર પડી કે બંને બાજુ મોત છે, ત્યારે એણે રામના હાથે મરવું.આ બધી ઘટનાઓ ગોદાવરીનાં તટ પર ઘટી એટલે આ ભૂમિ ધન્ય છે, એમ કહી ત્રીજા દિવસની કથાને વિરામ આપ્યો.

**નૃસિંહ સ્વામીએ ગુરુગુરુ બોલીને જગતને બોધ આપ્યો છે કે, સદ ગુરુની કૃપા વગર મારોસાક્ષાત્કાર થતો નથી, નામદેવને પણ ગુરુ વગર જ્ઞાન ન થયેલું**

# જે બીજાની ખુશી માટે પોતાની ખુશી આપે છે, ઈશ્વર તેને પોતાના ચરણોમાં નહીં પણ હૃદયમાં સ્થાન આપે છે...



વિશેષ
ચશપાલસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, થરા)

**આજકાલ લોકો પુસ્તકો વાંચીને પથારીમાં પડયા પડયા જ્ઞાની બની જાય છે, કહે છે કે, ગુરુની જરૂર નહીં, બ્રહ્મચર્ય પાળવાની જરૂર નહીં, મૌન રાખવાની જરૂર નહીં, સંત સેવા કરવાની જરૂર નહીં, સદાચાર પાળવાની પણ જરૂર નહીં, પુસ્તકમાંથી ચાર વચન ગોખી નાખ્યા એટલે પાર! એક વખત મહારાષ્ટ્રમાં સંત ભક્તોની મંડળી મળી હતી, મુક્તાબાઈએ ગોરા કુંભારને ભક્તમંડળીના ભક્તોની ત્યાં પરીક્ષા કરવા કહ્યું.**

યુક્રેન રશિયા યુદ્ધ વચ્ચે ડોનાલ્ડ ટ્રમ્પની અવનવી દખલગીરીમાં આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએ તો મન મલિન છે, તે મોટા મોટા સાધુઓને પણ ત્રાસ આપે છે.મન ચંચળછે.વિક્ષેપ, આવરણ વગેરે થી એ કલુષિત થયેલું છે. ડહોળાયેલા કે મલિન જળમાં પ્રતિબિંબ દેખાતું નથી, તેમ શેવાળ વાળા જળમાં પણ પ્રતિબિંબ દેખાતું નથી.તેવી રીતે મલિન,ચંચળ તથા આવરણ યુક્ત મનમાં પરમાત્માનું પ્રતિબિંબ દેખાતું નથી. માટે કોઈ સંતનેશરણે જાવ.કોઈ ગુરુને શરણે જાવ. નૃસિંહ સ્વામીએ ગુરુગુરુ બોલીને જગતને બોધ આપ્યો છે કે, સદ ગુરુની કૃપા વગર મારોસાક્ષાત્કાર થતો નથી. નામદેવને પણ ગુરુ વગર જ્ઞાન ન થયેલું. આજકાલ લોકો પુસ્તકો વાંચીને પથારીમાં પડયા પડયા જ્ઞાની બની જાય છે. કહે છે કે, ગુરુની જરૂર નહીં, બ્રહ્મચર્ય પાળવાની જરૂર નહીં, મૌન રાખવાની જરૂર નહીં, સંત સેવા કરવાની જરૂર નહીં, સદાચાર પાળવાની પણ જરૂર નહીં. પુસ્તકમાંથી ચાર વચન ગોખી નાખ્યા એટલે પાર! એક વખત મહારાષ્ટ્રમાં સંત ભક્તોની મંડળી મળી હતી.મુક્તાબાઈએ ગોરા કુંભારને ભક્તમંડળીના ભક્તોની ત્યાં પરીક્ષા કરવા કહ્યું. નામદેવને અભિમાન થયું કે, ભગવાન મારી સાથે વાતો કરે છે,પછી મારામાં શું ખામી છે?હું જ શ્રેષ્ઠ છું. ગોરા કુંભાર બધાને માથામાં ટપલી મારી પરીક્ષા કરે છે. તેમણે નામદેવને માથા ઉપર ટપલી મારી.નામદેવે મોઢું સહેજ બગાડયું ગોરા કુંભારે આમ તમામ સંત ભક્તોનાં માથાં પર ટપલીઓ મારી પણ નામદેવ સિવાય કોઈએ મોં બગાડ્યું નહીં. છેલ્લે ગોરાકુંભારે સભામાં નિર્ણય જાહેર કર્યો કે,બધાનાં હાંડલાં પાકાં છે,એક આ નામદેવનું હાંડલું કાચું છે. પછી નામદેવ કહે, તમારું હાંડલું પાક્યું નથી. તમને શિક્ષણની જરૂર છે. તે પછી નામદેવજી વિઠ્ઠલનાથ પાસેગયાને કહે છે કે, ગોરાકુંભાર મને આમ કહે છે. માથામાં ટપલી મારીને કુંભારના હાંડલાં પેઠે માણસની પરીક્ષા થતી હશે? મુક્તાબાઈની પણ ભૂલ કહેવાય!ત્યારે વિઠ્ઠલ નાથે કહ્યું,ના,મુક્તાબાઈની ભૂલ નથી અને ગોરા કુંભાર જો કહેતાં હોય કે તારું હાંડલું કાચું છે,તો જરૂર એ કાચું છે. તું ભલે માને કે તું સંપૂર્ણ છે,પણ નામદેવ,તને હજુ વ્યાપક બ્રહ્મના સ્વરૂપનો અનુભવ થયો નથી, કારણ કે તેં હજુ સદગુરુ કર્યા નથી. તે માટે મંગળવેઢામાં મારા એક ભક્ત વિસોબા ખેચર રહે છે તેમની પાસે તું જા, તે જ્ઞાન આપશે.તે પછી નામદેવ વિસોબા ખેચરને ત્યાં જાય છે.તે વખતે વિસોબા શિવના મંદિરમાં હતા.નામદેવ ત્યાં ગયા.ત્યાં જઈને જોયં તોવિસોબા ખેચર શિવના લિંગ ઉપર પગ મૂકીને સુતેલા હતા વિસોબાને જાણ થઈ ગયેલી કે. નામદેવ આવે છે. તેથી તેમણે શિક્ષણ આપવા પોતાના પગ શંકરના લીંગ ઉપર રાખીને સૂતા હતા. નામદેવે આ દશ્ય જોયં. નામદેવને થયું, આવો અવિવેકી પુરુષ,જે ભગવાનની પણ આમન્યા રાખતો નથી તે મને શું શિક્ષા આપવાનો હતો? નામદેવે વિસોબાને તેમના પગ શિવલિંગ ઉપરથી લઈ લેવા કહ્યું ત્યારે વિસોબા ખેચર કહે છે કે,તું જ મારૂ પગ શિવલિંગ ઉપરથી ઉઠાવીને કોઈ એવી જગ્યાએ મૂક કે, જ્યાં શંકર ન હોય. નામદેવ જયાં પગ મૂકવા જાય ત્યાં શિવ લિંગ પ્રગટે. આખું મંદિર શિવલિંગ થી ભરાઈ ગયું.ચારેબાજુ શિવજી નામદેવને આશ્ચર્ય થયું કે આ શું? એટલે વિસોબાએ નામદેવને કહ્યું કે,ગોરાકાકાએ કહેલું કે,તારી હાંડલી હજુ કાચી છે તે સાચું છે. તને હજુ સર્વ જગ્યાએ ઈશ્વર દેખાતા નથી. ઈશ્વર વિશ્વમાં સર્વ જગ્યાએ સૂક્ષ્મ રીતે રહેલા છે. ઈશ્વરને તું સર્વમાં નિહાળ! 'પતી ગયું કાચી હાંડલી પાકી થઈ ગઈ. ગુરુના એક જ ટકોરાથી. 'ભક્તિ ને જ્ઞાનનો સાથ મળ્યો એટલે નામદેવને સર્વમાં સર્વ જગ્યાએ હવે વિઠ્ઠલ દેખાવા લાગ્યા. પાછાં ફરતાં રસ્તામાં નામદેવ જમવા માટે એક વૃક્ષ નીચે બેઠા. ત્યાં એક કૂતરો આવી તેનો રોટલો લઈને નાસવા લાગ્યો. આજે નામ દેવને કૂતરામાં પણ વિઠ્ઠલ દેખાયા રોટલો કોરો હતો. નામદેવ ઘીની વાટકી લઈ કૂતરા પાછળ બૂમો પાડતા બોલ્યા, વિઠ્ઠલ, ઊભા રહે, ઊભા રહે!રોટલો કોરો છે, તેમાં ઘી ચોપડી આપું?હાંડલી પાકી થઈ હતી ને!જો ગુરુ પોતે સંસાર ના વિષયોમાં ફસાયેલા હોય તો તે તમને સંસાર બંધનમાંથી છોડાવી શકશે નહીં.ઈશ્વર સર્વત્ર છે, એમ જો મનુષ્ય માનવા લાગે,તો પછી પાપ કરવાની એને કોઈ જગ્યા જ નહીં મળે.તો પાપીને કામ કરવાનો પ્રસંગ જ ન આવે. હિરણ્યકશિપુનો સંહાર કર્યો, તેમ છતાં નૃસિંહ સ્વામીનો ક્રોધ શાંત થતો નથી. નૃસિંહ સ્વામીનું ઉગ્ર સ્વરૂપ જોઈ ત્રણે લોક ભયભીત થયા. તેમની પાસે જવા માટે કોઈ ની હિંમત ચાલતી નથી. બ્રહ્માજીએ સ્તુતિ કરી,શાંત થાવ, શાંત થાવ. પણ કોણ સાંભળે? છેવટે નૃસિંહ સ્વામીનો ક્રોધ શાંત કરવા દેવોએ લક્ષ્મીજીને નૃસિંહ ભગવાન પાસે મોકલ્યાં. લક્ષ્મીજીને એમ કે એ તો મારા ઘરવાળા છે! હું પાસે જઈશ એટલે શાંત થઈ જશે. આજે અભિમાનથી લક્ષ્મીજી આવ્યાં છે, પણ નૃસિંહ સ્વામી તો એમને પણ ઓળખતા નથી. દિન થઈને આવે તો પ્રભુ સ્વીકાર કરે.ત્યારે બ્રહ્માજીએ પ્રહલાદને કહ્યું, બેટા, તારા પિતા ઉપર કોપાયમાન થયેલા ભગવાનને તું શાંત કર! ભગવાન આજે તારા કાજે પ્રગટ્યા છે, માટે તું પાસે જઈશ તો તેઓ શાંત થઈ જશે. પ્રહલાદ ભગવાન પાસે ગયા.બે હાથજોડી ચરણમાં સાષ્ટાંગ પ્રણામ કરે છે. ત્યાં એને જોઈ પ્રભુના હૃદયમાં આનંદ ઊભરાયો.એકદમ પ્રહલાદને ઊઠાવીને ગોદમાં લીધો અને વાત્સલ્યભાવે તેનું શરીર ચાટવા લાગ્યા. પરમાત્માને પ્રસન્ન કરવા માટે શુદ્ધ પ્રેમ જ જરૂરનો છે. જ્ઞાન વગેરેની મહત્તા ઓછી છે. શબ્દજ્ઞાનની જરૂર નથી. શબ્દ જ્ઞાન તો ઊલટું ઘણીવાર પ્રભુનું ભજન કરવામાં વિઘ્નરૂપ થાય છે.હિરણ્યકશિપુ જેવા માટે ભગવાન ભયંકર અને કઠોર છે. પ્રહલાદ જેવા માટે તે કમળ જેવા કોમળ છે. એટલે તો વિષ્ણુસહસ્ત્ર નામમાં પણ ભગવાનને ભયકારક અને સાથો સાથ ભય નાશક કહ્યા છે.ભગવાન દુષ્ટોને માટે ભયકારક અને ભયરૂપ છે.જ્યારે ભક્તો માટે ભક્તોના ભયનું હરણ કરવા વાળા છે,ભયનાશક છે.નૃસિંહ સ્વામી પ્રહલાદને કહે છે, તારી વહારે ધાવા મને વિલંબ થયો તે માટે તારી માફી માગું છું. પ્રહલાદની ભક્તિ કેટલી દિવ્ય કે આજે પ્રભુ તેની માફી માગે છે! પછી ગાય વાછરડાને ચાટે તેમ ચાટે પ્રેમમાં નૃસિંહસ્વામીપ્રહલાદ ને ચાટવા લાગ્યા. જેમ ચાટે તેમ તેમનો ક્રોધ ઓછો થતો જાય છે. પ્રહલાદ એ સત્ત્વગુણ છે. હિરણ્ય કશિપુએ તમોગુણ છે. તમોગુણ અને સત્ત્વગુણ એ બંનેનું આ યુદ્ધ છે.તેમાં ભગવાન પ્રહલાદનો સત્ત્વ ગુણનો પક્ષ કરે છે. શુદ્ધ સત્ત્વગુણ આગળ તમોગુણનો નાશ થાય છે, પ્રહલાદનું વચન સત્ય કરવા માટે અને જગતમાં હું સર્વ ઠેકાણે રહેલો છું,એ પોતાની સર્વ વ્યાપકતા સિદ્ધ કરવા સ્તંભમાંથી નૃસિંહ સ્વામી પ્રગટ થયા છે. ઈશ્વર સર્વવ્યાપક છે એ જાણે બધા અનુભવે છે કોઈક. દૂધમાં માખણ દેખાતું નથી,પણ દૂધના અણુ-પરમાણુમાં માખણ રહેલું છે,તેમ જગતના પ્રત્યેક સ્થૂળ સૂક્ષ્મ પદાર્થમાં ઈશ્વર રહેલા છે. ઈશ્વર અણુ-અણુમાં છે અને મોટામાં મોટો છે. તેનો અભાવ કોઈ ઠેકાણે નથી, એટલે તે વ્યાપક છે. સર્વમાં ઈશ્વર બિરાજેલા છે એવું મનુષ્ય સમજે તો જીવનમાં દિવ્યતા આવે.માટે સર્વમાં ઈશ્વરને નિહાળો. માતૃદેવો ભવ, પિતૃદેવો ભવ અને અંતમાં પરસ્પર દેવો ભવ.પરસ્પરમાં ઈશ્વરને જુઓ. લોકો એકબીજાને મળે ત્યારે રામ રામ કહે છે. એટલે કે તમારામાં રામ છે,મારામાં રામ છે હું રામ છું, તું રામ છે!વરકન્યા લગ્ન કરીને આવે છે,ત્યારે કન્યાને લક્ષ્મીની ભાવના થી પૂજવામાં આવે છે. કન્યાએ લક્ષ્મી અને વરએ નારાયણ આજે મારા ઘરે લક્ષ્મી નારાયણ આવ્યાં છે.આ ભાવ કાયમ માટે છે.એમ જાણી તે પ્રમાણે વ્યવહાર કરવો જોઈએ ભગવાને ચંદન, પુષ્પ અર્પણ કર્યા તેટલી જ કાંઈ ટકે તો ઘર વૈકુંઠ બની જાય.ભક્તિ નથી. ભક્તિ એટલે શં?સર્વમાં ભાગવત્ ભાવ રાખવો એ ભક્તિછે.મૂર્તિમાં જેવો પરંતુ ઈશ્વર સર્વવ્યાપક છે,સર્વમાં છે એમ જાણવાથી વિશેષ લાભ નથી પણ ઈશ્વર સર્વમાં ભાગવત ભાવ રાખો છો તેવો સર્વત્ર રાખો.ઈશ્વર સર્વમાં બિરાજેલા છે એવો જે અનુભવ કરે છે તેનું જીવન ધન્ય છે. નિશ્ચય કરો કે,મારે પ્રત્યેક વ્યવહારને ભક્તિમય બનાવવો છે. શુદ્ધ વ્યવહારને ભક્તિ કહે છે. જેના વ્યવહારમાં દંભ છે, અભિમાન છે, એને ભક્તિમાં આનંદ આવતો નથી. વ્યવહારની શુદ્ધિ ઈશ્વર સર્વમાં છે તેવો અનુભવ કર્યા વગર થશે નહીં. હું જે કરું છું તે બધું ઠાકોરજી જુએ છે એમ માનો. કોઈ પણ વ્યવહાર એવો નથી કે, જેમાં બોધ ન હોય! ધંધો કરવો એ કંઈ ગુનો નથી. સેના ભગત હજામત કરવાનું કામ કરતા.એક દિવસ તેમને વિચાર આવ્યોકે,હું લોકોના માથાનો ભાર ઉતારું છું,પણ મારા માથાનો ભાર મેં ઊતાર્યો નહીં. દરેક મહાપુરુષને પોતાના ધંધામાંથી જ્ઞાન મળ્યું છે. મહાભારતમાં એવા દાખલા છે કે, મહાજ્ઞાની બ્રાહ્મણ પુરુષો પણ વૈશ્યના ઘરે સત્સંગ કરવા જતા. જાજલી ઋષિ મહાન જ્ઞાની હતા. તેને પોતાના જ્ઞાનનું અભિમાનથયું ત્યાં આકાશવાણી સંભળાઈ કે, તમે તુલાધાર વૈશ્યને મળો. જાજલી ઋષિ તુલાધાર વૈશ્યને ઘરે ગયા અને તેની પાસેથી જ્ઞાન લીધું. ઋષિએ તુલાધારને પૂછ્યું, આવું જ્ઞાન તમને કોણે આપ્યું? તુલાધારે કહ્યું, મારો ધંધો એ મારો ગુરુ છે.ત્રાજવાની દાંડી સાથે મારી બુદ્ધિ અને મનને સરળ રાખ્યાં છે. વાચક ચાહક મિત્રો જય માતાજી સુપ્રભાત આજે બસ અહીં અટકીએ અસ્તુ.

## સોનુ નિગમના પુત્ર નિવાને કર્યું ગજબનું ટ્રાન્સફોર્મેશન

સોનુ નિગમનો દીકરો નિહાન ૧૭ વર્ષનો થઈ ગયો છે. ગાયક ઘણીવાર પોતાના ફોટા શેર કરતો હતો, પરંતુ તેના પુત્રનું પરિવર્તન જોઈને બધા આશ્ચર્યચકિત થઈ ગયા છે. તેમને ઓળખવા મુશ્કેલ છે. નિહાન નિગમે પણ ઈન્સ્ટાગ્રામ પર ડેબ્યૂ કર્યું છે અને પોતાની પહેલી પોસ્ટથી જ હંગામો મચાવી દીધો છે.પ્રખ્યાત બોલિવૂડ ગાયક સોનુ નિગમનો પુત્ર નિહાન ત્યારથી ચાહકોની નજરમાં છે જ્યારે તેણે ખૂબ જ નાની ઉંમરે પિતાના ખોળામાં બેસીને પોતાના બાળકના અવાજમાં 'અભી મુઝમેં કહીં...' ગીત ગાયું હતું. હવે નિવાન ૧૭ વર્ષનો છે. સોનુ ઘણીવાર તેના ફોટા શેર કરતો હતો, પરંતુ આ વખતે તેના દીકરાએ હંગામો મચાવી દીધો છે. ઈન્સ્ટાગ્રામ પર ડેબ્યુ કરતી વખતે, તેણે પહેલી પોસ્ટ પોસ્ટ કરી જેણે દરેક જગ્યાએ હલચલ મચાવી દીધી. બોલિવૂડના ફિટ અભિનેતાઓમાંના એક ટાઈગર શ્રોફ પણ તેમનો ચાહક બની ગયો છે.મળતી માહિતી મુજબ, નિહાન નિગમ ૧૭ વર્ષનો છે. તેમનો જન્મ ૨૫ જુલાઈ ૨૦૦૭ ના રોજ થયો હતો. તેની માતા અને સોનુની પત્નીનું નામ મધુરિમા નિગમ છે. નિવાન દુબઈમાં રહે છે. તેના પિતાની જેમ, તે ગાયનમાં કુશળ છે અને એક ટોચનો ગેમર પણ છે. સોનુ નિગમે એક વાર કહ્યું હતું કે તે નથી ઈચ્છતો કે તેનો દીકરો ગાયક બને. તેઓ તેને ભારતમાં પણ રહેવા દેવા માંગતા નથી.નેવાન નિગમે પોતાની પહેલી ઈન્સ્ટાગ્રામ પોસ્ટમાં જણાવ્યું કે આ શારીરિક પરિવર્તન માટે ૨ વર્ષની મહેનત લાગી. ટાઈગર શ્રોફ પણ તેનો ચાહક બની ગયો છે. મધુરિમા નિગમે તેના પુત્રની પોસ્ટ પર ટિપ્પણી કરી, 'મારા દેવદૂત, તમે ખૂબ જ સખત મહેનત કરી છે અને દરેક પ્રશંસાને પાત્ર છો...

## ૬ મહિના અગાઉ સુનિતાએ જ ગોવિંદા પાસે છૂટાછેડા માગ્યા હતા

**લલિત બિંડલે ગોવિંદા અને સુનિતાના અલગ-અલગ એપાર્ટમેન્ટ્સમાં રહેવાના સમાચારને ઠુકરાવ્યા છે**

બોલિવૂડ એક્ટર ગોવિંદા અને સુનિતા આહુજાના છૂટાછેડાની ચર્ચાએ ચાહકોને ચિંતિત કરી દીધાં છે. હવે આ સમગ્ર મામલે ગોવિંદાના વકીલ અને ફેમિલી ફ્રેન્ડ લલિત બિંડલનું નિવેદન સામે આવ્યું છે. તેમણે કપલના સંબંધની હકીકત જણાવી છે. લલિતે ખુલાસો કર્યો કે 'સુનિતાએ થોડી ગેરસમજના કારણે ૬ મહિના પહેલા ડિવોર્સ માટે અરજી આપી હતી' ગોવિંદા-સુનિતાના ડિવોર્સનું સત્ય શું છે? લલિતે ખુલાસો કર્યો કે 'સુનિતાએ થોડી ગેરસમજના કારણે ૬ મહિના પહેલા છૂટાછેડાની અરજી આપી હતી, પરંતુ હવે કપલે આંતરિક મતભેદને ઉકેલી દીધો છે. બંને સાથે ખુશ છે. અમે નવા વર્ષે નેપાળનો પ્રવાસ કર્યો હતો. તે બંને વચ્ચે હવે બધું ઠીક છે. એક કપલ વચ્ચે આવી બાબતો થતી રહે છે. તેમનો સંબંધ મજબૂત છે અને તેઓ હંમેશા સાથે રહેશે.' લલિત બિંડલે ગોવિંદા અને સુનિતાના અલગ-અલગ એપાર્ટમેન્ટ્સમાં રહેવાના સમાચારને ઠુકરાવ્યા છે. તેમણે જણાવ્યું કે 'ગોવિંદાએ સાંસદ બન્યા બાદ સત્તાવાર કાર્યો માટે નવો બંગલો ખરીદ્યો હતો. આ બંગલો તેમના ફ્લેટની સામે છે. ગોવિંદાને ઘણી વખત મીટિંગ્સ અટેન્ડ કરવાની હોય છે. ક્યારેક તે નવા બંગલામાં જ સૂઈ જાય છે પરંતુ કપલ હંમેશાથી સાથે રહેતું આવ્યું છે.'



લલિતે જણાવ્યું કે 'પોડકાસ્ટ અને પબ્લિક અપિયરન્સમાં સુનિતાના અધૂરા નિવેદનને કારણે આ તમામ વાતોને પ્રોત્સાહન મળ્યું છે. લોકોએ પોતાની સગવડના હિસાબે વાતોને ઉઠાવીને કપલ વિરુદ્ધ ઉપયોગ કર્યો. જેમ કે તે કહે છે મને ગોવિંદા જેવો પતિ ન જોઈએ. પછી તે કહે છે મને ગોવિંદા જેવો પુત્ર જોઈએ. જ્યારે તે કહે છે ગોવિંદા પોતાની વેલેન્ટાઈનની સાથે છે. તો સુનિતાના બોલવાનો અર્થ હતો ગોવિંદા પોતાના કામમાં વ્યસ્ત છે પરંતુ લોકો કપલ વિશે નેગેટિવ બોલી રહ્યાં છે જ્યારે તેઓ સાથે છે. હું વિશ્વાસ અપાવું છું કે તેઓ હંમેશા સાથે રહેશે. ગોવિંદા અને સુનિતાના કોઈ ડિવોર્સ થવાના નથી.'ગોવિંદાના ચાહકોએ હવે રાહતના શ્વાસ લીધા હશે.

## ફિલ્મ છાવા એ શાહરૂખની 'જવાન'ને પરસેવો લાવી દીધો

વિક્કી કૌશલની ફિલ્મ 'છાવા' એ ૧૩ દિવસમાં બમ્પર કમાણી કરી છે, જેના કારણે તેણે શાહરૂખ ખાનની ફિલ્મ 'જવાન' ને પણ પાછળ છોડી દીધી છે. મહાશિવરાત્રી પર આ ફિલ્મને ખાસ સફળતા મળી અને તેણે બોક્સ ઓફિસ પર ઘણી કમાણી કરી. આ ફિલ્મ માત્ર દેશમાં જ નહીં પરંતુ વિદેશમાં પણ ઘણી કમાણી કરી રહી છે.વિકી કૌશલની ફિલ્મ 'છાવા' રિલીઝ થયાને ૧૩ દિવસ થઈ ગયા છે અને આવનારા દિવસોમાં પણ આ ફિલ્મ અટકે તેવું લાગતું નથી. ફરી એકવાર, ૧૩મા દિવસે ફિલ્મની કમાણીમાં ઉછાળો આવ્યો. મહાશિવરાત્રીની રજાનો આ ફિલ્મને પૂરો ફાયદો મળ્યો છે અને તેણે જંગી નફો કર્યો છે.લક્ષ્મણ ઉતેકર દ્વારા દિગ્દર્શિત, આ ફિલ્મે ૧૩મા દિવસે શાહરૂખ ખાનની ફિલ્મ 'જવાન' ના કલેકશનને પણ પાછળ છોડી દીધું છે, જે વર્ષ ૨૦૨૩ ની સૌથી વધુ કમાણી કરનારી ફિલ્મોમાંની એક હતી. છત્રપતિ શિવાજી મહારાજના પુત્ર છત્રપતિ સંભાજી મહારાજની આ વાર્તા જોવા માટે આખો પરિવાર થિયેટરોમાં પહોંચી રહ્યો છે. અહીં અમે તમને જણાવી દઈએ કે લોકો ઈતિહાસની આ વાર્તાઓ વિશે ભાગ્યે જ વાંચી શકે છે અને આ જ કારણ છે કે લોકો દેશનું સન્માન અને ગૌરવ બચાવનાર છત્રપતિ સંભાજી મહારાજ પર બનેલી આ ફિલ્મ જોવા માટે ઉતાવળ કરી રહ્યા છે.એક રિપોર્ટ મુજબ, આ ફિલ્મે તેના બીજા મંગળવારે એટલે કે ૧૩મા દિવસે ૨૧.૭૫ કરોડ રૂપિયાની કમાણી કરી છે. તે જ સમયે, 'છાવા' શાહરૂખની સૌથી મોટી કમાણી કરનારી ફિલ્મ 'જવાન' કરતા ઘણી આગળ નીકળી ગઈ છે. તમને જણાવી દઈએ કે 'જવાન' એ ૧૩મા દિવસે માત્ર ૧૪.૪ કરોડ રૂપિયાની કમાણી કરી છે.

### રજનીકાંતની 'કૂલી'માં પૂજા હેગડેનો ડાન્સ નંબર

## લોકેશ કનગરાજની ફિલ્મનો સ્ટાર પાવર વધ્યો

સુપર સ્ટાર થલાઈવા રજનીકાંતની ફિલ્મ 'કૂલી'ની તેના ફેન્સ આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. આ ફિલ્મમાં ઘણા જાણીતા કેમિયોથી પણ ફિલ્મ ઘણી ચર્ચામાં છે. ત્યારે હવે નવા અહેવાલો મુજબ પૂજા હેગડે હવે આ ફિલ્મમાં એક ખાસ ડાન્સ નંબર કરવાની છે. જો આ અહેવાલો સાચા હોય તો આ પૂજાનું ત્રીજું ડાન્સ નંબર સોંગ હશે. આ પહેલાં રામ ચરણની 'રંગાસ્થલમ'માં તેમજ વેંકટેશ ડગ્ગુબાટીની ફિલ્મ 'એફ ૩'માં તેણે ડાન્સ નંબર કર્યા હતાં, જેને ઘણો સારો પ્રતિસાદ મળ્યો હતો. રજનીકાંતની જેલરમાં તમન્નાએ પણ એક ડાન્સ નંબર કર્યું હતું, જે બહુ મોટું હિટ રહ્યું હતું. તો આ વખતે પણ ફિલ્મના મેકર્સ આ જ ફોર્મ્યુલા અપનાવવા માગે છે. જોકે, અંગે કોઈ ઓફિશીયલ જાહેરાત થઈ નથી, પરંતુ આ સમાચારથી ફેન્સ ખુશ થઈ ગયાં છે. લોકેશ કનગરાજની એક્શન પેક્ડ એન્ટરટેઈનર કૂલીમાં ગોલ્ડ સ્મગલિંગ માફિયાની વાત છે, જેમાં રજનીકાંત અલગ રોલમાં જોવા મળશે. આ ફિલ્મમાં રજનીકાંત ઉપરાંત નાગાર્જુન, ઉપેન્દ્ર, શ્રુતિ હસન, સથ્યરાજ, સૌબિન શાહિર, સંદીપ કિશન અને રેબા મોનિકા જોહ્ન જેવા કલાકારો પણ જોવા મળશે. આ ઉપરાંત આમિર ખાન પણ કેમિયો કરતો જોવા મળશે. શરૂઆતમાં આ ફિલ્મ ૨૦૨૫માં ઉનાળામાં રિલીઝ થવાની હતી, પરંતુ રજનીકાંતની તબિયતના કારણે આ ફિલ્મનું કામ વિલંબમાં પડ્યું હતું. હવે આ ફિલ્મ ઓગસ્ટ ૨૦૨૫માં રિલીઝ થવાની શક્યતા છે. જેના વિશે ટૂંક સમયમાં જાહેરાત કરવામાં આવશે. પૂજાએ છેલ્લે શાહિદ સાથે 'દેવા'માં કામ કર્યું હતું. હવે તે તમિલ ફિલ્મ 'રેટ્રો'માં કામ કરી રહી છે. જે કાર્તિક શુભરાજ દ્વારા ડિરેક્ટ કરવામાં આવી રહી છે. તેમને 'રાધે શ્યામ'માં ભાવુક રોલ કરતી જોઈને પ્રભાવિત થઈને આ ફિલ્મમાં રોલ ઓફર કર્યો હતો.





### 'ઈન્સાફ નહીં સાફ કરને આયા હું'

## નવું ટીઝર રિલીઝ કરીને આપી સરપ્રાઈઝ

**સલમાનનીમોસ્ટ અવેટેડ ફિલ્મ 'સિકંદર' ૨૦૨૫માં ઈદ પર સિનેમાઘરોમાં રિલીઝ થવા જઈ રહી છે**

સલમાન ખાનની મોસ્ટ અવેટેડ ફિલ્મ 'સિકંદર' ૨૦૨૫માં ઈદ પર સિનેમાઘરોમાં રિલીઝ થવા જઈ રહી છે. જોકે, ફિલ્મની રિલીઝ તારીખ હજુ સુધી જાહેર કરવામાં આવી નથી. ત્યારે નિર્માતાઓએ હવે 'સિકંદર' નું નવું ટીઝર રિલીઝ કરીને ચાહકોને એક મોટી સરપ્રાઈઝ આપી છે. ફિલ્મના ટીઝરમાં સલમાન ખાનના એક્શન અવતાર સાથે રશ્મિકા મંદાનાની ઝલક પણ જોવા મળી રહી છે. આ પણ વાંચોઃ જોન અબ્રાહમે કહ્યું બોલિવૂડ હવે પહેલા જેટલું સેક્યુલર નથી રહ્યું, 'છાવા' અને 'કાશ્મીર ફાઈલ્સ'ના કર્યા વખાણ'સિકંદર'નું ટીઝર એક એક્શન સીનથી શરૂ થાય છે, જેમાં સલમાન ખાન ગુંડાઓનો સફાયો કરતો જોવા મળે છે. ટીઝરમાં જ સુપરસ્ટારના સુપર ડાયલોગ્સ સાંભળવા મળે છે. તે કહે છે- 'ઈન્સાફ નહીં સાફ કરને આયા હું, કાયદે મેં રહો ફાયદે મેં રહો, વરના શ્મશાન યા કબ્રસ્તાન મેં રહોગે.' ટીઝરમાં લીડ એક્ટ્રેસ રશ્મિકા મંદાનાને બે-ત્રણ સીન પણ બતાવવામાં આવ્યા છે.'સિકંદર'ના ટીઝરમાં સલમાન ખાન અને રશ્મિકા મંદાનાનો




ડાન્સ સીન પણ એડ કરવામાં આવ્યો છે. રશ્મિકા મંદાના પણ પોતાની સુંદરતાથી સ્ક્રીન પર એક અલગ જ રોનક લાવે છે. એક બાજુ એક્શન અને બીજી બાજુ ઈમોશંસ જોવા મળે છે. વધુમાં રશ્મિકાની હાજરી ફિલ્મને રોમાંચક બનાવે છે. તેની એનર્જી અને માસુમિયત સ્ટોરીને એક અલગ જ ઈમોશનલ ટચ આપે છે. ફિલ્મમાં સાઉથના અભિનેતા સત્યરાજ વિલનનો રોલ અદા કરી રહ્યા છે. ટીઝરમાં તે કહે છે, 'તે પોતાને એક મહાન 'સિકંદર' માને છે.' ટીઝર શેર કરતી વખતે સલમાન ખાને લખ્યું - 'જો દિલ પર રાજ કરે છે રાજ, તે આજે કહેવાય છે સિકંદર.'ઉલ્લેખનીય છે કે, 'સિકંદર' નું પ્રોડ્યુસ સાજિદ નડિયાદવાલાએ કર્યું છે.

### સિદ્ધાર્થ આ સિક્વલ નથી બનાવી રહ્યા

## શાહરૂખની પઠાણ-૨ની મજબૂત સ્ક્રિપ્ટ ફાઇનલ




**વિશાળ આયોજન-મુશ્કેલ વાર્તાને કારણે, સ્ક્રિપ્ટને અંતિમ સ્વરૂપ આપવામાં ઘણો સમય લાગ્યો**

શાહરૂખ ખાનની ફિલ્મ 'પઠાણ ૨' ની સ્ક્રિપ્ટ ફાઈનલ થઈ ગઈ છે અને તેનું શૂટિંગ આવતા વર્ષે શરૂ થશે. આ સિક્વલમાં, 'પઠાણ'ની વાર્તાને આગળ વધારવાની સાથે, 'સ્પાય યુનિવર્સ'ની વાર્તાઓ માટે એક મજબૂત આધાર તૈયાર કરવામાં આવશે. એવું કહેવામાં આવી રહ્યું છે કે સિદ્ધાર્થ આનંદ આ સિક્વલ નથી બનાવી રહ્યા પરંતુ આદિત્ય નવા દિગ્દર્શકની શોધમાં છે.શાહરૂખ ખાને લગભગ ૪ વર્ષના લાંબા ગાળા પછી ૨૦૨૪માં ફિલ્મ 'પઠાણ' દ્વારા વાપસી કરી હતી. આ ફિલ્મે બોક્સ ઓફિસ પર ખૂબ જ ધમાલ મચાવી હતી અને લોકોને આ કોપી ખૂબ ગમી હતી. એવું કહેવાય છે કે આદિત્ય ચોપરા ૨૦૨૩ના મધ્યભાગથી 'પઠાણ ૨'ની સ્ક્રિપ્ટ પર કામ કરી રહ્યા છે. આ સિક્વલ ફક્ત 'પઠાણ' ની વાર્તાને આગળ લઈ જવા માટે જ નહીં પરંતુ 'સ્પાય યુનિવર્સ' ની વાર્તાઓ માટે એક મજબૂત પાયો પણ બનાવશે.એવું કહેવામાં આવી રહ્યું છે કે વિશાળ આયોજન અને મુશ્કેલ વાર્તાને કારણે, સ્ક્રિપ્ટને અંતિમ સ્વરૂપ આપવામાં ઘણો સમય લાગ્યો. ફિલ્મ સાથે જોડાયેલા એક સૂત્રએ વેબસાઈટને જણાવ્યું હતું કે આદિત્યએ શ્રીધર રાઘવન અને અબ્બાસ ટાયરવાલા સાથે મળીને ફિલ્મ માટે એક રોમાંચક અને શક્તિશાળી સ્ક્રિપ્ટ બનાવી છે અને તેમનું માનવું છે કે તે પહેલી ફિલ્મના રેકોર્ડને પણ પાછળ છોડી દેશે.એવું પણ કહેવાય છે કે આ ફિલ્મની સ્ક્રિપ્ટ પછી, આદિત્યની પહેલી પ્રાથમિકતા તેને બનાવવા માટે એક મહાન દિગ્દર્શક શોધવાની છે. 'પઠાણ'નું દિગ્દર્શન કરનાર સિદ્ધાર્થ આનંદ આ સિક્વલ માટે કામ કરશે નહીં તે પહેલાથી જ સ્પષ્ટ થઈ ગયું છે. એવા સમાચાર છે કે આ શાનદાર ફિલ્મ અને શાહરૂખ ખાન અભિનીત આ મોસ્ટ અવેટેડ ફિલ્મને નવો લુક આપવા માટે એક નવા દિગ્દર્શકની શોધ થઈ રહી છે. તે જ સમયે, રિપોર્ટમાં એ પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે શક્ય છે કે આદિત્ય પોતે ડિરેક્ટરની ખુરશી સંભાળી શકે અથવા અયાન મુખર્જીને આ જવાબદારી સોંપવામાં આવે.

## છૂટાછેડા પછી અભિનેત્રી સામન્થા રૂથ પ્રભુએ પહેલી વાર તોડ્યું મૌન

**દક્ષિણ અભિનેત્રી સામંથા રૂથ પ્રભુ લાંબા સમયથી માયોસાઇટિસ નામની બીમારીથી પીડાઇ રહી હતી**

દક્ષિણ અભિનેત્રી સામંથા રૂથ પ્રભુ લાંબા સમયથી માયોસાઈટિસ નામની બીમારીથી પીડાઈ રહી હતી, જેના કારણે તે એક વર્ષ સુધી ફિલ્મ ઉદ્યોગથી દૂર રહી હતી. જોકે, તે છેલ્લે રાજ ડીકે દ્વારા દિગ્દર્શિત પ્રાઈમ વિડિયો શ્રેણી 'સિટાડેલઃ હની બન્ની'માં જોવા મળી હતી. આ દરમિયાન, અભિનેત્રીએ ફિલ્મોમાં તેના પુનરાગમન અંગેનો પોતાનો અનુભવ શેર કર્યો છે. આ સાથે તેણે ડિવોર્સ પછી પહેલી વાર પ્રેમ વિશે પણ ખુલાસો કર્યો છે.સામન્થા રૂથ પ્રભુએ તાજેતરમાં તેના આગામી પ્રોજેક્ટ્સ વિશે વાત કરી. દક્ષિણ અભિનેત્રી સામંથા રૂથ પ્રભુ લાંબા સમયથી માયોસાઈટિસ નામની બીમારીથી પીડાઈ રહી હતી તેણીએ કહ્યું છે કે તે ખૂબ જ ટૂંક સમયમાં ફિલ્મ 'બંગરામ' થી નિર્માતા તરીકે ડેબ્યૂ કરવા જઈ રહી છે. આ ઉપરાંત, તે તેની મોસ્ટ અવેઈટેડ વેબ સિરીઝ 'રક્ત બ્રહ્માંડ'નું પણ નિર્માણ કરવા જઈ રહી છે. આ શ્રેણી હાલમાં નિર્માણ તબક્કામાં હોવાનું જાણીતું છે.આ ઈન્ટરવ્યુમાં સમન્થા રૂથ પ્રભુએ પોતાના પહેલા પ્રેમ વિશે વધુ વાત કરી છે. તેમણે કહ્યું, 'મારે 'રક્ત યુનિવર્સ' ટૂંક સમયમાં પૂર્ણ કરવાનું છે અને આગામી મહિનામાં રિલીઝ થનારી અન્ય ફિલ્મોનું કામ પણ પૂર્ણ કરવાનું છે.' એક કે બે મહિનામાં ઘણું કામ પૂર્ણ કરવાનું બાકી છે. તેમણે આગળ કહ્યું, 'મને લાગે છે કે ફિલ્મોથી મારું અંતર હવે પૂરું થઈ ગયું છે.' આ મારો પહેલો પ્રેમ છે. ઈન્ટરવ્યુમાં સામંથા રૂથ પ્રભુએ પણ પોતાના પ્રેમ જીવન વિશે વાત કરી. તેણે કહ્યું, 'સમન્થા સિંગલ છે.' મને નથી લાગતું કે હું ફરી ક્યારેય કોઈને મારા પ્રેમ જીવન વિશે વાત કરીશ. આ મારા જીવનનો એક ભાગ છે, મેં તેને ખૂબ જ ખાનગી રાખવાનું નક્કી કર્યું છે. હું તેના વિશે ફરી વાત નહીં કરું.



## સંજય દત્તની હોરર ફિલ્મ ધ ભૂતની ટીઝર રિલીઝ

**સંજય દત્ત ઉપરાંત મૌની રોય, સની સિંહ, પલક તિવારી, આસિફ ખાન અને બ્યુનિક પણ મહત્વપૂર્ણ ભૂમિકામાં**

સંજય દત્તની આગામી હોરર ફિલ્મ ધ ભૂતની ટીઝર રિલીઝ થઈ ગયું છે. આ ફિલ્મનું નિર્દેશન સિદ્ધાંત સચદેવ દ્વારા કરવામાં આવ્યું છે, જેમાં અભિનેત્રી મોની રોય ભૂતના ડરામણા પાત્રમાં જોવા મળી રહી છે. ફિલ્મનું ટીઝર જોયા પછી ચાહકો ખૂબ જ ખુશ અને ઉત્સાહિત દેખાઈ રહ્યા છે.ધ ભૂતની ટીઝર સંજય દત્તે પોતાના ઈન્સ્ટાગ્રામ પર પોસ્ટ કરીને ફિલ્મ રિલીઝની જાહેરાત કરી હતી. ફિલ્મમાં સંજય દત્ત ઉપરાંત મૌની રોય, સની સિંહ, પલક તિવારી, આસિફ ખાન અને બ્યુનિક પણ મહત્વપૂર્ણ ભૂમિકામાં જોવા મળશે, પોસ્ટના કેપ્શનમાં તેણે લખ્યું, ''આ ગુડ ફ્રાઈડે, ભયને એક નવી તારીખ મળી છે. ક્યારેય ન જોયેલી હોરર, એક્શન અને કોમેડી ફિલ્મ માટે તૈયાર થઈ જાઓ. ૧૮ ફેબ્રુઆરીએ, ભૂત તબાહી મચાવશે.''ધ ભૂતની ફિલ્મનું ૧ મિનિટ ૧૧ સેકન્ડનું ટીઝર જોયા પછી, ફિલ્મ વિશે કંઈ સ્પષ્ટ રીતે સમજાયું નથી, પરંતુ તેમ છતાં તે ખૂબ જ રસપ્રદ લાગે છે. ટીઝરની શરૂઆતમાં સંજય દત્તનો અવાજ સંભળાય છે, જેમાં તે ભગવાન શિવના શ્લોકો વાંચી રહ્યા છે. તે પછી, સંગીતની સાથે મોની રોયની ડરામણી આંખો પણ દેખાય છે. ટીઝરના અંતે સંજય દત્ત બંને




હાથમાં તલવાર લઈને ભૂત સાથે લડતો જોવા મળે છે. ફિલ્મ નિર્માતાઓએ ફિલ્મના ટીઝરની સાથે રિલીઝ તારીખ પણ જાહેર કરી છે. આ ફિલ્મ ગુડ ફ્રાઈડે એટલે કે ૧૮ એપ્રિલના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થશે. ફિલ્મમાં સંજય દત્ત ઉપરાંત મૌની રોય, સની સિંહ, પલક તિવારી, આસિફ ખાન અને બ્યુનિક પણ મહત્વપૂર્ણ ભૂમિકામાં જોવા મળશે.

### ધર્મ બદલવાનો તો સવાલ જ નથી આવતોઃ સોનાક્ષી સિન્હા

## સોનાક્ષી સિન્હાએ લગ્નના ૯ મહિના બાદ કહી દિલની વાત



**ઝહીરે ક્યારેય તેનો ધર્મ મારા પર નથી થોપ્યો અને મેં પણ મારો ધર્મ તેના પર નથી થોપ્યો**

એક ઈન્ટરવ્યૂમાં સોનાક્ષીએ કહ્યું કે, 'અમે ક્યારેય ધર્મ વિશે વિચાર્યું જ નથી. અમે માત્ર બે એવા લોકો છીએ જે એકબીજાને પ્રેમ કરતા હતા અને લગ્ન કરવા માંગતા હતા. ઝહીરે ક્યારેય તેનો ધર્મ મારા પર નથી થોપ્યો અને મેં પણ મારો ધર્મ તેના પર નથી થોપ્યો. અમે એકબીજાની સંસ્કૃતિનું સન્માન કરીએ છીએ. મેં સ્પેશિયલ મેરેજ ઍક્ટ હેઠળ લગ્ન કર્યા હતા, તેથી મને ધર્મ બદલવાની જરૂર જ ન પડી. તેણે કહ્યું કે, 'અમારા માટે શ્રેષ્ઠ રસ્તો એ જ હતો કે અમે સ્પેશિયલ મેરેજ ઍક્ટ હેઠળ લગ્ન કરીએ.' ઝહીરે ક્યારેય તેનો ધર્મ મારા પર નથી થોપ્યો અને મેં પણ મારો ધર્મ તેના પર નથી થોપ્યો હું એક હિન્દુ છોકરી તરીકે જેવી હતી એવી જ રહી અને ઝહીર મુસ્લિમ છોકરા જેવો જ રહ્યો. લગ્નનો અર્થ માત્ર બે લોકોનો પ્રેમ અને સાથે આવવાનો હતો. અમારી વચ્ચે ક્યારેય ધર્મ બદલવાનો તો સવાલ જ નથી આવ્યો. અમારા માટે પ્રેમ સૌથી મહત્વનો હતો. ખાસ વાત એ છે કે સોનાક્ષી અને ઝહીરે લગ્ન માટે એ જ તારીખ પસંદ કરી જે તેમણે ૭ વર્ષ પહેલા એકબીજાને ડેટ કરવાનું શરુ કર્યું હતું. સોનાક્ષીએ જણાવ્યું કે, અમે એકબીજાની પારિવારિક પરંપરાઓનું સન્માન કરીએ છીએ.' તે તેમના રીતિ-રિવાજોનું પાલન કરે છે અને હું મારા રીતિ-રિવાજોનું પાલન કરું છું. આ પરસ્પર સમજણ અને આદર એ જ સફળ સંબંધની ઓળખ છે. કરિયરની વાત કરીએ તો સોનાક્ષી ગત વર્ષે હોરર કોમેડી ફિલ્મ 'કાકુડા'માં દેખાઈ હતી, જેમાં રિતેશ દેશમુખ અને સાકિબ સલીમ પણ તેની સાથે હતા.

### મહાકુંભ ૨૦૨૫ દરમિયાન રેકોર્ડ ૧૭,૦૦૦થી વધુ ટ્રેનો ચલાવવામાં આવી!

# રેલ મંત્રીએ પ્રયાગરાજ મહાકુંભમાં રેલ કર્મયોગીઓના અવિરત પ્રયાસો માટે આભાર વ્યક્ત કર્યો અને તેમની પ્રશંસા કરી!

## શ્રી અશ્વિની વૈષ્ણવે પ્રયાગરાજની મુલાકાત લીધી અને મહાકુંભ દરમિયાન અદ્‌ભૂત કામગીરી માટે રેલવે પરિવાર- દરેકને અભિનંદન આપ્યાં !

। નવી દિલ્હી, તા.૨૮ ।

માનનીય રેલવે મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવે મહાકુંભ ૨૦૨૫ માટે ભારતીય રેલવેની વ્યાપક તૈયારીઓની સ્થળ પર જઈને સમીક્ષા કરવા માટે આજે સવારે પ્રયાગરાજની મુલાકાત લીધી. આ ભવ્ય ધાર્મિક સમાગમના મહત્ત્વ અને વિશાળતા સમજતા, તેમણે જમીની કામગીરીનું મૂલ્યાંકન કરવા માટે ઉત્તર મધ્ય રેલ (NCR), ઉત્તર પૂર્વ રેલ (NER) અને ઉત્તર રેલ (NR) હેઠળ આવેલા વિવિધ સ્ટેશનોની મુલાકાત લીધી.

આ મુલાકાત દરમિયાન, તેમણે રેલવે કર્મચારીઓ સાથે વાતચીત કરી, મુખ્ય વ્યવસ્થાઓનું નિરીક્ષણ કર્યું શ્રી વૈષ્ણવે વિવિધ વિભાગો વચ્ચેના સુમેળ માટે પ્રશંસા વ્યક્ત કરી. તેમણે ખાતરી આપી કે તમામ યાત્રાળુઓ માટે ભારતીય રેલ્વે સલામત, કાર્યક્ષમ અને આરામદાયક મુસાફરી સુનિશ્ચિત કરવા માટે પ્રતિબદ્ધ છે.

આ સમગ્ર આયોજન માટે, રેલ મંત્રીએ માનનીય પ્રધાનમંત્રીનો તેમનાં સતત માર્ગદર્શન માટે આભાર માન્યો. અને શ્રદ્ધાળુ ઓની અભૂતપૂર્વ સંખ્યાને સાંભળવામાં, માનનીય ગૃહ મંત્રી શ્રી અમિત શાહ, ઉત્તર પ્રદેશના મુખ્ય પ્રધાન શ્રી યોગી આદિત્યનાથ, મધ્ય પ્રદેશના મુખ્ય પ્રધાન શ્રી મોહન યાદવ અને પડોશી રાજ્યોની સરકારોને પણ આ મહાકાય આયોજનમાં તેમના સતત સહયોગ માટે આભાર વ્યક્ત કર્યો.

રેલ મંત્રીએ રેલ કર્મયોગીઓના સમર્પણની પ્રશંસા કરી તેમની મુલાકાત દરમિયાન, રેલ મંત્રીએ વ્યક્તિગત રૂપે રેલવેના દરેક કર્મચારી સાથે મુલાકાત કરી અને મહાકુંભની આયોજન અને સંચાલન કરવામાં તેમની ભૂમિકા માટે આભાર વ્યક્ત કર્યો.

**તેમણે નીચેની ટીમોની વિશેષ પ્રશંસા કરી:**

- યાત્રીઓને મદદરૂપ થનારા ફ્રન્ટલાઈન કર્મયોગીઓ
- સલામતી માટે જવાબદાર RPF, GRP અને પોલીસ કર્મીઓ
- સતત ટ્રેન સંચાલન સુનિશ્ચિત કરનારા ઈજનેરો
- સફાઈ કર્મચારીઓ
- તબીબી સહાયતા આપનારા ડૉક્ટરો અને પેરામેડિકલ સ્ટાફ
- યાત્રીઓને માર્ગદર્શન આપનારા હેલ્પડેસ્ક અધિકારીઓ અને બુકિંગ કર્મચારીઓ

**રેલવે મંત્રી દ્વારા રેલવે કર્મયોગીઓનું સમર્પણ કદર કરવામાં આવી**

તેમણે TTE, ડ્રાઈવર, સહાયક ડ્રાઈવર, સિગ્નલ અને ટેલિકોમ કર્મીઓ, TRD અને ઈલેક્ટ્રિકલ ટીમો, ASM, કંટ્રોલ અધિકારીઓ, ટ્રેકમેન અને રેલવે પ્રશાસકો માટે પણ આભાર વ્યક્ત કર્યો, જેઓના સંકલિત પ્રયાસોથી આ વિશાળ આયોજન સફળતાપૂર્વક સંચાલિત થયું.

તેમણે પહેલીથી આખરી પંક્તિ સુધી દરેક કર્મચારીઓનો આભાર માન્યો તેમને સ્ટેશન જઈને પહેલીથી આખરી પંક્તિ સુધી હર એક કર્મચારીને મળીને આભાર માન્યો ઉત્સાહ વધાર્યો અને બધાનો હાર્દિક આભાર વ્યક્ત કર્યો, લાખો તીર્થયાત્ર માટે મહાકુંભ ૨૦૨૫ના નિર્બાધનો અનુભવ ખાતરી કરવા માટે ચોબીસ કલાક અથક પ્રયાસ કર્યો..

**અભૂતપૂર્વ રેલ સંચાલન**

મહાકુંભ ૨૦૨૫ માટે ભારતીય રેલ્વેએ તેમની પૂર્વ આયોજન કરતા પણ વધુ ટ્રેનોનું સંચાલન કર્યું. કુલ ૧૭,૧૫૨ ટ્રેનો ચલાવવામાં આવી, જેની શરૂઆતમાં ૧૩,૦૦૦ ટ્રેનોની યોજના હતી. આ સંખ્યા અગાઉના કુંભમેળાની સરખામણીએ ચાર ગણી વધારે છે.

આમાં ૭,૬૬૭ વિશેષ ટ્રેનો અને ૯,૪૮૫ નિયમિત ટ્રેનો સામેલ હતી, જેથી યાત્રાળુઓ સરળ અને સુગમ પ્રવાસ કરી શકે. મહાકુંભ દરમિયાન કુલ ૬૬ કરોડ યાત્રાળુઓના પ્રવાહનું સંચાલન કરવામાં આવ્યું, જેમાંથી માત્ર પ્રયાગરાજના ૯ મુખ્ય રેલવે સ્ટેશનો પર ૪.૨૪ કરોડ યાત્રીઓનું સંચાલન કરવામાં આવ્યું.

**પ્રયાગરાજ ક્ષેત્રમાં યાત્રા સુવિધાઓમાં વધારો**

ભારે યાત્રાળુઓની સંખ્યા ને સમાયોજિત કરવા માટે, ભારતીય રેલ્વેએ પ્રયાગરાજના ૯ મુખ્ય સ્ટેશનો પર ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને સંચાલન સુવિધાઓમાં નોંધપાત્ર



સુધારો કર્યો, જેમાં સામેલ છે:

- ૪૮ નવા પ્લેટફોર્મ અને ૨૧ ફૂટ ઓવર બ્રિજ (FOB)
- ૧,૧૮૬ CCTV કેમેરા, જેમાં ફેશિયલ રેકગ્નિશન ટેકનોલોજી (FRT) અને ડ્રોન મોનીટરીંગ
- ૨૩ સ્થાયી હોલ્ડિંગ એરિયાઓ
- ૫૫૪ ટિકિટ કાઉન્ટર, જેમાં ૧૫૧ મોબાઇલ UTScounters અને QR-આધારિત ટિકિટ સિસ્ટમ
- ૨૩ ભાષાઓમાં માહિતી પુસ્તિકાઓ અને ૧૨ ભાષાઓમાં અવાજ પ્રસારણ સિસ્ટમ
- ૨૧ નવા રોડ ઓવર બ્રિજ (ROB) અને રોડ અંડર બ્રિજ (RUB)

**સુસજ્જ તબીબી અને ઈમર્જન્સી વ્યવસ્થાઓ**

- એમ્બ્યુલન્સ, ફાયર બ્રિગેડ, અને મોબાઇલ ટોયલેટ ની વ્યવસ્થા
- જિલ્લા પ્રશાસન સાથે સહયોગમાં કેન્દ્રીય હેલ્પડેસ્ક અને તબીબી સહાય કેન્દ્રોની સ્થાપના
- પ્લેટફોર્મ અને સ્ટેશનો પર વધારાની ભોજન-સેવાઓની વ્યવસ્થા
- ટ્રેન અને સ્ટેશન સફાઈ સુનિશ્ચિત કરવા માટે ૧,૦૦૦+ સફાઈ કર્મીઓ

**ભારતીય રેલ્વેની પ્રતિબદ્ધતા**

મહાકુંભ ૨૦૨૫ દરમ્યાન રેલ સંચાલનની અવિરત સફળતા ભારતીય રેલ્વેની અવિચલ જાહેર સેવાની પ્રતિબદ્ધતાનું ઉદાહરણ છે. રેલવે મંત્રીએ સમગ્ર રેલવે ટીમને તેમની અદ્ભૂત કામગીરી માટે આભાર વ્યક્ત કર્યો અને રેલવેની સુસજ્જ કામગીરી માટે તેમની પ્રશંસા કરી. આ અત્યંત સફળતા ભારતીય રેલવેના ટીમવર્ક અને કાર્યક્ષમતા માટે એક નવો ધોરણ સ્થાપિત કરે છે અને ભારતના પરિવહન તંત્ર માટે રેલવેને વધુ મજબૂત બનાવે છે.

**મહાકુંભ-૨૦૨૫ કે દરમિયાન ભારતીય રેલવે દ્વારા કરવામાં આવેલી તૈયારીઓ**

- બધા માલગાડીઓ ડીએફસીમાં ડાયવર્ટ કરવામાં આવ્યા.
- કુંભ ક્ષેત્રમાં +૨૦૦ રેક ઉપલબ્ધ થયાં, બંને તરફથી ટ્રેન સેટ અથવા એન્જિન છે. (શંટિંગ સંચાલનથી બચવા માટે)
- મહાકુંભ ક્ષેત્રમાં છેલ્લા ૩ વર્ષોમાં ૫,૦૦૦ કરોડ રોકાણ અને વિકાસ કાર્ય થયું.
- બનારસ પ્રયાગરાજ દોહરીકરણ (ગંગા પુલ સહીત)
- ફાંફામઉ જંઘઈ દોહરીકરણ
- મહાકુંભ માટે ૧૩,૦૦૦ નિર્ધારિત ટ્રેનોના બદલે ૧૭,૧૫૨ ટ્રેનો ચલાવી, જેઓ છેલ્લાં કુંભથી ૪ ગુના વધુ છે (વિશેષ ટ્રેનો, ૭,૬૬૭ અને નિયમિત ટ્રેનો ૯,૪૮૫ = ૧૭,૧૫૨)
- કુમ્ભમાં આવાવાળા કુલ તીર્થયાત્રીઓ ની સંખ્યા ૬૬ કરોડ (જેમાં થી પ્રયાગરાજ ને ૯ કુમ્ભ રેલવે સ્ટેશન પર ૪.૨૪ કરોડ યાત્રીઓ દ્વારા યાત્રા કરવામાં આવી પ્રયાગરાજ વિસ્તારમાં મુસાફરો માટે સુવિધાઓ
- ૯ રેલવે સ્ટેશન, તમામ પર બીજું પ્રવેશદ્વાર, ૪૮ પ્લેટફોર્મ, ૨૧ એફઓબી
- ૧,૧૮૬ સીસીટીવી (ફેસ રિકગ્નિશનવાળા ૧૦% કેમેરા), દેખરેખ માટે ડ્રોન
- ૨૩ સ્થાયી હોલ્ડિંગ વિસ્તાર
- પ્રયાગરાજ, નૈની, છિવકી અને સુબેદારગંજમાં ૧૨ ભાષાઓમાં જાહેરાત અને ૨૩ ભાષાઓમાં માહિતી બુકલેટ
- ૫૫૪ ટિકિટ કાઉન્ટર (૧૫૧ મોબાઈલ યુટીએસ) અને ક્યુઆર આધારિત ટિકિટિંગ સુવિધા
- ૨૧ આરઓબી/આરયુબીઃ માર્ગ તેમજ રેલવેઈ પરિવહન માટે સુધારણા
- કલર કોડિંગઃ મુસાફરોની સરળ ઓળખ અને દિશા અનુસાર માર્ગદર્શન માટે હોલ્ડિંગ વિસ્તાર અને ટિકિટની કલર કોડિંગ
  લાલઃ લખનઉ, અયોધ્યા
  નિલોઃ ડીડીયુ, સાશારામ, પટણા
  પીળોઃ માનિકપુર, ઝાંસી, સતના, કટની, એમપી વિસ્તાર
  લીલોઃ કાનપુર, આગ્રા, દિલ્હી
- ૫ સ્તરીય દેખરેખ પ્રણાલીઃ
  પ્લેટફોર્મ/હોલ્ડિંગ વિસ્તાર - સ્ટેશન - ડિવિઝન -ઝોનલ - રેલવે બોર્ડ વૉર રૂમ
- ૧૩,૦૦૦ વધારાના કર્મચારીઓની નિયુક્તિ
- આરપીએસએફ મહિલા ટીમની ૨ બટાલિયન, ૨૨ ડૉગ સ્ક્વોડ, ૧૦૦૦ થી વધુ સફાઈ કર્મચારીઓ, ૧,૫૦૦ થી વધુ ટીટીઈ અને બુકિંગ કર્મચારીઓ, ૩,૦૦૦ થી વધુ રનિંગ સ્ટાફ (ગાર્ડ, ડ્રાઈવર અને સહાયક ડ્રાઈવર)
- ૩ લાખથી વધુ યાત્રાળુઓને તબીબી સહાયતા આપવામાં આવી

**વિશેષ વ્યવસ્થા**

- મહત્વના સ્ટેશનો પર ૨૦ એકર વિસ્તારમાં પૂરતી હોલ્ડિંગ જગ્યા
- મુસાફરોની અવરજવર નિયંત્રિત કરવા માટે નિશ્ચિત બેરિકેડિંગ, અલગ માર્ગો અને સાઈનબોર્ડ
- ૨૪૮૭ રેલવે કર્મચારીઓની તૈનાતીઃ પીક સમયમાં વધુ કર્મચારીઓ
- ભીડ નિયંત્રિત કરવા માટે સ્કાઉટ/ગાઇડની મદદ
- મુખ્ય સચિવ, ડીજીપી, જિલ્લા કલેક્ટર, એસપી, મેજિસ્ટ્રેટ અને પોલીસ સ્ટેશન સાથે સંકલન

**કેંદ્રિત વ્યવસ્થાઓ**

- વ્હોટ્સએપ ગ્રુપ દ્વારા રાજ્ય સરકાર સાથે બહેતર સંકલન અને ભીડ પર નજર
- વધારાની ટિકિટ વ્યવસ્થાઃ હોલ્ડિંગ વિસ્તારમાં વધારાની ટિકિટ વિંડોઝ (પોર્ટેબલ યુટીએસ કાઉન્ટર)
- પીએ સિસ્ટમ અને મેગાફોન દ્વારા સ્ટેશન વિસ્તારમાં નિયમિત મેન્યુઅલ જાહેરાત
- જરૂરિયાત મુજબ ભીડ નિયંત્રિત કરવા માટે વિશેષ મેળા ટ્રેનો
- વધારાનો સ્ટોપઃ ભારે ભીડને હેન્ડલ કરવા માટે સામાન્ય ટ્રેનોમાં વધારાના રોકાણ
- ૫ સ્તરીય સંકલનઃ પ્લેટફોર્મ - સ્ટેશન - ડિવિઝન - ઝોનલ - રેલવે બોર્ડ વૉર રૂમ
- પ્લેટફોર્મ, એફઓબી, પ્રવેશ/બહાર નીકળી, હોલ્ડિંગ વિસ્તારોમાં ભીડ પર સીસીટીવી દેખરેખ
- પૂછપરછ કાઉન્ટર અને હોલ્ડિંગ વિસ્તારમાં કેન્દ્રિય સહાય ડેસ્ક

**તબીબી સુવિધાઓ**

- સર્ક્યુલેટિંગ વિસ્તારમાં ભોજન અને પાણીની વધારાની સુવિધાઓ
- સિવિલ/જિલ્લા પ્રશાસન દ્વારા એમ્બ્યુલન્સ, ફાયર બ્રિગેડ અને મોબાઈલ ટોઈલેટ્સ
- મુસાફરો માટે સરળ અવરજવર માટે પાર્સલ પરિવહન પર નિયંત્રણ
- અન્ય ડિવિઝનના કર્મચારીઓની એપ આધારિત નિયુક્તિ અને આરામ વ્યવસ્થા
- રેક, કોચ અને લૉકોની દેખરેખ
- વારાણસી-પ્રયાગરાજ સેક્શનમાં ૩૪ કિમી ટ્રેક લિંકિંગ માટે શ્રમશક્તિ અને હિતધારકોની સહાય

---

### વિશ્વકર્મા મંદિરે અમાવાસ્યા આરતી ટાણે જીતેલ ઉમેદવાર આવતા પંચાલ સમાજ દ્વારા સ્વાગત કરાયું

# ઝાલોદ નગરપાલિકા સંદર્ભે ભાજપની સેન્સ પ્રક્રિયા પૂર્ણ થતાં જીતેલ સભ્યો નગરમાં જોવા મળ્યા



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૮ ।

ઝાલોદ નગરપાલિકાની ચૂંટણી પૂર્ણ થતાં મોટા ભાગના જીતેલા સભ્યો ભૂગર્ભમાં ઉતરી ગયેલ હતા તે પૈકી ભાજપ સહુથી વધુ શીટ ૧૭ બહુમતી થી જીતેલ હતું તેથી નગરપાલિકામા સત્તા રચવા દાવેદાર બન્યું હતું. સત્તા રચવા માટે તેમજ નગરપાલિકાનુ સુકાન સંભાળવા માટે ભાજપ દ્વારા ૨૭-૦૨-૨૦૨૫ ના રોજ દાહોદ કમલમ મુકામે સેન્સ પ્રક્રિયા જીતેલ ઉમેદવારોનો વન ટુ વન સાંભળી સહુ સભ્યો તેમજ નગરના ભાજપના હોદ્દેદારો સાથે ચર્ચા વિચારણા કરી અભિપ્રાય લેવામાં આવેલ હતા.

ભાજપની સેન્સ પ્રક્રિયા પૂર્ણ થતાં નગર પાલિકા ચૂંટણી લડેલ સભ્યો ભૂગર્ભમાં ઉતરી ગયેલ હતા તેઓ સહુ નગરમાં જોવા મળ્યા હતા અંદાજીત દસ દિવસ સુધી ભૂગર્ભમાંથી બહાર આવતા નગરમાં ચૂંટણી જીતેલ સભ્યોને મળી રાજકીય ચર્ચાઓ કરવા લાગ્યા હતા પરંતુ સ્પષ્ટ રીતે પોતાનો સ્પષ્ટ અભિપ્રાય આપતા ન હતા. વોર્ડ નંબર ચારના જીતેલ ઉમેદવાર દિનેશ પંચાલ જીત પછી પહેલી વખત નગરમાં આવતા અને પહેલી વખત ઝાલોદ શહેર પ્રમુખનું બનેલ મયુર પંચાલનુ સ્વાગત પંચાલ સમાજ દ્વારા તેમને ફુલ માળા પહેરાવી અભિવાદન કરવામાં આવ્યું હતું.

અમુક ઉમેદવારો તેમજ નગરના ભાજપના કાર્યકર્તાઓ સાથે પ્રમુખ, ઉપપ્રમુખ તેમજ કારોબારી પ્રમુખ કોણ બનશે તે અંગે વાતચીત કરતાં તેઓ સ્પષ્ટ જણાવતા ન હતા પરંતુ નગરમાં ચાલતી ચર્ચાઓ મુજબ પ્રમુખ તરીકે ભાવનાબેન મૂકેશકુમાર ડામોર, ઉપપ્રમુખ તરીકે રાજેશ ભાભોર તેમજ કારોબારી પ્રમુખ તરીકે કેતન પટેલ બની શકે છે. આ ફક્ત જાણવા મળેલ વાત છે આ અંગે સ્પષ્ટ ચિત્ર પાંચ માર્ચના રોજ જાણવા મળશે.

---

# મુખ્યમંત્રીશ્રીના હસ્તે સિંગલ ક્લિકથી રાજ્યના ૧૩ લાખથી વધુ વિદ્યાર્થીઓને રૂ. ૩૧૩ કરોડથી વધુની DBT દ્વારા સહાય મળી

## નમો લક્ષ્મી યોજનામાં ૧૦.૭૦ લાખ કન્યા છાત્રાઓને રૂ.૨૦૩ કરોડ મળ્યા

। (માહિતી) ગાંધીનગર, તા.૨૮ ।

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યની શાળાઓના ૧૩ લાખથી વધુ વિદ્યાર્થીઓને કુલ રૂ. ૩૧૩ કરોડની સહાય નમો લક્ષ્મી યોજના, નમો સરસ્વતી વિજ્ઞાન સાધના યોજના, મુખ્યમંત્રી જ્ઞાન સાધના મેરીટ સ્કોલરશીપ યોજના અને મુખ્યમંત્રી જ્ઞાનસેતુ મેરીટ સ્કોલરશીપ યોજના અન્વયેની રકમ સિંગલ ક્લિક દ્વારા DBT થી વિદ્યાર્થીઓના ખાતામાં જમા કરાવી હતી.

મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વમાં રાજ્ય સરકાર યોજનાઓના લાભ સંબંધિત લાભાર્થીઓને સરળતાથી પહોંચે તેવો ટ્રાન્સપરેન્ટ, સ્પીડી અને ટેકનોલોજી યુક્ત ગવર્નન્સનો અભિગમ અપનાવ્યો છે. તદઅનુસાર મુખ્યમંત્રીશ્રીએ શિક્ષણ મંત્રી શ્રી ડૉ.કુબેરભાઈ ડિંડોર અને શિક્ષણ રાજ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાની ઉપસ્થિતિમાં ગાંધીનગરથી વિડીયો કોન્ફરન્સ દ્વારા આ સહાય અર્પણ કરી હતી.

નમો લક્ષ્મી યોજના

મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શનમાં નમો લક્ષ્મી યોજના રાજ્ય સરકારે ધો.૯થી ૧૨માં અભ્યાસ કરતી કન્યાઓનો ડ્રોપ આઉટ રેટ ઘટે તેમજ કિશોરવયની વિદ્યાર્થિનીઓને શિક્ષણની સાથોસાથ પૂરતું પોષણ મળે અને તેઓનું સશક્તિકરણ થાય તે હેતુંથી કાર્યરત કરી છે.

આ અંતર્ગત ધો.૯-૧૦ માટે વિદ્યાર્થિની દીઠ વાર્ષિક રૂ.૧૦ હજાર તથા ધો.૧૨-૧૨ માટે વાર્ષિક રૂ.૧૫ હજારની સહાય આપવામાં આવે છે. આ યોજના અન્વયે મુખ્યમંત્રીશ્રીના હસ્તે ગુરૂવારે ૧૦.૭૦ લાખ કન્યા છાત્રાઓને રૂ.૨૦૩ કરોડ સિંગલ ક્લિક દ્વારા DBT થી સીધા ખાતામાં ચૂકવવામાં આવ્યા છે.

આ યોજના અમલી થયા પછી ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં હાજરી આપતી કન્યાઓની સંખ્યામાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે. વિદ્યા સમીક્ષા કેન્દ્રમાં વિદ્યાર્થીઓની ઓનલાઈન હાજરીના કરવામાં આવતાં મોનિટરિંગ અનુસાર જૂન-૨૦૨૪માં શૈક્ષણિક સત્ર શરૂ થયા પછીના ફક્ત ૬ મહિનામાં જ વર્ગખંડોમાં ૮૦-૧૦૦% હાજરી આપનારી કન્યાઓની સંખ્યા ૨૩%થી વધીને ૪૮% થઈ છે.

નમો સરસ્વતી વિજ્ઞાન સાધના યોજના

ધોરણ ૧૦ પાસ કર્યા પછી રાજ્યના વધુ ને વધુ વિદ્યાર્થીઓને ધોરણ ૧૧-૧૨ માટે વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરવા માટે પ્રોત્સાહન આપવાના ઉદ્દેશથી મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ રાજ્ય સરકાર દ્વારા ગત વર્ષે નમો સરસ્વતી વિજ્ઞાન સાધના યોજના લાગુ કરવામાં આવી હતી. આ યોજના હેઠળ ધો. ૧૧ અને ૧૨માં વિજ્ઞાન પ્રવાહમાં ભણતા વિદ્યાર્થીઓને બે વર્ષ દરમિયાન કુલ રૂ.૨૫ હજારની આર્થિક સહાય આપવામાં આવે છે. આ યોજનાના પણ હકારાત્મક પરિણામો જોવા મળ્યા છે.

મુખ્યમંત્રીશ્રીએ ગુરૂવારે નમો સરસ્વતી વિજ્ઞાન સાધના યોજનાનો વિજ્ઞાન પ્રવાહના ૧.૫૦ લાખ જેટલા વિદ્યાર્થીઓ – વિદ્યાર્થીનીઓને રૂ. ૫૧ કરોડની સહાય સીધી બેંક ખાતામાં ટ્રાન્સફર કરી છે.

જૂન-૨૦૨૪માં શૈક્ષણિક સત્ર શરૂ થયા પછીના ફક્ત ૬ જ મહિનામાં, એટલે કે ડિસેમ્બર ૨૦૨૪ સુધીમાં વિજ્ઞાન પ્રવાહના વર્ગખંડોમાં ૮૦થી ૧૦૦% હાજરી આપનારા વિદ્યાર્થીઓની સંખ્યા ૧૮%થી વધીને ૪૪% થઈ છે. એટલે કે, શાળાઓમાં વધુ હાજરી આપતા વિદ્યાર્થીઓની સંખ્યામાં ૨૫%નો વધારો નોંધાયો છે.

ગુજરાત સેમિકંડક્ટર, ગ્રીન એનર્જી અને ડિજિટલ સાયન્સ જેવા ક્ષેત્રોનું હબ બનવાની દિશામાં આગળ વધી રહ્યું છે, ત્યારે આ ક્ષેત્રો માટે ભવિષ્યમાં કુશળ તકનીકી કાર્યબળની મોટા પાયે માંગ ઊભી થશે. આ માટે વધુ ને વધુ વિદ્યાર્થીઓ ધો.૧૧ અને ૧૨માં વિજ્ઞાન પ્રવાહની પસંદગી કરે તે માટે નમો સરસ્વતી વિજ્ઞાન સાધના યોજના ભવિષ્યમાં કુશળ તકનીકી કાર્યબળ પૂરું પાડવામાં મહત્વનો ભાગ ભજવશે.

---

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજે જો કોઈ પારિવારિક સમસ્યા હોયતો તમારી પત્ની સાથે શૅર કરજો. એકમેક સાથે થોડોક સમય વિતાવજો જેથી તમે શોધી શકો અને તમારી જાતને ફરી ફરી યાદ દેવડાવી શકો કે તમે પ્રેમાળ દંપત્તિ છો. તમારા સંતાનો પણ ઘરમાં ખુશી, શાંતિ તથા સંવાદિતાના સ્પંદનો ઝીલી શકશે. આ બાબત તમને એકબીજા સાથેના વર્તનમાં સારી એવી સ્વયંસ્ફૂતર્તા અને આઝાદી આપશે.

**વૃષભ (બ,વ,ઉ) :**
આજના દિવસે ઘરનું ટૅન્શન તમને ગુસ્સો કરાવશે. તેને દબાવવાથી શારીરિક સમસ્યા વધશે. શારીરિક પ્રવૃત્તિ દ્વારા તેનાથી છૂટકારો મેળવો. હેચેન કરનારી પરિસ્થિતિને છોડી દેવી જ બહેતર છે. જે લોકો ની અત્યાર સુધી પગાર નથી આવી તે લોકો પૈસા માટે પરેશાન રહી શકે છે અને પોતાના મિત્રો થી ઉધાર માંગી શકે છે. ટપાલ દ્વારા આવેલો પત્ર આખા પરિવાર માટે ખુશીના સમાચાર લાવશે.

**મિથુન (ક,છ,ઘ) :**
આજના દિવસે ધ્યાન તથા યોગ આધ્યાત્મિક તથા શારીરિક લાભ માટે ઉપયોગમાં લઈ શકાય. આજે તમે પૈસા બચાવવા માટે પોતાના પરિવાર માં થી સલાહ લયી શકો છો અને તેને પોતાના જીવન માં સ્થાન પણ આપી શકો છો? તમારો વિનોદી સ્વભાવ તમને સામાજિક મેળાવડાઓમાં લોકપ્રિય બનાવશે. આજે તમને તમારા પ્રિયપાત્રની એક નવી અદભુત બાબત જોવા મળશે.

**કર્ક (ડ,હ) :**
આજે તમને કોઈ ઈજા ન થાય તે માટે બેસતી વખતે ખાસ સંભાળવું. કેમ કે બેસવાની ઢબ ન માત્ર વ્યક્તિના વ્યક્તિત્વને નીખારે છે બલ્કે સ્વાસ્થ્ય અને આત્મવિશ્વાસ વધારવામાં પણ મહત્વની ભૂમિકા ભજવે છે. સટ્ટા અથવા અણધાર્યા લાભ દ્વારા તમારી આર્થિક હાલત સુધરશે. મિત્રો સાથેની પ્રવૃત્તિઓ માણવાલાયક હશે- પણ સામે ચાલીને ખર્ચ કરવાની તૈયારી દેખાડતા નહીં.

**સિંહ (મ,ટ) :**
આજે કોઈ મુદ્દા પર અંતરાય ઊભા કરનારી તમારી લાગણીઓને અંકુશમાં રાખો. તમારી જૂનવાણી વિચારધારા-જૂના વિચારો તમારા વિકાસને અવરોધે છે-તેઓ વિકાસને ગૂંગળાવી નાખે છે તથા આગળ વધવાના માર્ગમાં બાધાઓ ઉત્પન્ન કરે છે. આજે તમારી સમક્ષ આવતી મૂડીરોકાણની નવી તકોને જાણો- પણ પ્રકલ્પના લાભ-હાનિ જાણ્યા બાદ જ તમારી જાતને નિર્ણય લેવા તૈયાર કરો.

**કન્યા (પ,ઠ,ણ) :**
આજે તમારો મજબૂત પ્રતિકાર તથા નિર્ભયતા તમારા માનસિક સાર્મથ્યમાં જબરજસ્ત વધારો કરશે. આ ગતિને જાળવી રાખો જેથી તે તમને ગમે તે પરિસ્થિતિને અંકુશમાં રાખવા નો ઉત્સાહ પૂરો પાડશે. તમારા માતા પિતા આજે તમારી ફિજૂલખર્ચી જોઈ ચિંતિત થયી શકે છે અને તમને તેમના ગુસ્સા નો ભોગ બનવો પડી શકે છે.

**તુલા (ર,ત) :**
આજના દિવસે માનસિક શાંતિ માટે તમારી જાતને કોઈ એવા કામમાં સમય વિતાવજો જેમાં તમારું મન વધારે લાગતું હોય અને જીવનમાં કઈક નવું શીખવા મળે. આજે તમારી કોઈ ચલ સંપત્તિ ચોરી હોઈ શકે છે તેથી જેટલું શક્ય હોય તેટલું આના થી બચો. જીવનસાથી તમને ખુશી આપવાનો પ્રયાસ કરશે તેનાથી તમારો દિવસ આનંદથી ભરપૂર રહેશે.

**વૃશ્ચિક (ન,ય) :**
આજે તમે જે કંઈ કરશો તેમાં-ઊર્જાથી સભર હશો-તમે દરેક કામ સામાન્યપણે લાગતા સમય કરતાં અડધા સમયમાં પાર પાડી શકશો. તમારો કોઈ જૂનો મિત્ર આજે વેપાર માં લાભ મેળવવા માટે તમને સલાહ આપી શકે છે, અને જો આ સલાહ પર તમે અમલ કરો છો તો તમને ધન લાભ જરૂર થશે. પારિવારિક ચિંતાઓને તમારૂં ધ્યાન અન્યત્ર વાળવા ન દો.

**ધન (ભ,ધ,ફ) :**
આજના દિવસે તમારો માયાળુ સ્વભાવ તમારા માટે અનેક ખુશીભરી ક્ષણો લાવશે. ઘર ની જરૂરિયાત ને લીધે તમે આજે જીવનસાથી ની જોડે કોઈ મોંઘી વસ્તુ ખરીદી કરી શકો છો જેના લીધે તમારી આર્થિક સ્થિત તંગ હોઈ શકે છે. અન્યો સાથે વાદ-વિવાદ તથા બોલાચાલી અને તેમનામાં અકારણ ભૂલો શોધવાનું ટાળો. તમારા પ્રેમ પ્રકરણ વિશે જાહેરમાં ઢંઢેરો પીટતા નહીં.

**મકર (ખ,જ) :**
આજે ઘરની કોઈ ચિંતા તમને થોડું બેચેન કરી મુકશે. મોટી યોજનાઓ તથા વિચારો ધરાવતી વ્યક્તિ તમારૂં ધ્યાન આકર્ષિત કરશે-રોકાણ કરતા પહેલા એ વ્યક્તિની વિશ્વસનિયતા તથા સત્યતા ચકાસી લેજો તમારા ઘરનું દશ્ય કેટલીક હદે અણધાર્યું રહેશે. તમે આજે પ્રેમનું પ્રદૂષણ ફેલાવશો. પ્રેમ એ ઈન્દ્રિઓની મર્યાદા બહારની બાબત છે.

**કુંભ (ગ,શ,સ) :**
આજનો દિવસ તમારી માટે બહુ ઊર્જાવાળો નથી અને તમે નાની-નાની બાબતોમાં ચીડાઈ જશો. તમારું સંચિત ધન આજે તમારા કામ આવી શકે છે પરંતુ સાથે તમને આના જવા નું દુઃખ પણ થશે. તમે તમારા સંતાન પાસેથી કોઈક પાઠ શીખવાના છો. તેમનો સૂક્ષ્મ તેજપુંજ ખૂબ જ પવિત્ર હોય છે અને તેમના આસાપાસના લોકોને તેમની નિર્દોષતા, આનંદીપણું તથા નકારાત્મકતાના અભાવ દ્વારા બદલી શકે છે.

**મીન (દ,ચ,ઝ,થ) :**
આજે વ્યાયમ દ્વારા તમે તમારા વજનને અંકુશ હેઠળ રાખી શકશો. નિવેશ કરવું ઘણી વખત ફાયદેમંદ હોય છે આ વાત તમને આજે સમજ માં આવી શકે છે કેમ કે કોઈ જુના નિવેશ થી તમને આજે લાભ થયી શકે છે. જીવનસાથી તથા સંતાનો વધારાનો પ્રેમ અને સાર-સંભાળ આપશે. ઘરમાં સમસ્યા ઊભી થઈ શકે છે-પણ તમારા નાની-નાની બાબતોમાં તમારા જીવનસાથીની ટીકા કરવાનું બંધ કરો.

# ભારતની બી ટીમ સામે જીતવું પણ પાક. માટે કઠીનઃ ગાવસ્કર

## ભારતની સી ટીમની તો ખાતરી નહીં આપું પણ બી ટીમ તો પાકિસ્તાનને ચોક્કસ હરાવી શકે છે



। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૮ ।

આઈસીસી ચેમ્પિયન્સ ટ્રોફી વન-ડે ક્રિકેટ ટુર્નામેન્ટમાં પાકિસ્તાની ટીમનો ભારત સામે શરમજનક પરાજય થયો ત્યાર બાદ મોહમ્મદ રિઝવાનની ટીમની સતત ટીકા થઈ રહી છે તેમાં હવે ભારતના મહાન ક્રિકેટર સુનીલ ગાવસ્કરે પણ તેમાં ઝુકાવ્યું છે. ગાવસ્કરનું માનવું છે કે હાલના સંજોગોમાં તો એમ લાગે છે કે ભારતની બીજા દરજ્જાની ટીમ પાકિસ્તાનને હરાવે તો નવાઈ લાગવી જોઈએ નહીં. આ ટીમ ભારતની બી ટીમ સામે પણ સંઘર્ષ કરતી જોવા મળી શકે છે.૨૦૨૩ના વન-ડે વર્લ્ડ કપની રનર્સ અપ ભારતીય ટીમે રવિવારે રમાયેલી મેચમાં વર્તમાન ચેમ્પિયન પાકિસ્તાનને છ વિકેટે હરાવ્યું હતું. આ સાથે પાકિસ્તાની ટીમ ચેમ્પિયન્સ ટ્રોફીમાંથી બહાર થઈ ગઈ છે. ગાવસ્કરે એક કાર્યક્રમમાં જણાવ્યું હતું કે મને લાગે છે કે ભારતની કોઈ બી ટીમ પણ ચોક્કસપણે પાકિસ્તાનને ટક્કર આપી શકે તેમ છે અને વર્તમાન પાકિસ્તાની ટીમ તેની સામે પણ સંઘર્ષ કરતી જોવા મળશે જ્યારે સી ટીમ વિશે હું ખાસ ખાતરી આપી શકું નહીં પરંતુ બી ટીમ તો વર્તમાન પાકિસ્તાની ટીમને જરૂર હરાવી શકે તેમ છે. ૧૯૯૬ બાદ પાકિસ્તાન પહેલી વાર પોતાના ઘરઆંગણે આઈસીસીની કોઈ ઈવેન્ટનું આયોજન કરી રહ્યું છે ત્યારે નિરાશાજનક બાબત એ છે કે ટુર્નામેન્ટના પ્રારંભિક સપ્તાહમાં જ તે ચેમ્પિયન્સ ટ્રોફીમાંથી બહાર થઈ ગયું છે. આ વખતે ન્યૂઝીલેન્ડ અને ભારત સામે તેનો પરાજય થયો હતો તો ન્યૂઝીલેન્ડની ટીમે સોમવારે બાંગ્લાદેશને હરાવીને ગ્રુપમાં બીજો ક્રમ હાંસલ કરી લીધો હતો.આમ પાકિસ્તાન અને બાંગ્લાદેશ માટે હવે કોઈ શક્યતા બાકી રહી નથી. ૨૦૧૭માં ઈંગ્લેન્ડમા યોજાયેલી આઈસીસી ચેમ્પિયન્સ ટ્રોફીમાં ભારતને હરાવીને ટાઈટલ જીત્યા બાદ ઈન્ટરનેશનલ ક્રિકેટમાં પાકિસ્તાનનું પ્રદર્શન કથળી રહ્યું છે. ૨૦૨૩માં ભારતમાં યોજાયેલા વર્લ્ડ કપ અને તે અગાઉના વર્લ્ડ કપમાં પણ પાકિસ્તાની ટીમ પાંચમા ક્રમે રહી હતી. ગાવસ્કરે ઉમેર્યુ હતું કે પાકિસ્તાનની વર્તમાન બેંચ સ્ટ્રેન્થ જોઈને પણ આશ્ચર્ય થાય છે. પાકિસ્તાન પાસે હંમેશાં નૈસર્ગિક પ્રતિભા રહી છે. નૈસર્ગિકનો અર્થ એ રીતે કે તેઓ હંમેશાં ટેકનિકલી પરફેક્ટ રહ્યા નથી પરંતુ તેમ છતાં તેના ખેલાડીઓમાં ક્રિકેટની સારી સમજ રહેતી હતી અને બેટિંગ અને બોલિંગ બંનેમાં તેમણે મહાન ક્રિકેટર આપેલા છે. ઈંઝમામનું જ ઉદાહરણ લઈએ તો તેની બેટિંગ સ્ટાઈલ જોતાં તમે કોઈ યુવાનને તેની સ્ટાઈલ અપનાવવાની ભલામણ કરી શકો નહીં પરંતુ તે જોરદાર ટેમ્પરામેન્ટ ધરાવતો બેટ્સમેન હતો.

### ન્યૂઝ બ્રિફ

### જમીનમાલિકને અનિશ્ચિત સમય માટે જમીનના ઉપયોગથી વંચિત ના રખાયઃ SC



। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૮ ।

સુપ્રીમ કોર્ટે એક કેસની સુનાવણી દરમિયાન કરતા કહ્યું હતું કે, જમીનમાલિકને અનિશ્ચિત સમય માટે જમીનના ઉપયોગથી વંચિત રાખી શકાય નહીં. જસ્ટિસ જે બી પારડીવાલા અને આર મહાદેવનની બેન્ચે બોમ્બે હાઈકોર્ટના આદેશને ફગાવી દેતા આ ટિપ્પણી કરી હતી. બેન્ચે અવલોકન કર્યુ કે, જમીન માલિકને વર્ષો સુધી જમીનના ઉપયોગથી વંચિત રાખી શકાય નહીં. એકવાર જમીન માલિક પર ચોક્કસ રીતે જમીનનો ઉપયોગ ન કરવા માટે પ્રતિબંધ લાદવામાં આવે તો ઉપરોક્ત પ્રતિબંધ અનિશ્ચિત સમય માટે રાખી શકાય નહીં. બેન્ચે કહ્યું કે છેલ્લા ૩૩ વર્ષથી વિકાસ યોજનામાં પ્લોટ અનામત રાખવાનો કોઈ અર્થ નથી. ઓથોરિટીએ માત્ર મૂળ માલિકોને જમીનનો ઉપયોગ કરવાની મંજૂરી આપી ન હતી, પરંતુ હવે ખરીદદારોને પણ જમીનનો ઉપયોગ કરવાની મંજૂરી આપવામાં આવી રહી નથી. મહારાષ્ટ્ર અધિનિયમ ૪૨/૨૦૧૫ દ્વારા સુધારા પહેલાં જમીન સંપાદન માટે નોટિસ આપવા માટે જમીન માલિકને એક વધારાનો વર્ષ અપાયો છે. સુપ્રીમે એક કેસની સુનાવણી કરી હતી, જેમાં ખાલી પ્લોટના માલિકોએ ૨.૪૭ હેક્ટરના વિકાસ માટે જમીન વિકાસ યોજના રજૂ કરી હતી.

### વર્ષના છેલ્લા મહિનામાં એશિયા કપ શરૂ થશે જે T20 ફોર્મેટમાં રમાશે




। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૮ ।

આઈસીસી ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૫માં ભારત અને પાકિસ્તાન વચ્ચે મહિનાઓ સુધી મહાજંગનું વાતાવરણ રહ્યું હતું. ૨૩ ફેબ્રુઆરીએ ફેન્સની રાહનો અંત આવ્યો અને પાકિસ્તાનને કારમી હારનો સામનો કરવો પડ્યો. હવે ચેમ્પિયન્સ ટ્રોફીમાં આ મહાજંગનો મામલો ઠંડો પડી ગયો છે. આ વર્ષે ભારત અને પાકિસ્તાન વચ્ચે વધુ મેચો યોજાવાની છે. વર્ષના છેલ્લા મહિનામાં એશિયા કપ શરૂ થશે જે T20 ફોર્મેટમાં રમાશે. જેમાં ભારત અને પાકિસ્તાન વચ્ચે શાનદાર મેચો રમાશે. ક્રિકબઝના એક રિપોર્ટ અનુસાર એશિયા કપ સપ્ટેમ્બરમાં યોજાય તેવી શક્યતા છે. આ માટે એશિયન ક્રિકેટ કાઉન્સિલ (ACC) એ અસ્થાઈ શેડ્યૂલ તૈયાર કર્યું છે. રિપોર્ટમાં જણાવવામાં આવ્યું હતું કે, ટૂર્નામેન્ટમાં કુલ ૧૯ મેચો રમાશે. જેમાં ભારત અને પાકિસ્તાન વચ્ચે એક કે બે નહીં પરંતુ ૩ મેચ રમાશે. ભારત અને પાકિસ્તાન વચ્ચે ગ્રુપ સ્ટેજમાં ટક્કર થશે. ત્યાર પછી સુપર ફોર રાઉન્ડમાં અને કદાચ ફાઈનલમાં પણ ટક્કર થઈ શકે છે.

### ડોનાલ્ડ ટ્રમ્પની મોટી જાહેરાત

## ચીન પર વધુ ૧૦ ટકા, મેક્સિકો અને કેનેડા પર ૨૫ ટકા ટેરિફ લાદ્યો

### ટ્રમ્પની ધમકીઓએ બે પડોશીઓ વચ્ચેના વેપાર સંબંધોને એટલા બદલ્યા છે કે ઉત્તર અમેરિકન મુક્ત વેપાર કરાર નિષ્ફળ જઈ શકે છે

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૨૮ ।

આ મહિનાની શરૂઆતમાં ડોનાલ્ડ ટ્રમ્પે ફક્ત ચીનથી થતી આયાત પર ૧૦ ટકા ટેરિફ લાદ્યો હતો, પરંતુ હવે આ ઉપરાંત વધુ ૧૦ ટકા ટેરિફ લાદવામાં આવશે.રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ગુરુવારે જણાવ્યું હતું કે મેક્સિકો અને કેનેડા પર ટેરિફ યોજના ૪ માર્ચથી અમલમાં આવશે. આ દેશોમાંથી આવતી વસ્તુઓ પર ૨૫ ટકા ટેરિફ લાદવામાં આવશે. આ સાથે, તેમણે ચીનને ધમકી પણ આપી અને કહ્યું કે તે જ તારીખે ચીની આયાત પર વધારાનો ૧૦ ટકા ટેરિફ લાદવામાં આવશે.



મેક્સિકો, ચીન અને કેનેડા અમેરિકાના ટોચના વેપારી ભાગીદારો છે. ત્રણેય દેશો પર એકસાથે ટેરિફ લાદવાથી અમેરિકન ગ્રાહકો માટે કિંમતો વધી શકે છે, ખાસ કરીને એવા સમયે જ્યારે ફુગાવો પહેલાથી જ વધી રહ્યો છે. "મેક્સિકો અને કેનેડાથી આપણા દેશમાં ડ્રગ્સ હજુ પણ ખૂબ જ ઊંચા અને અસ્વીકાર્ય સ્તરે આવી રહ્યું છે," ટ્રમ્પે ગુરુવારે સવારે ટ્રુથ સોશિયલ પર એક પોસ્ટમાં જણાવ્યું હતું. રાષ્ટ્રપતિએ અમેરિકાના પડોશીઓ પરના ટેરિફને ગેરકાયદેસર ઈમિગ્રેશન સાથે જોડ્યા છે.રાષ્ટ્રપતિ ટ્રમ્પે કહ્યું, "આપણે આ કટોકટીને યુનાઈટેડ સ્ટેટ્સને નુકસાન પહોંચાડવાની મંજૂરી આપી શકીએ નહીં અને તેથી જ્યાં સુધી તેને રોકવામાં નહીં આવે અથવા ગંભીર રીતે મર્યાદિત કરવામાં ન આવે ત્યાં સુધી, પ્રસ્તાવિત ટેરિફ ખરેખર ૪ માર્ચથી શરૂ થતા સમયપત્રક મુજબ અમલમાં આવશે."

### લોકોમાં ગભરાટ, કોઈ જાનહાનિ નહીં

## નેપાળમાં ૫.૫ની તીવ્રતાના ભૂકંપથી બિહાર સુધી ધરા ધ્રૂજી

### નેશનલ સેન્ટર ફોસ સિસ્મોલોજી મુજબ ભૂકંપના ઝટકા નેપાળના બાગમતી પ્રાંતમાં પણ અનુભવાયા હતા, નેપાળનું બાગમતી બિહારના મુઝફ્ફરપુરથી ૧૮૯ કિલોમીટર ઉત્તરમાં છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૮ ।

ભારતમાં સતત બીજા દિવસે ભૂકંપના આંચકા અનુભવાયા હતા. ત્રણ કલાકની અંદર ભારત, નેપાળ, પાકિસ્તાન અને તિબેટ એમ ચાર દેશમાં ભૂકંપના આંચકા અનુભવાયા હતા. ભારતમાં પટનાના લોકોને રાત્રે ૨.૩૫ કલાકે ઝટકાનો અનુભવ થયો હતો. લોકો ઘરમાંથી બહાર દોડી આવ્યા હતા. રિક્ટેર સ્કેલ પર તીવ્રતા ૫.૫ નોંધાઈ હતી. નેશનલ સેન્ટર ફોસ સિસ્મોલોજી મુજબ ભૂકંપના ઝટકા નેપાળના બાગમતી પ્રાંતમાં પણ અનુભવાયા હતા.



નેપાળનું બાગમતી બિહારના મુઝફ્ફરપુરથી ૧૮૯ કિલોમીટર ઉત્તરમાં છે. આ ભૂકંપમાં જાનમાલના નુકસાનના અહેવાલ નથી. નેપાળ જ નહીં પાકિસ્તાન અને તિબેટમાં પણ ઝટકા અનુભવાયા હતા. પાકિસ્તાનમાં પણ સવારે ૫.૧૪ મિનિટે ભૂકંપના તીવ્ર ઝટકા અનુભવાયા હતા. ઝટકાનો અનુભવ થતાં જ લોકો ઘરમાંથી બહાર દોડી આવ્યા હતા. ભૂકંપની તીવ્રતા ૪.૫ની હતી. આ પહેલા ૧૬ જાન્યુઆરીએ પણ પાકિસ્તાનમાં ભૂકંપના ઝટકા અનુભવાયા હતા. ત્યારે ભૂકંપનું કેન્દ્ર રાવલપિંડીથી આઠ કિલોમીટર દક્ષિણ પૂર્વમાં હતું. બિહાર અને નેપાળમાં ઘણી જગ્યાએ ભૂકંપના આંચકા અનુભવાયા હતા. સવારે ૨:૩૬ વાગ્યે આવેલા આ ભૂકંપની તીવ્રતા ૫.૫ હતી. આ ઉપરાંત પાકિસ્તાનમાં પણ ધરતી હચમચી ગઈ છે. ત્યાં તેની તીવ્રતા ૪.૫ માપવામાં આવી હતી.



નવી દિલ્હીમાં એક બેઠક દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ યુરોપિયન કમિશનના પ્રમુખ ઉર્સુલા વોન ડેર લેયેન સાથે મુલાકાત કરી.

### ડોનાલ્ડ ટ્રમ્પને મોટો ઝટકો

## સરકારી કર્મીઓને નોકરીથી કાઢી મૂકવાના આદેશ ઉપર કોર્ટનો સ્ટે

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૨૮ ।

રાષ્ટ્ર પ્રમુખ બન્યા બાદ ડોનાલ્ડ ટ્રમ્પ અનેક એવા નિર્ણય લઈ રહ્યા છે, જેની ખૂબ ટીકા થઈ રહી છે. ટ્રમ્પ સરકાર દ્વારા લેવામાં આવેલા નિર્ણયોને કોર્ટમાં ચેલેન્જ પણ કરવામાં આવ્યા છે. ટ્રમ્પના આવા જ એક નિર્ણય પર કોર્ટે પોતાની નારાજગી વ્યક્ત કરી છે. નોંધનીય છે કે, થોડા સમય પહેલાં ટ્રમ્પે મોટી સંખ્યામાં સરકારી વિભાગ સાથે જોડાયેલા કર્મચારીઓને બરતરફ કરવાનો આદેશ આપ્યો હતો. ઈલોન મસ્કના ડિપાર્ટમેન્ટ (DOGE) એ આ કર્મચારીઓને નોકરીમાંથી કાઢી દેવાની સલાહ આપી હતી. કર્મચારીને નોકરીમાંથી કાઢવાના આ આદેશ પર કોર્ટે પોતાની ચિંતા વ્યક્ત કરી છે. સૈન ફ્રાન્સિસ્કોના એક ફેડરલ ન્યાયાધીશે ગુરૂવારે ડોનાલ્ડ ટ્રમ્પ સરકાર દ્વારા હજારો સરકારી કર્મચારીઓની છટણીના આદેશ પર અસ્થાયી રૂપે રોક લગાવી દીધી છે. ડિસ્ટ્રિક જજ લિવિયમ એલ્સપે કહ્યું કે, આ કર્મચારીઓની છટણી ગેરકાયદે છે. અમેરિકાના OPM (ઓફિસ પર્સનલ મેનેજમેન્ટ) પાસે સરકારી એજન્સીઓના કર્મચારીઓને નોકરી પરથી હાંકી કાઢવાનો અધિકાર નથી. જણાવી દઈએ કે, યુનિયન અને બિન-લાભકારી સંગઠનોએ ટ્રમ્પ સરકારના નિર્ણયને કોર્ટમાં ચેલેન્જ કર્યો હતો. સરકાર તરફથી કોર્ટમાં કહેવામાં આવ્યું કે, OPM દ્વારા સીધી રીતે કોઈપણ એજન્સીના કર્મચારીઓને નોકરીમાંથી કાઢી મૂકવાનો આદેશ આપવામાં નથી આવ્યો.

### બેઠાડું જીવન-સ્ટ્રેસ અને અસંતુલિત આહાર મુખ્ય કારણ

## દેશમાં હાર્ટએટેકના ૫૦% દર્દી ૪૦થી ઓછી વયના

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૮ ।

ભારતમાં હાર્ટ એટેકના ૫૦ ટકાથી વધુ દર્દીઓ ૪૦ વર્ષથી ઓછી વયના છે તેવું ૨૦૨૦ અને ૨૦૨૩ વચ્ચેનો ડેટા દર્શાવે છે. કાર્ડિયાર્ક એરેસ્ટનો (હૃદય અચાનક જ બંધ થઈ વજવું) ભોગ બનનારા વ્યક્તિઓમાં ૫૦ ટકા જેટલા વ્યક્તિની વય ૪૦ વર્ષથી ઓછી હોવાનું સામે આવતા ડોકટરો અને રિસર્ચર ચિંતિત થઈ ગયા છે. બેઠાડું જીવન, તણાવ, અસંતુલિત આહાર, ધૂમ્રપાન, શરાબનું સેવન અને જેનેટિક અસર વગેરે કારણોથી આવું થઈ રહ્યું હોવાનું નિષ્ણાતોનું માનવું છે. એક નિષ્ણાંત ડોકટરે કહ્યું કે અગાઉ મોટી વયના લોકોમાં હાર્ટ એટેક આવતો હતો પણ છેલ્લા ૪-૫ વર્ષથી યુવાનોને હાર્ટ એટેક થવાનું પ્રમાણ વધી રહ્યું છે. તબીબી ક્ષેત્રની એક સંસ્થાએ પાંચ વર્ષનો અભ્યાસ કરી જણાવ્યું હતું કે કોવિડ-૧૯ રોગચાળા પછી હાર્ટ એટેકના કેસો બમણાથી વધ્યા છે અને ઈમંરજન્સી કેસોની સંખ્યા ૬૦ ટકા જેટલી વધી છે.

### વરાછામાં ૩૮ વર્ષીય યુવકે બીજા લગ્ન કર્યાના

## દસ દિવસમાં જ લૂંટેરી દુલ્હન ૨.૨૧ લાખ લઇ ફરાર થઈ ગઈ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૮ ।

૧૫ વર્ષ પૂર્વે પત્ની છોડીને જતી રહેતા વરાછાના ૩૮ વર્ષીય યુવકે દીકરીને માતાની હુંફ મળી રહે તે માટે વડોદરાની યુવતી સાથે લગ્ન કર્યા હતા. જેમાં યુવતીએ યુવક પાસેથી રોકડા ૨.૨૧ લાખ રૂપિયા લીધા હતા. લગ્નના ૧૦ દિવસમાં જ યુવતી બહાનું કરીને જતી રહી હતી. જેમાં તે પોતાની સાથે સોનાની રૂદ્રાક્ષ અને ૧૫ હજાર રોકડા પર સાથે લઈ ગઈ હતી.આ ઘટનાના પગલે ડિપ્રેશનમાં આવી ગયેલા યુવકનું હાર્ટએટેકથી મોત થયું હતું. જેમાં મૃતકના ભાઈએ ફરિયાદ આપતા વરાછા પોલીસે લૂંટેરી દુલ્હન મુસ્કાન, આરોપી રમેશ, સીમા અને મનીષ સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. મુસ્કાન પરત નહીં આવતા પ્રકાશે સીમાને ફોન કરીને મુસ્કાનને મોકલવા માટે કહેતા તેણીએ મુસ્કાનની કાકાની છોકરીને બાળકનો જન્મ થયો હોવાથી સાત દિવસ પછી આવશે બાદમાં તેની નાની મરી ગઈ છે. વગેરે બહાના કાઢવા લાગ્યા હતા.

## હવે સિદ્ધારમૈયાએ અમિત શાહ પાસેથી માંગી ગેરંટી

। (એજન્સી) બેંગલુરુ, તા.૨૮ ।

લોકસભા સીટોના સીમાંકન બાદ તમિલનાડુ, કેરળ અને કર્ણાટક સહિત દક્ષિણ ભારતના રાજ્યોમાં સીટોમાં ઘટાડો થવાની સંભાવના છે. આને લઈને રાજકારણ ગરમાયું છે અને તમિલનાડુના સીએમ એમકે સ્ટાલિને રાજ્યના તમામ પક્ષોની બેઠક બોલાવી છે. એટલું જ નહીં, હવે આ મુદ્દો જોર પકડી રહ્યો છે અને કર્ણાટકના સીએમ એમ સિદ્ધારમૈયાએ પણ આ અંગે કેન્દ્ર પાસેથી ગેરંટી માંગી છે. તેમણે ગૃહ પ્રધાન અમિત શાહના નિવેદનનો પણ જવાબ આપ્યો જેમાં તેમણે કહ્યું હતું કે તમિલનાડુ અથવા અન્ય કોઈ દક્ષિણ



રાજ્યમાં બેઠકો ઘટાડવામાં આવશે નહીં. સિદ્ધારમૈયાએ કહ્યું કે જો ૨૦૨૫ની વસ્તી ગણતરી પ્રમાણે સીમાંકન કરવામાં આવે તો દક્ષિણ ભારતના ૫ રાજ્યોની બેઠકો ઓછી થઈ જશે. અગાઉ પણ વસ્તીના હિસાબે સીમાંકન થયું છે અને જો આ વખતે પણ આ જ ફોર્મ્યુલા રહેશે તો નુકસાન થશે. તેમણે ગૃહમંત્રી અમિત શાહ પાસેથી બાંહેધરી માંગી કે સીમાંકન ૧૯૭૧ની વસ્તી ગણતરીના આધારે જ કરવામાં આવે. સિદ્ધારમૈયાએ કહ્યું, 'એ હકીકત છે કે જો વર્તમાન વસ્તીના હિસાબે સીમાંકન કરવામાં આવે તો દક્ષિણ ભારતના રાજ્યોને નુકસાન થશે. આ અન્યાયને રોકવા માટે, સીમાંકન ફક્ત ૧૯૭૧ની વસ્તી ગણતરીના ડેટા અનુસાર જ હોવું જોઈએ. તેમણે કહ્યું કે જો ગૃહમંત્રી અમિત શાહ કહે છે કે માત્ર ૧૯૭૧ના ડેટાનો ઉપયોગ કરવામાં આવશે તો માની શકાય છે કે દક્ષિણ ભારતના રાજ્યોને કોઈ નુકસાન નહીં થાય. મહત્વનું છે કે, એમકે સ્ટાલિન દ્વારા વ્યક્ત કરવામાં આવેલી ચિંતાઓનો જવાબ આપતા અમિત શાહે કહ્યું હતું કે દક્ષિણ ભારતમાં કોઈ રાજ્ય સીટો ગુમાવશે નહીં. આ મુદ્દો એમકે સ્ટાલિને ઉઠાવ્યો હતો અને હવે આંધ્રપ્રદેશ, તેલંગાણા, કેરળ અને કર્ણાટકમાં પણ તે વેગ પકડી રહ્યો છે. વાસ્તવમાં, આવા ઘણા અહેવાલો આવી રહ્યા છે જેમાં દાવો કરવામાં આવી રહ્યો છે કે યુપી અને બિહારની લોકસભા સીટો ઘણી વધારે હોઈ શકે છે. જ્યારે તમિલનાડુ, આંધ્ર, કર્ણાટક અને કેરળની બેઠકો કાં તો ઘટશે અથવા તો એટલી જ રહેશે. આ કારણે આ રાજ્યો પણ દેશની રાજનીતિમાં દક્ષિણના ઓછા પ્રતિનિધિત્વને લઈને ચિંતિત છે.

STATEMENT ABOUT OWNERSHIP AND OTHER PARTICULARS OF **'CHANNEL NINE NETWORK GUJARAT'** GUJARATI DAILY AS REQUIRED TO BE PUBLISHED UNDER RULE & OF REGISTRATION ON NEWSPAPER
**(CENTRAL RULES 1956)**
**FORM-IV (SEE RULE-B)**

1. Place of Publication : Channel Nine Network Gujarat, 315, Super Plaza, Sandesh Press Road, Vastrapur, AHMEDABAD-380 015,
2. Periodioly of its publication : Daily
3. No. of Page : 8
4. Price : 2:00
5. Printer's Name : PATEL SURESH RAMANLAL
   Whether Citizen on india : YES
   Address : 315, Super Plaza, Sandesh Press Road, Vastrapur, AHMEDABAD-380 015,
6. Publisher's Name : PATEL SURESH RAMANLAL
   Whether Citizen on india : YES
   Address : 315, Super Plaza, Sandesh Press Road, Vastrapur, AHMEDABAD-380 015,
7. Editor's Name : PATEL SURESH RAMANLAL
   Whether Citizen on india : YES
   Address : 315, Super Plaza, Sandesh Press Road, Vastrapur, AHMEDABAD-380 015,
8. Name and address of individuals who own the Newspaper and partners OR Share Holders Holding More than one parcent : PATEL SURESH RAMANLAL, 315, Super Plaza, Sandesh Press Road, Vastrapur, AHMEDABAD-380 015,

I **PATEL SURESH RAMANLAL** hereby declere that particulars given above are true to the best of my knowledge and belief.

Date : 01-03-2025

**PATEL SURESH RAMANLAL**
signature of publisher

## નવા વાહન પર જૂની નંબર પ્લેટ લગાવી શકાશે

। (એજન્સી) અમદાવાદ, તા.૨૮ ।

ગુજરાત રાજ્યમાં વ્હીકલ નંબર રીટેન્શન પોલિસી અમલીકરણ કરવાને લઈને વાહન વ્યવહાર વિભાગે જાહેરનામું બહાર પાડ્યું હતું. જેમાં જૂના વાહનના વેચાણ કે સ્ક્રેપમાં આપીને નવું વાહન ખરીદી કરનારને જૂના વાહનનો નંબર મેળવી શકવાની જોગવાઈ છે. જાણો કઈ રીતે નવા વાહનોમાં જૂના વાહનની નંબર પ્લેટ રાખી શકાય. વાહન વ્યવહારના પરિપત્ર મુજબ, રાજ્યમાં બે કિસ્સામાં વાહન નંબર રીટેન્શન કરી શકાશે. જેમાં જૂનું વાહન વેચવામાં આવે છે, ત્યારે જે-તે બાઈક, કાર કે અન્ય વાહનના માલિક પોતાના વાહનનો જૂનો જ નંબર નવા વાહન માટે મેળવી શકશે. જેના માટે અરજી કરીને પોતાના વાહનનો જૂના નંબર રીટેઈન કરાવી શકાશે. આ ઉપરાંત, જ્યારે વાહન સ્ક્રેપમાં જાય છે, ત્યારે નવા વાહન ખરીદનાર વ્યક્તિને પોતાનો જૂના નંબર અપાશે.

## આમોદ પાસે એક્સપ્રેસ હાઇવે પર બે કાર અને ટેમ્પા વચ્ચે અકસ્માત

। (એજન્સી) સુરેન્દ્રનગર, તા.૨૮ ।

રાજ્યમાં જેમ જેમ રસ્તાઓ સારા બનતા જાય છે, તેમ તેમ અકસ્માતોની સંખ્યામાં પણ નોંધપાત્ર વધારો થઈ રહ્યો છે. ભરૂચના આમોદ નજીક એક્સપ્રેસ હાઈવે પર ત્રિપલ માર્ગ અકસ્માતના સમાચાર સામે આવ્યા છે. આ અકસ્માતમાં ૨ લોકોના મોત થયા છે. અકસ્માતની જાણ થતાં પોલીસ સહિતનો કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો અને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. મળતી માહિતી અનુસાર આમોદ નજીક એક્સપ્રેસ હાઈવે પર ૨ કાર અને પીકઅપ ટેમ્પો સહિત કુલ ત્રણ વાહન વચ્ચે અકસ્માતની ઘટના સર્જાઇ છે. સુરેન્દ્રનગરનો પરિવાર ભરૂચ તરફ આવી રહ્યો જેમને અકસ્માત નડ્યો હોવાનું જાણવા મળ્યું છે. આ અકસ્માતમાં બે લોકોના મોત થયા છે. અકસ્માત એટલો ભયંકર હતો કે બંને વાહનોનો કુચ્ચો વળી ગયો હતો. શાકભાજી ભરેલી જઈ રહેલા ટેમ્પોનું ટાયર અચાનક ફાટતાં વાહનચાલકે સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાવ્યો હતો. આ દરમિયાન ટેમ્પો કાર સાથે અથડાઈ હતી.

# ડીસામાં ઘીના ભેળસેળીયા વેપારી પર ખોરાક અને ઔષધ નિયમન તંત્ર ત્રાટક્યું

### શ્રી નવકાર ડેરી પ્રોડક્ટસ, ડીસા, પાલનપુર ખાતેથી તંત્ર દ્વારા કરવામાં આવેલ દરોડામાં સ્થળ પરથી કૂલ ૧૧ (અગિયાર) નમૂના લેવામાં આવ્યા

। (એજન્સી) ડીસા, તા.૨૮ ।

ડીસા પાલનપુરમાં મે.શ્રી નવકાર ડેરી પ્રોડક્ટ્સ પર ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા દરોડા પાડવામાં આવ્યા હતા. જેમાં સ્થલ પરથી ૧૧ નમૂના લેવામાં આવ્યા છે. જ્યારે અંદાજે ૪,૦૦૦ કિ.ગ્રાથી વધુનો રૂ. ૧૭.૫૦ લાખની કિંમતનો જથ્થો સાહેર જનતાની સલામતી માટે જપ્ત કરવામાં આવ્યો છે, એમ ખોરાક અને ઔષધ નિયમન તંત્ર, ગુજરાત રાજ્યના કમિશનર ડૉ. એચ. જી કોશિયાએ જણાવ્યું હતું.ખોરાક અને ઔષધ નિયમન તંત્રના જણાવ્યા મુજબ ગુજરાત રાજ્યનાં નાગરિકોને સલામત અને સ્વચ્છ આહાર મળી રહે તે માટે ખોરાક અને ઔષધ નિયમન તંત્ર કટીબદ્ધ છે અને રાજ્યમાં ભેળસેળ યુક્ત કે ડુપ્લીકેટ ખોરાક બનાવનાર



ઈસમો વિરૂદ્ધ તંત્ર કડક કાયદાકીય કાર્યવાહી કરી રહ્યું છે. જેમાં ખોરાક અને ઔષધ નિયમન તંત્ર, બનાસકાંઠા દ્વારા તારીખઃ ૦૮/૦૫/૨૦૨૪ના રોજ મે. શ્રી નવકાર ડેરી પ્રોડક્ટસ, પ્લોટ નંબર-૫૧, જી.આઇ. ડી.સી., ડીસા, બનાસકાંઠા ખાતે તપાસ કરવામાં આવી હતી. જેમાં સ્થળ પર ફુડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડસ (લાયસન્સીંગ એન્ડ રજિસ્ટ્રેશન ઓફ ફુડ બિઝનેશ) રેગ્યુલેશન, ૨૦૧૧ની જોગવાઈઓનું ભંગ થતા જોવા મળ્યો હતો. જે બદલ તંત્ર દ્વારા પેઢીને કલમ -૩૨ હેઠળ ઈમ્પ્રુવમેન્ટ નોટિસ આપવામાં આવી હતી પરંતુ પેઢી દ્વારા બે વખત તક આપવા છતાં તેની પુર્તતા ન કરવામાં આવતા પેઢીનું લાઈસન્સ (લાઈસન્સ નંબર-૧૦૭૧૮૦૦૫૦૦૦૮૬૬) તારીખઃ ૦૪/૧૦/૨૦૨૪ના રોજ રદ કરવામાં આવેલ હતું. દરમિયાન તારીખઃ ૨૫/૦૨/૨૦૨૫ના રોજ તંત્ર દ્વારા પેઢીની આકસ્મિક તપાસ કરતા પેઢીનું લાઈસન્સ રદ કરી દીધુ હોવા છતાં ઘી નું ઉત્પાદન કરતી માલૂમ પડેલ. આથી, પેઢીના તપાસ કરતા અને પેઢી ના જવાબદાર સંજયકુમાર બાબુલાલ મહેસુરીયાની પૂછપરછ કરતા ઘી માં સોયાબીન અને ઈન્ટર એસ્ટરીફાઈડ વેજીટેબલ ફેટની ભેળસેળ ની શંકા જતા તંત્ર કાયદા હેઠળ ની કાર્યવાહી કરતા સંજયકુમાર બાબુલાલ મહેસુરીયાની હાજરીમાં ઘી ની અલગ -અલગ બ્રાંડ અને વજનના કુલ ૧૧ (અગિયાર) નમુના લેવામાં આવ્યા હતા. ઉક્ત ઘી નો જથ્થો રાત્રે બનાવી તેને તહેવારો દરમ્યાન રાજસ્થાન વેચવા માટે જવાનો હતો જે તંત્રની ટીમ દ્વારા જાહેર આરોગ્ય નાં હિતમાં સ્થળ ઉપર કાયદા મુજબ જપ્ત કરવામાં આવેલ છે, જેની અંદાજીત કિંમત આશરે રૂ. ૧૭.૫૦ લાખ અને વજન આશરે ૪૦૦૦ કિગ્રા થવા જાય છે. લીધેલ તમામ ૧૧ (અગિયાર) નમૂનાઓ ચકાસણી અર્થે લેબોરેટરીમાં મોકલી આપેલ છે. આ ખાદ્ય પદાર્થો પ્રાથમિક દ્રષ્ટિએ શંકાસ્પદ હોઈ તેમનો પૃથકકરણ અહેવાલ આવ્યા બાદ નિયમોનુસારની આગળની કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

## ઝાલોદ નગરપાલિકા ચૂંટણી અંતર્ગત દાહોદ કલમમ ખાતે ભાજપની સેન્સ પ્રક્રિયા યોજાઇ



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૮ ।

ઝાલોદ નગરપાલિકાની ચૂંટણી ૧૬ ફેબ્રુઆરીએ યોજાઈ હતી અને ૧૮ ફેબ્રુઆરી એ પરિણામ આવતા ૨૮ શીટ પૈકી ભાજપના ૧૭ ઉમેદવારોની જીત થતાં ભાજપ ને પૂર્ણ બહુમત મળેલ હતું. ૧૮ ફેબ્રુઆરી એ પરિણામ આવતા જીતેલા સભ્યો તેમજ અપક્ષો ભૂગર્ભ પોતાના સમર્થકો સાથે ઉતરી ગયેલ હતા.

આજે ૧૦ દિવસથી ચૂંટણી જીતેલ ભાજપના તેમજ અપક્ષના સભ્યો નગરમાં જોવા મળતા નથી તેથી નગરમાં કેટલીય જાતની અફવાઓ એ જોર પકડેલ છે. ભાજપ માં અલગ અલગ બે ભાગમા સમર્થકો વહેંચાઈ ગયેલ હોવાનું પણ લોકમુખે ચર્ચાઈ રહેલ હતું.

હવે આજરોજ ૨૭ ફેબ્રુઆરી એ દાહોદ કમલમ ખાતે નગર પાલિકાની ચૂંટણી જીતેલ સભ્યો તેમજ દાહોદ જિલ્લા ભાજપના તમામ નેતાઓની વચ્ચે ભાજપ ની સેન્સ પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી આ સેન્સ પ્રક્રિયા બહારથી આવેલ નિરીક્ષકો દ્વારા લેવામાં આવી હતી.

જેમાં સુરતના એક્સ. મેયર હેમાલીબેન તેમજ યુવા મોરચાના ઈશાન સોની દ્વારા સેન્સ પ્રક્રિયા લેવામાં આવી હતી. મળતી માહિતી મુજબ ઝાલોદ નગરપાલિકાના નવા પ્રમુખ તરીકે ભાવનાબેન મૂકેશભાઈ ડામોર બની શકે છે. આ ફક્ત જાણવા મળેલ નામો પૈકીનું એક નામ છે જે મોખરે ચર્ચાઈ રહેલ છે. સાચી હકીકત શું છે તે હજુ પૂર્ણ રીતે બહાર આવ્યું નથી.

### ઝાલોદની વિવિધ સ્કૂલો ખાતે એચ.એસ.સી પરીક્ષા આપવા માટે વિદ્યાર્થીઓ હર્ષોલ્લાસ સાથે આવ્યા

## દાહોદ જિલ્લાના ઝાલોદ બી એમ હાઈસ્કુલનાં નવનિયુક્ત આચાર્ય શ્રીમતી વાય એમ પંચાલએ વિદ્યાર્થીઓને શુભેચ્છાઓ પાઠવી હતી



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૮ ।

ઝાલોદ બી એમ હાઈસ્કુલ નાં નવનિયુક્ત આચાર્ય અને પી વી પટેલ ગર્લ્સ હાઈસ્કૂલના સ્થળ સંચાલક શ્રીમતી વાય એમ પંચાલ એ વિદ્યાર્થીઓને પરીક્ષા કેન્દ્રમાં ફૂલો આપી સ્વાગત કરવામાં આવ્યું

આજરોજ ૨૮-૦૨-૨૦૨૫ ના રોજ એચ. એસ.સી ની પરીક્ષાનો આરંભ થયેલ હતો. આજે વિદ્યાર્થીઓનું પ્રથમ પેપર હોવાથી વિદ્યાર્થીઓના વાલી પણ તેમનો ઉત્સાહ વધારવા સાથે આવેલ હતા. ઝાલોદ તાલુકાના બાળકોને શાળાઓમાં તિલક કરી ફૂલ આપી તેમજ મોઢું મીઠું કરાવી વિદ્યાર્થીઓને આવકારવામા આવ્યા હતા. સાથે સાથે વિદ્યાર્થીઓ ભૂલ થી પણ ચોરી કરવાના ઈરાદે કોઈ સાહિત્ય સાથે લાવેલ હોય તો તે માટે કાપલી પેટી મુકવામાં આવી હતી જેથી વિદ્યાર્થીઓ તેમાં નાખી દે. આજની ધોરણ ૧૨ની સામન્ય પ્રવાહની એચ.એસ.સી પરીક્ષામાં ઝાલોદ તાલુકાના કુલ ૫ કેન્દ્રો, ૫ બિલ્ડિંગમાં પરીક્ષા યોજાનાર છે. જે અંતર્ગત ઝાલોદમાં -૨ ,લીમડી-૨, કારઠ-૧ આમ કુલ ૫ જેટલી બિલ્ડીંગમાં પરીક્ષા યોજાનાર છે. ઝાલોદ તાલુકાનાં અંદાજીત ૧૧૫૧ વિદ્યાર્થીઓ પરીક્ષા આપનાર છે.

તે અંતર્ગત આજરોજ તત્વજ્ઞાન ના પેપર માટે કુલ ૧૧૫૧ વિદ્યાર્થીઓ પરીક્ષા આપનાર હતા ત્યારે ઝાલોદ તાલુકાના ફાળવવામાં આવેલ પરીક્ષા કુલ બ્લોકો ૪૨ બ્લોકમા અંદાજીત ૪૮ જેટલા શિક્ષકો હાજર રહેનાર છે તે સાથે વિદ્યાર્થીઓના સ્વાસ્થ્યની જાળવણી માટે મેડીકલ સ્ટાફ તેમજ કાયદાકીય પરિસ્થિતિ જાળવવા માટે પોલિસ સ્ટાફની પણ વ્યવસ્થા કરવામાં આવેલ છે. પરીક્ષાના તમામ કેન્દ્રો પર સુપરવાઈઝરની ત્રીજી આંખ સામાન સી.સીટી.વી કેમેરા પણ લગાડવામાં આવેલ છે જેથી પરીક્ષા દરમ્યાન કોઈ ગેરરીતિ ના આચરાય.

## બનાસકાંઠાના દાંતીવાડા ડેમ નજીક પ્રેમી-પંખીડાનો આપઘાત

। (એજન્સી) બનાસકાઠા, તા.૨૮ ।

બનાસકાઠાની સરહદે આવેલા માઉન્ટ આબુમાં ગુજરાતી પ્રેમી પંખીડાએ આપઘાત કર્યો હતો. હજુ આ ઘટનાને ૨૪ કલાક પણ પુરા થયા નથી ત્યાં તો બનાસકાંઠાના દાંતીવાડા ડેમ પાસે એક યુવક-યુવતીની લાશ મળી આવી છે. આ ઘટનાની જાણ થતાં પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. પોલીસે બંનેના મૃતદેહને નીચે ઉતારી પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર દાંતીવાડા ડેમ પાસે રામનગર-રણાવાસ નેળિયા માર્ગ પર એક યુવક-યુવતીની લાશ મળી આવી છે. સ્થાનિકો લોકોએ ઝાડ પર લટકતી લાશ જોતાં પોલીસને જાણ કરી હતી. ઘટનાની જાણ થતાં પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. પ્રાથમિક તબક્કે અનુમાન લગાવવામાં આવ્યું છે કે આ પ્રેમી-પંખીડા હોઈ શકે છે અને આપઘાત કર્યો છે.

પોલીસે ઘટનાસ્થળે પહોંચી બંનેના મૃતદેહોને ઝાડ પરથી નીચે ઉતારી પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલ ખાતે ખસેડ્યા હતા. પોલીસે યુવક-યુવતીની ઓળખ માટે તપાસ ધમધમાટ શરૂ કર્યો છે. આપઘાત છે કે હત્યા તે દિશામાં પોલીસ તપાસ કરી રહી છે.

# ગેરકાયદે ખનન કેસો અંગે બલવંતસિંહ રાજપૂતે આપી વિગતવાર માહિતી

### છેલ્લાં બે વર્ષ દરમિયાન વિવિધ માધ્યમોથી મળેલી ફરિયાદો અન્વયે કુલ ૧૯૭ કેસ કરવામાં આવ્યા

। (એજન્સી) ગાંધીનગર, તા.૨૮ ।

સુરેન્દ્રનગર જિલ્લામાં આવેલી કાર્બોસેલની ખાણોમાં ગેરકાયદે ખનન અને તે અંગે કરવામાં આવેલી કાર્યવાહી અંગે વિધાનસભા ગૃહમાં ઉદ્યોગ મંત્રી બલવંતસિંહ રાજપૂતે વિગતો આપતાં જણાવ્યું હતું કે જિલ્લામાં તપાસ ટીમો દ્વારા તા. ૩૧ ડિસેમ્બર, ૨૦૨૪ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષ દરમિયાન વિવિધ માધ્યમોથી મળેલી ફરિયાદો અન્વયે કુલ ૧૯૭ કેસ કરવામાં આવ્યા છે. જે પૈકી ૧૬૫ કેસમાં રૂ.૨૮૮.૯૬ લાખની વસૂલાત કરવામાં આવી છે. જ્યારે ૧૦ કેસમાં કુલ ૩૩ લોકો સામે પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવી છે તેમજ ૨૨ કેસમાં ૫૯ લોકો સામે રૂ.૧૫૯.૬૭ લાખની કોર્ટ ફરિયાદ દાખલ કરવામાં આવી છે. મંત્રીએ જણાવ્યું કે, વિવિધ માધ્યમો દ્વારા આ અંગે જ્યારે પણ ફરિયાદો કે અન્ય માહિતી મળે, ત્યારે નિયમોનુસારની કાર્યવાહી કરવામાં આવે છે. જે અંતર્ગત છેલ્લાં બે વર્ષમાં સુરેન્દ્રનગર જિલ્લાના થાનગઢ, મુળી, સાયલા અને ચોટીલા તાલુકામાં સુરેન્દ્રનગર ભૂસ્તરશાસ્ત્રીની કચેરી અને ફલાઈંગ સ્ક્વૉડ તથા ગાંધીનગરની ટીમોએ સાથે મળીને વખતોવખત મુળી, સાયલા અને થાનગઢ તાલુકાઓમાં થતી કાર્બોસેલ ખનીજની ચોરી અન્વયે કામગીરી કરવામાં આવી છે.

આ કાર્યવાહી અંતર્ગત વર્ષ ૨૦૨૩માં વિવિધ મશીનરી સીઝ કરીને ૩૮૨ જેટલા જુદા-જુદા પ્રાઈવેટ સરવે નંબરોમાં સર્વેયરો દ્વારા ગામોના રેવન્યૂ તલાટી અને સર્કલ ઑફિસરોને સાથે રાખી ૮૩૫ જેટલા ઊંડા ઉતારેલા કૂવાઓની માપણી અંગેની કામગીરી કરવામાં આવી છે. જેના આધારે થાનગઢ, મુળી અને સાયલા તાલુકાના ખાનગી જમીન માલિકોને વિવિધ ૧૫૯ કેસોમાં કુલ રૂ.૩૨૨૦.૭૦ લાખની કારણદર્શક નોટિસ પાઠવવામાં આવી છે.

### અમદાવાદ સેશન્સ કોર્ટનો ચુકાદો

## સ્વાધ્યાય પરિવારના પંકજ ત્રિવેદીની હત્યા કેસમાં ૧૦ આરોપીને આજીવન કેદની સજા

। (એજન્સી) અમદાવાદ, તા.૨૮ ।

સ્વાધ્યાય પરિવારના કરોડોના કૌભાંડ અને જયશ્રી તલવરકર(જયશ્રી દીદી)ની રીતરસમો સામે જંગે ચઢેલા દ્વઈં પંકજ ત્રિવેદી હત્યા કેસમાં અમદાવાદ સેશન્સ કોર્ટે ચુકાદો આપ્યો છે.

૧૯ વર્ષ પહેલાં ૧૫ જૂન ૨૦૦૬ના રોજ અમદાવાદમાં સ્વાધ્યાય પરિવારના પંકજ ત્રિવેદીની થયેલી હત્યા મામલે કોર્ટે ૧૦ આરોપીઓને આજીવન કેદની સજા ફટકારી છે.

પંકજ ત્રિવેદીની હત્યા કેસમાં કોર્ટે ૧૦ આરોપીને દોષિત ઠેરવ્યા બાદ હવે સજા ફટકારી છે. જેમાં ચંદ્રસિંહ જાડેજા, હિતેશસિંહ ચુડાસમા, દક્ષેશ શાહ, ભુપતસિંહ જાડેજા, માનસિંહ વાઢેર, ઘનશ્યામસિંહ ચુડાસમા, ભરતભાઈ તટે, ભરતસિંહ જાડેજા, ચંદ્રકાંત ડાકી અને જશુભાઈ જાડેજાને આજીવન કેદની સજા ફટકારવામાં આવી છે.

પંકજ ત્રિવેદીએ સ્વાધ્યાય પરિવારના જયશ્રી દીદી વિરુદ્ધ અનેક ગંભીર આરોપ લગાવ્યા હતા હતા. ત્રિવેદીએ સ્વાધ્યાય પરિવારના જયશ્રી દીદીના ભ્રષ્ટાચારનો ખુલાસો કરવાનો દાવો કર્યો હતો. જે બાદ પંકજ ત્રિવેદીને અનેકવાર મારી નાંખવાની ધમકીઓ પણ મળી હતી. તેમ છતાં પંકજ ત્રિવેદીએ ભ્રષ્ટાચારના જુદા જુદા દાવા કર્યા અને વર્ષ ૨૦૦૬માં ૧૫ જૂને એલિસબ્રિજ જિમખાના નજીક પંકજ ત્રિવેદીને બેઝ બોલના બેટના ફટકા મારીને મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યા હતા.

### યાત્રિકોની સુરક્ષા અને સલામતીને લઈ તંત્ર દ્વારા નિર્ણય

## ગબ્બર પર રોપ-વે સુવિધા ૬ દિવસ માટે રહેશે બંધ

### રોપ-વેની મેન્ટનેન્સ પ્રક્રિયા પરિપૂર્ણ થયા બાદ સેવા ફરી શરૂ કરવામાં આવશે

। (એજન્સી) અંબાજી,તા.૨૮ ।

અંબાજી ગબ્બર પર રોપ-વેની તારીખ ૦૩/૦૩/૨૦૨૫થી ૦૮/૦૩/૨૦૨૫ સુધી સુવિધા ૬ દિવસ માટે બંધ રાખવામા આવશે. વાર્ષિક મેન્ટનેન્સની કામગીરીને લઈ રોપ-વે સેવા બંધ રહેશે. અંબાજી ગબ્બર પર રોપ-વેની સુવિધા ૬ દિવસ માટે બંધ રહેશે. વાર્ષિક મેન્ટનેન્સની કામગીરીને લઈ રોપ-વે સેવા બંધ રહેશે. તારીખ ૦૩/૦૩/૨૦૨૫થી ૦૮/૦૩/૨૦૨૫ સુધી રોપ-વે રહેશે બંધ. યાત્રિકોની સુરક્ષા અને સલામતીને લઈ તંત્ર દ્વારા નિર્ણય લેવામાં આવ્યો છે. ભક્તો પગથિયા ચઢીને ગબ્બર પર્વત પર માતાજીના દર્શન કરી શકે છે. રોપ-વેની મેન્ટનેન્સ પ્રક્રિયા પરિપૂર્ણ થયા બાદ સેવા ફરી શરૂ કરવામાં આવશે. અંબાજી ખાતે ગબ્બર પર્વત પર બિરાજમાન માતાજીના દર્શનાર્થે આવતા યાત્રિકો માટે મહત્વના સમાચાર છે. ગબ્બર પર્વત પર માતાજીના દર્શન માટે રોપ-વેની સુવિધા ૬ દિવસ માટે બંધ રહેશે. રોપ-વેની વાર્ષિક જાળવણી અને સુરક્ષા તપાસને ધ્યાનમાં



રાખીને આ નિર્ણય લેવામાં આવ્યો છે. યાત્રિકોની સુરક્ષા અને સલામતીને ધ્યાનમાં રાખીને તંત્ર દ્વારા આ નિર્ણય લેવામાં આવ્યો છે. રોપ-વેની મેન્ટેનન્સ પ્રક્રિયા દરમિયાન, રોપ-વેના તમામ સાધનોની ઝીણવટભરી તપાસ કરવામાં આવશે અને જરૂરી સમારકામ કરવામાં આવશે. આ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ, રોપ-વે સેવા ફરી શરૂ કરવામાં આવશે.જે યાત્રિકો ગબ્બર પર્વત પર માતાજીના દર્શન કરવા ઈચ્છે છે, તેઓ પગથિયાં ચઢીને જઈ શકે છે. યાત્રિકોની સુવિધા માટે પગથિયાં પર પીવાના પાણી અને આરામ કરવાની વ્યવસ્થા કરવામાં આવી છે.

